Buy • Sell • Invest
In Real Estate
Buy with Confidence, Sell with Success!
TUSHAR PATEL
REAL ESTATE SALESPERSON
HOMELIFE
416-500-2905

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Visitor's To Canada
SUPERVISA INSURANCE
MORTGAGE INSURANCE
Life Insurance
Critical Illness Plan
Disability Insurance
647-403-5560
jigarkumar7@yahoo.ca
www.saachinsure.com
JIGARKUMAR V. PATEL
Life Insurance Advisor
11 YEARS IN BUSINESS

FRIDAY, 11 DECEMBER, 2020 Vol. 16, No. 49 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## દિલ્હી પાસે સિંઘુ બોર્ડર પર બેઠેલા હજારો ખેડૂતોમાં ઉગ્ર રોષ, રાજધાની જતાં માર્ગો પર ચક્કાજામ કરાશે

# કૃષિ કાયદો રદ નહીં થાય તો રેલવે ટ્રેક પર વિરોધની ચીમકી

નવી દિલ્હી : કૃષિ કાયદાને રદ કરવાની માંગ કરી રહેલા ખેડૂતોએ તેમનું આંદોલન વધુ ઉગ્ર બનાવવાનો નિર્ણય લીધો છે. ખેડૂત નેતા બૂટાસિંહે કહ્યું કે અમે ૧૦ ડિસેમ્બર સુધીનું અલ્ટીમેટમ આપ્યું હતું કે જો પીએમ અમારી વાત નહીં માને અને કાયદો રદ નહીં કરે તો અમે રેલ્વે ટ્રેકને બ્લોક કરી દઈશું.

આજની સભામાં તેવો નિર્ણય લેવામાં આવ્યો કે ભારત દેશના તમામ લોકો પાટા પર ઉતરશે, સંયુક્ત કિસાન મંચ એક તારીખ નક્કી કરશે અને જાહેરાત કરશે. વધુમાં ખેડૂત સંગઠનોએ સિંધુ બોર્ડ પર મીડિયા સમક્ષ જણાવ્યું કે, આવનારા દિવસોમાં રાજધાની દિલ્હી તરફ જતાં તમામ માર્ગો પર ચક્કાજામ કરવામાં આવશે. તેમણે કહ્યું, 'પંજાબમાં ટોલ પ્લાઝા, મોલ્સ, રિલાયન્સનાં પમ્પ, ભાજપના નેતાઓની કચેરીઓ અને ઘરો સામે હજી ધરણા ચાલુ છે. આ ઉપરાંત ૧૪ મીએ પંજાબની તમામ ડીસી કચેરીઓની બહાર ધરણા કરવામાં આવશે. વડા પ્રધાન કહે છે કે ચર્ચા ચાલુ રાખવી જોઈએ અને અમે પણ તેવું માનીએ છીએ. ભારતીય કિસાન યૂનિયન(આર)નાં બલબીર સિંહ રાજેવાલે કહ્યું કેન્દ્ર સરકારે સ્વીકાર્યું છે કે, કાયદો વ્યાપારીઓ માટે બનાવવામાં આવ્યો છે, જો કૃષિ રાજ્યનો વિષય છે તો તેમણે તે અંગે કાયદો બનાવવાનો કોઈ અધિકાર નથી.



RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

## એમએસપી પર લેખિત આશ્વાસન આપીશું, સરકાર વાતચીત માટે તૈયારઃ કૃષિમંત્રી

ગુરુવારે કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું કે, ખેડુતોના હિતમાં કાનુન બનાવવામાં આવ્યો છે. એમએસપી પર લેખિત આશ્વાસન આપવા માટે તૈયાર છીએ. ખેડુત સંગઠન સરકારના



પ્રસ્તાવ પર વિચાર કરે. તેમણે કહ્યું કે, ખેડુતો ઠંડીમાં બેસ્યા છે, તે અમારા માટે ચિંતાનો વિષય છે. સરકાર દરેક મુશ્કેલી પર વાતચીત કરવા માટે તૈયાર છે. ખેડુત જ્યારે પણ ઈચ્છે ત્યારે અમે ચર્ચા માટે તૈયાર છીએ. અમે ખેડુતોની ચિંતાઓ દૂર કરવા માટે તેમના સુચનોની રાહ જોઈએ છીએ પરંતુ તેઓ કાનુન પરત લેવા પર મક્કમ છે. કૃષિમંત્રીએ કહ્યું કે, કૃષિ બીલ ખેડુતોની આઝાદી છે. વન નેશન-વન માર્કેટથી હવે ખેડુત પોતાનો પાક ક્યાંક પણ કોઈ પણને અને કોઈ પણ કિંમતે વેચી શકે છે. હવે ખેડુત કોઈ પર નિર્ભર રહેવાને બદલે ખાદ્ય ઉત્પાદન કંપનીઓ સાથે પાર્ટનરની જેમ જોડાઈને વધારે નફો કમાઈ શકશે.

## ખેડૂત સંગઠનોના નિર્ણય

– કેન્દ્રના પ્રસ્તાવોને ફગાવી દઇએ છીએ – મુકેશ અંબાણી અને ગૌતમ અદાણીની તમામ પ્રોડક્ટનો બહિષ્કાર કરાશે – ૧૨મી ડિસેમ્બરે દિલ્હી-જયપુર હાઇવે બ્લોક કરાશે, દિલ્હીને જોડતા હાઇવે એક પછી એક બ્લોક કરાશે – ૧૨મી ડિસેમ્બરે દેશના કોઇ ટોલ પ્લાઝા પર ટેક્સ ચૂકવવામાં નહીં આવે – ૧૪મી ડિસેમ્બરે દેશવ્યાપી ધરણા યોજાશે, દરરોજ દેખાવો ચાલુ રહેશે – દેશભરમાં ભાજપના નેતાઓનો બહિષ્કાર કરાશે, તેમના નિવાસ અને કચેરીઓ સામે દેખાવો કરાશે.

## સરકારે ખેડૂતો સમક્ષ મૂકેલા સુધારા પ્રસ્તાવ

– હાલની લઘુતમ ટેકાના ભાવની સિસ્ટમ ચાલુ રહેશે તેવી લેખિત બાંયધરી અપાશે – એપીએમસીની બહાર ટ્રેડિંગ કરતા પ્રાઇવેટ ટ્રેડર્સનું રાજ્યો રજિસ્ટ્રેશન કરી શકશે – રાજ્યો એપીએમસી મંડી અને પ્રાઇવેટ મંડી પર એકસમાન ટેક્સ લાગુ કરી શકશે – કોન્ટ્રાક્ટ ફાર્મિંગના વિવાદોના ઉકેલની સત્તા સિવિલ અદાલતોને અપાશે – કોઇ ખરીદનાર ખેતીની જમીનની સામે લોન લઇ શકશે નહીં અને ખેડૂત સમક્ષ આવી શરત મૂકી શકશે નહીં – કોન્ટ્રાક્ટ ફાર્મિંગ અંગે પ્રવર્તમાન જોગવાઇ પર સરકાર વધુ સ્પષ્ટતા કરશે .

Residential
New Condos
Investments
Commercial
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

50th Anniversary Sale!
Japanese Sarees, UK Sweaters and much more at attractive prices.



• $1 each Blouse Piece • 3 for $100 Gold Print Jacquard Sarees. • 4 for $100 Gold Print Sarees. • 5 for $100 UK Sweaters. • 10 for $100 Printed Georgette Sarees.• 20 for $100 Japanese Plain Suit Pcs
and many more specials...
Biggest Sale Ever!
Just in Time for the festive season!
Uma Sarees
6270 Côte des Neiges, Montreal
514-341-1394

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Fax: 416-253-9461
Serving Greater Toronto Region

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં કોરોનાથી વધુ ૮૫ના મોતઃ ૪૪૫૦ નવા કેસ

**હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૫૩૦ દર્દીઓની હાલત અત્યંત નાજૂક : દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૭૩૦૦૦**

## • સૌથી વધુ ઓન્ટેરિયોમાં ૧૮૯૦ કેસ અને ૨૮ના મોત નોંધાયા

ટોરન્ટો : કેનેડામાં ગુરૂવારે સાંજ સુધીના વિતેલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૪૪૫૦ કેસ નોંધાવા સાથે ૮૫ દર્દી મોતને ભેટ્યા હતા. જ્યારે સમગ્ર દેશમાં સાંજની સ્થિતિએ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૭૩૦૬૬ દર્દીઓ પૈકી ૫૩૦ લોકોની હાલત અત્યંત નાજૂક હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

કેનેડામાં સરકાર અને નાગરિકોના પ્રયાસો છતાં કોરોનાનું સંક્રમણ ઝડપભેર ફેલાઈ રહ્યું છે. ગુરૂવારે વિતેલા ૨૪ કલાકમાં ઓન્ટેરિયોમાં નવા ૧૮૯૦ કેસ આવ્યા હતા. જ્યારે અહીં ૨૮ દર્દી મોતને ભેટ્યા હતા. આ ઉપરાંત હેમિલ્ટનમાં ૯૭, હોલ્ટન રિજિયનમાં ૯૬, વિઝડમ એસેક્સમાં ૭૫ તથા ઓટ્ટાવામાં ૩૩, અલ્બર્ટામાં ૧૪૬૦ અને બીસીમાં ૬૧૯ તથા ક્યુબેકમાં ૧૭૨૮ નાગરિકો કોરોનાથી સંક્રમિત હોવાની પુષ્ટિ થઈ હતી. આ સાથે જ સંક્રમિતોની કુલ સંખ્યા ૪,૩૯,૭૮૦ થઈ ગઈ હતી. જ્યારે કુલ મૃતકોની સંખ્યા ૧૩૬૮ નોંધાઈ છે. અત્યાર સુધીમાં ૩,૫૩,૬૪૬ દર્દીઓને સાજા કરવામાં આરોગ્યકર્મીઓને અને તબીબોને સફળતા મળી છે.

**માર્ચ સુધીમાં વેક્સિનના ચાર મિલીયન ડોઝ ફાઈઝર પાસેથી ખરીદાશે**

# કેનેડામાં કોવિડ વેક્સિન આવી જશે : ટ્રુડો

ઓટાવાઃ વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ કહ્યું હતું કે, ફાઈઝરની કોવિડ-૧૯ની વેક્સિનના ૨૪૯૦૦૦ જેટલા ડોઝ આ માસના અંતે કેનેડાની ધરતી પર આવી પહોંચશે. ડીલીવરીના પહેલા તબકકાનો વેક્સિનનો જથ્થો આવતા અઠવાડિયે આવશે.



હેલ્થ કેનેડા અમેરીકા સ્થિત ફાર્મા કંપની ફાઈઝર અને એમના જર્મન પાર્ટનર બાયો એન ટેક. દ્વારા તૈયાર કરાયેલી વેક્સિનને મંજુરી આપવા અમે તૈયાર છે. જેથી એનો ઉપયોગ કેનેડામાં આવનારા દિવસોમાં કરી શકાય. કેનેડાએ માર્ચ સુધીમાં વેક્સિનના ચાર મિલીયન ડોઝ ફાઈઝર પાસેથી લેવાની તૈયારી કરી લીધી છે. જે બે મિલીયન લોકોને દરેકને બે ડોઝ તરીકે આપવા માટે પુરતાં છે. ફેડરલ સરકારે ફાઈઝર પાસેથી ૨૦ મિલીયન ડોઝ ખરીદી લીધા છે અને વધુ ૫૬ મિલીયન ડોઝ ખરીદવાનો વિકલ્પ પણ રાખ્યો છે. ફાઈઝરની આ વેક્સિનને માઈનસ ૭૦ ડીગ્રી સેલ્સીયસના તાપમાનમાં રાખવી પડે છે. એટલે કંપની એનું વિતરણ પ્રાંતવાર સીધું જ કરવાની યોજના બનાવી રહી છે.

હેલ્થ કેનેડા પણ બીજા ત્રણ વેક્સિન નિર્માતાઓ સાથે સંપર્કમાં છે. જેમાની એક મોડેર્નાની છે અને એ વર્ષ ૨૦૨૧ના પહેલા કવાર્ટરમાં બે મિલીયન ડોઝની ડીલીવરી કરવા તૈયાર છે. ઓટાવામાં સોમવારે પત્રકારો સાથેની વાતચીતમાં વડાપ્રધાન ટ્રુડોએ કહ્યું હતું કે, આ વર્ષ કપરૂં રહયું છે અને આપણે હજુ કટોકટીમાંથી બહાર નથી આવી શકયા, પણ હવે વેક્સિન આવી રહી છે ત્યારે આશા જાગે છે. ઈમ્યુનાઈઝેશન વિશેની નેશનલ એડવાઈઝરી કમિટીએ ભલામણ કરી છે કે, સૌથી પહેલા ૮૦ વર્ષ કે એથી વધુ વયના નાગરિકોને અને લોંગ ટર્મ કેર હોમ્સના સ્ટાફને આ વેક્સિન અપાવી જોઈએ.

# દરેક પ્રાંત અને વિસ્તારમાં કોવિડ વેક્સિન વિતરણની યોજના તૈયાર

ટોરોન્ટો : કેનેડાની ફેડરલ સરકારે જણાવ્યું હતું કે, કેનેડીયન ઈતિહાસમાં સૌથી મોટો સામુહિક ઈમ્યુનાઈઝેશનનો પ્રયાસ આવતા અઠવાડિયાથી શરૂ થઈ જશે. કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ કહ્યું હતું કે, ઓટાવાને કોવિડ-૧૯ની વેક્સિનના ૨૪૯૦૦૦ ડોઝ મળવાની અપેક્ષા છે.

**ઓટાવાને કોવિડ-૧૯ની વેક્સિનના ૨૪૯૦૦૦ ડોઝ મળવાની અપેક્ષા**

**પ્રાંતમાં વેક્સિનના ડોઝ આપવાની પ્રાથમિકતા નક્કી કરવાની પ્રક્રિયા શરૂ**

જે ફાઈઝર અને તેના જર્મન પાર્ટનર બાયો એન ટેક. દ્વારા વિકસાવવામાં આવી છે અને એને મંજુરી આપવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. ત્યાર બાદ મોડેર્નાની વેક્સિનના કેનેડામાં ઉપયોગની પણ મંજુરી મળશે. વેક્સિનના વિતરણમાં કેનેડીયન મિલીટરીનો મહત્વનો ફાળો રહેશે. જુદા જુદા પ્રાંતો અને વિસ્તારોએ પોતાની યોજનાઓ બનાવવા માંડી છે. સેન્ટ જોનના પ્રિમીયર એન્ડ્રુ ફયુરેએ ૧૯૫૦ ડોઝ તેમને આવતા અઠવાડિયે મળે એવી અપેક્ષા રજુ કરી હતી. તેમણે સોમવારે પત્રકારો સમક્ષ કહ્યું હતું કે, આ પ્રાંતમાં આવનારા પ્રવાસીઓએ ૧૪ દિવસનું સેલ્ફ આઈસોલેશન પાળવું પડશે. આ પ્રાંતમાં સોમવારે કોઈ નવો કેસ નોંધાયો નથી, પરંતુ હાર્બર બ્રેટન હાઈ એલર્ટ પર છે. કેમ કે, ઈન્ફેકશનનો ખતરો વધુ છે. ફયુરેએ એમ પણ કહ્યું હતું કે, વેક્સિનનો બીજો જથ્થો આ મહિનાના અંતે મળે એવી અપેક્ષા છે. પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડના આરોગ્ય ખાતાના અધિકારીઓ પણ કોવિડ-૧૯ની વેક્સિનનો જથ્થો આવે કે, તરત જ એના વિતરણ માટે સજજ છે. ચીફ મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ ડો. હીથર મોરીસને કહ્યું હતુ કે, પ્રાંતે ફાઈઝરની વેક્સિનના વિતરણની યોજના બનાવી દીધી છે. જેમાં લોંગ ટાઈમ કેર હોમ્સમાં રહેનારાઓ તથા સ્ટાફને પ્રાથમિકતા અપાશે તેમજ હેલ્થ વર્કર્સ અને સ્થાનિક લોકોને વેક્સિન અપાશે. મોરીસને પહેલા જથ્થામાં ૧૯૫૦ ડોઝ મળવાની અપેક્ષા વ્યકત કરી હતી. જેને માટે કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા પણ કરવામાં આવશે.






# ઓન લાઈન પોર્ટલને કારણે પરમેનન્ટ રેસીડેન્સની ચકાસણી ઝડપી બનશે



## • આઈઆરસીસી જ ઉમેદવારનું એકાઉન્ટ બનાવશે, અરજદારની મંજૂરી બાદ જ વિગતો પોર્ટલ પર મુકાશે

ટોરોન્ટો : કેનેડા હવે પરમેનન્ટ રેસીડેન્સના સ્ટેટસની ચકાસણી વ્યકિતગત મુલાકાત વિના કરી શકે એવું નવું પોર્ટલ ધરાવે છે. જેનાથી મોટાભાગના કેસોની ચકાસણી ઝડપી બની છે.

કોરોના વાઈરસને પ્રસારને કારણે લેવાઈ રહેલા સુરક્ષાના ધોરણોના ભાગરૂપે આ નવી પદ્ધતિ અમલી બની છે. કેનેડાના ઈમિગ્રેશન મિનીસ્ટર માર્કો મેન્ડીસીનોના જણાવ્યા મુજબ નવી પ્રક્રિયાને કારણે નવા આવનારા પરમેનન્ટ રેસીડન્સની ચકાસણી સરળ બનશે.

આ નવું પોર્ટલ નવા પરમેનન્ટ રેસીડેન્ટસને તેમની અંગત જાણકારી આપવાની છૂટ આપે છે. જે ઈમિગ્રેશન રેફયુજીસ એન્ડ સીટીઝનશીપ કેનેડા (આઈઆરસીસી) સુધી પહોંચી શકે છે. નવા પરમેનન્ટ રેસીડેન્ટસ તેઓ કેનેડામાં જયાં હોય ત્યાંનું સરનામુ અને નવો ફોટોગ્રાફ પણ મોકલી શકે છે. જેથી તેમનું પીઆર કાર્ડ બની શકે અને એના આધારે તેઓ પરમેનન્ટ રેસીડેન્ટનું સ્ટેટસ મેળવી શકે છે.

આ પોર્ટલ એપ્લીકેશન સ્ટેટસ ચેકીંગ માટે નથી. કેમ કે, એ આઈઆરસીસીથી અલગ છે. જેથી અરજદારોની અંગત વિગતોની જાણકારીની ગોપનીયતા જળવાઈ રહે. દરેક વ્યકિતનો પોતાનો પ્રોફાઈલ હોવો જોઈએ. પરિવારના સભ્યોના પણ પોતાના યુઝરનેમ અને પાસવર્ડ અલગ હોવા જોઈએ.

કોઈના વતી કોઈ પ્રતિનિધિ આ પોર્ટલનો ઉપયોગ નહીં કરી શકે. આ પોર્ટલ કેનેડામાં હેડકવાર્ટર ધરાવનારી બહુરાષ્ટ્રીય કંપની ડેલોઈટીએ વિકસાવ્યું છે. જે પ્રોફેશનલ સર્વસિ પ્રોવાઈડર છે. એકવાર તમારી ઈમિગ્રેશન અરજી મંજુર થઈ જાય એટલે આઈઆરસીસી તમને આ પોર્ટલનો ઉપયોગ કરવા માંગો છો કે નહીં એ વિશે પુછશે અને પછી જ તમારી માહિતી આ પોર્ટલ પર મુકાશે. જેમાં તમારૂં ઈમેલ એડ્રેસ અને અરજીમાં સમાવિષ્ટ દરેક સભ્યના ઈમેલ એડ્રેસ હશે.

આઈઆરસીસી તમારૂ એકાઉન્ટ બનાવશે, તમે જાતે એકાઉન્ટ નહીં બનાવી શકો. તમારી મંજુરી બાદ જ તમને પોર્ટલની લીંક સાથેનો ઈમેલ મોકલશે અને તમારા યુઝરનેમ સાથે કામચલાઉ પાસવર્ડ પણ મોકલશે. ત્યારબાદ જ તમે પોર્ટલ માટેનો તમારો પાસવર્ડ બનાવી શકશો. તમે કેનેડામાં હો તો ટપાલનું સરનામુ અને તમારો ફોટો અપલોડ કરવાનો રહેશે. આઈઆરસીસી એની ચકાસણી કરી સ્વીકારે એની જાણ તમને પોર્ટલથી જ થશે. ત્યાર બાદ એક અઠવાડિયામાં પીઆર કાર્ડ મેળવી લેવાનો રહેશે. જે તમને તમારા સરનામે મોકલી દેવામાં આવશે.






# કેનેડામાં વિદેશીઓના પ્રવાસ પ્રતિબંધને ફરી લંબાવાયો

## સરહદ પરના અધિકારીઓ જ હવે વિદેશી પ્રવાસીઓને રવાના કરી દેશે, કોરોનાના વ્યાપને પ્રસરતો અટકાવવા નિર્ણય કરાયો

ઓન્ટેરિયો : કેનેડાએ આંતરરાષ્ટ્રીય પ્રવાસ પરના પ્રતિબંધને જાન્યુઆરી ૨૦૨૧ સુધી લંબાવ્યો છે. કેનેડા-અમેરીકા વચ્ચેની સરહદ પરથી કોઈ પણ વિદેશી પ્રવાસી બિનજરૂરી કારણોથી પ્રવેશ કરી નહીં શકે તેવા હેતુથી આ નિર્ણય કરાયો છે. હવેથી બોર્ડર પરના અધિકારીઓ એવા માત્ર ફરવા, મનોરંજન માટે કે ખરીદી કરવા આવનારા પ્રવાસીઓને પાછા વાળી દેશે. હાલમાં અમેરીકાથી આવનારા પ્રવાસીઓ માટેનો પ્રતિબંધ ૨૧મી ડીસેમ્બર સુધીનો હતો, એ મુદત હવે વધારીને જાન્યુઆરી સુધીની કરાશે એવા અહેવાલો પ્રગટ થયા હતા.



દરમિયાન કેનેડા પણ પોતાના આદેશોમાં સુધારા કરીને એવું માળખુ તૈયાર કરવા માંગે છે જેથી એમેચ્યોર સ્પોર્ટ ઓર્ગેનાઝેશન્સ તરફથી મળેલી આંતરરાષ્ટ્રીય સિંગલ્સની રમતોની સ્પર્ધાઓ યોજવાની મંજુરીની અરજીઓને ધ્યાને રાખી અરજદારો પાસેથી પ્રાંતિય સરકારની મંજુરીના દસ્તાવેજો માંગવામાં આવશે અને લેખિત બાયંધરી પણ આપવી પડશે. જેમાં જાહેર આરોગ્ય અને ખેલાડીઓના આરોગ્યની સલામતી માટેની યોજનાઓની વિગતો આપવી પડશે. સરકાર આ વિશેની વધુ જાણકારી કેનેડાના હેરીટેજ વિભાગની વેબ સાઈટ ઉપર મુકશે. કેટલાક લોકોને અત્યારે પ્રવાસ પ્રતિબંધોથી મુકિત આપવામાં આવી છે. ઓકટોબરથી કેનેડાએ વિદ્યાર્થીઓ અને દૂરના સગાઓ માટેની છૂટ આપી હતી. ફેડરલ સરકાર પણ કેનેડામાં યોગ્ય કારણસર આવનારાઓને છૂટ આપતી હતી. જેમકે, પરિવારના કોઈ સભ્યના જીવનની અંતિમ ક્ષણોમાં હાજરી આપવી હોય કે ગંભીર રીતે બિમાર સગાની સારવારમાં મદદરૂપ થવાનું હોય અથવા જરૂરતમંદ દર્દીને તબીબી સહાય કરવી હોય કે કોઈના અંતિમ સંસ્કારમાં ભાગ લેવો હોય.

આવા અરજદારોએ કેનેડા આવતા પહેલા કવોરન્ટાઈનની ૧૪ દિવસની મુદતને ઘટાડવા માટેની અરજી આપવાની રહેશે. અલ્બર્ટા આવનારા પ્રવાસીઓને પણ કવોરન્ટાઈનમાંથી જલદી મુકિતનો લાભ મળી શકે છે. હાલમાં માત્ર ક્રુ મેમ્બર્સ અને કોવિડ -૧૯ સામેની કાર્યવાહીમાં મદદરૂપ થવા જેમને આરોગ્ય મંત્રાલય તરફથી બોલાવવામાં આવ્યા હોય એવા હેલ્થ વર્કર્સ તથા એવા લોકો જેમને આગમનના ૩૬ કલાકમાં સારવાર જરૂરી હોય તેમને જ કવોરન્ટાઈનથી મુકિત આપવામાં આવે છે.

# કોવિડના ફેલાવા વચ્ચે કેનેડાના મોટા શહેરોના હાઉસિંગ માર્કેટમાં તેજી

ટોરોન્ટો : કોવિડ -૧૯ના કેસોમાં ભારે વધારો અને એના પગલે આવેલા નવા પ્રતિબંધો વચ્ચે ક્રુડના ભાવોમાં ઘટાડો હોવા છતાં પણ કેનેડાના હાઉસિંગ માર્કેટની તેજીને એની કોઈ અસર થઈ નથી. દેશના મહાનગરોમાં આવેલા રીયલ એસ્ટેટ બોર્ડસના અહેવાલો મુજબ નવેમ્બર માસમાં મકાનોના વેચાણમાં ભારે તેજી જોવા મળી હતી. ગ્રેટર ટોરન્ટોમાં ડીટેચ્ડ હાઉસની વેચાણ કિંમતમાં ૨૪ ટકાનો વધારો જોવા મળ્યો હતો. જે ગયા વર્ષે ૧૫.૨ ટકા જેટલો હતો. જે અંદાજે ૧.૨૦૨ મિલીયન યુએસ ડોલર જેટલો હતો એમ અહેવાલમાં જણાવાયું હતું.

ટોરન્ટો રિજિયોનલ રીયલ એસ્ટેટ બોર્ડના પ્રેસીડેન્ટ લિસા પટેલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ સ્થિતિમાં મકાન ખરીદનારાઓ લોનના વ્યાજદરના ઘટાડાનો લાભ લઈને પોતાનું મકાન ખરીદવા તૈયાર થયા છે. જમીન સાથેના મકાનના ભાવોમાં હરીફાઈ પણ વધી રહી છે. એવા ખરીદનારાઓ વધવાને કારણે ભાવ વધારાની ટકાવારી બે આંકડામાં પહોંચી રહી છે. ટોરન્ટોના કોન્ડો માર્કેટમાં ખાસ કરીને ડાઉનટાઉન વિસ્તારોમાં સરેરાશ વેચાણ કિંમતમાં ૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો એ અપવાદ ગણાય છે. જે અંદાજે ૬૦૫,૮૬૩ યુએસ ડોલર સુધી પહોંચ્યો હતો. મોન્ટ્રીયલ અને કયુબેક સીટીમાં પણ નવેમ્બરમાં મકાનોના વેચાણનો આંકડો વધ્યો હોવાનું કયુબેક પ્રોફેશનલ એસોસિયેશન ઓફ રીયલ એસ્ટેટ બ્રોકર્સ તરફથી જણાવાયું હતું.

# ૨૦૨૧માં કેનેડિયન પરિવારોનો ગ્રોસરીનો ખર્ચ વધવાનો અંદેશો

## • ચાર સભ્યોના પરિવારનું ગ્રોસરી બિલ ૧૩,૯૦૭ યુએસ ડોલરનું થઈ જશે

ઓન્ટેરિયો : કેનેડાના વાર્ષિક ફુડ પ્રાઈસ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આવનારા વર્ષ ૨૦૨૧માં સરેરાશ કેનેડિયન પરિવારે ગ્રોસરી માટેના ખર્ચમાં વધારાના ૫૬૯૫ યુએસ ડોલરનો ઉમેરો કરવો પડશે.

જેનું કારણ કોરોના મહામારી, જંગલની આગને કારણે થયેલું નુકસાન અને ગ્રાહકોની બદલાતી આદતો હોઈ શકે છે. બ્રેડ, માંસ અને શાકભાજીના ભાવોમાં વધારો થવાને કારણે સરેરાશ પરિવારના ગ્રોસરી બિલમાં આ વધારો થશે એમ મંગળવારે જાહેર થયેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. અહેવાલ મુજબ ચાર સભ્યોના પરિવારનું ગ્રોસરી બિલ ૧૩,૯૦૭ યુએસ ડોલરનું થઈ જશે.

આ વધારો અપેક્ષા બહારનો છે એમ ડેલહાઉસી યુનિર્વસીટીના પ્રોફેસર સિગલ્વીન ચાર્લેબોઈસે કહ્યું હતું.

ફુડ પ્રાઈસના વાર્ષિક રીપોર્ટની આ ૧૧મી આવૃત્તિ ડેલહાઉસી યુનિવસીટી અને યુનિવસીટી ઓફ કોલંબિયાએ બહાર પાડી હતી. આ વર્ષે એમની ટીમમાં યુનિવસીટી ઓફ સાસ્કેચવાન અને યુનિવસીટી ઓફ બ્રિટીશ કોલંબિયાનો પણ સમાવેશ કરાયો હતો. જેથી એને રાષ્ટ્રીય અવકાશ પણ મળી શકે. સંશોધકો માને છે કે, કોવિડ-૧૯ની અસર ખાદ્ય પદાર્થોના ભાવો પર આવનારા વર્ષમાં પડશે.

# કૃષિબિલનો ભડકો હજી શમતો નથી ખેડૂત આંદોલનના વિશ્વભરમાં પડઘા

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

નવા કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂત સંગઠનોએ આપેલા ભારત બંધની ખાસ કરીને દેશના ગ્રામ્ય વિસ્તારો અને બિનભાજપી શાસન હેઠળના રાજ્યોમાં વ્યાપક અસર વર્તાઈ હતી. અત્યાર સુધી ખેડૂત સંગઠનો અને સરકાર વચ્ચે ૬ તબક્કાની મંત્રણા થઈ ચૂકી છે. પરંતુ વિવાદનો ઉકેલ નીકળ્યો નથી. પંજાબ, હરિયાણા, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડથી આવેલા ખેડૂતો છેલ્લા ૧૫ દિવસથી દિલ્હીની સરહદો ઉપર જમાવડો કરીને બેઠા છે. તેઓ દિલ્હીની અંદર ધરણા કરવા માંગે છે, પરંતુ તંત્ર તેમને દિલ્હીમાં પ્રવેશ આપવા તૈયાર નથી.

કોરોનાકાળમાં પણ કૃષિ ક્ષેત્ર જ દેશની અર્થવ્યવસ્થાનો સહારો બન્યું હતુ. પરંતુ નવા કૃષિ કાયદાને લઈને ખેડૂતોએ આજે મોદી સરકાર સામે ખુલ્લેઆમ મોરચો માંડ્યો છે. સરકારનું કહેવું છે કે, નવા કાયદા લાગુ થવાથી કૃષિ ક્ષેત્રનું ભાગ્ય જ ફરી જશે. પરંતુ ખેડૂતો સરકારની કોઈ વાત સ્વીકારવા તૈયાર નથી. મંગળવારે દેશના ગૃહમંત્રી અમીત શાહ સાથે બેઠક યોજાયા બાદ બુધવારે સરકારે ખેડૂતોને લેખિતમાં પ્રસ્તાવ મોકલ્યો હતો. જેમાં સરકારે બિલ પરત ખેંચવા તો ઈન્કાર કર્યો હતો. પણ સાથે જ આ બિલમાં સંશોધન કરીને કેટલાક સુધારા કરવા સરકાર તૈયાર હોવાનું વચન અપાયું હતુ. ખેડૂતોએ સરકારના આ પ્રસ્તાવ અંગે બેઠક યોજી, પણ સરકારના આ પ્રસ્તાવથી તેઓ સમંત ન થયા. આખરે સર્વાનુમતે આ ખેડૂત સંગઠનોએ સરકારનો પ્રસ્તાવ ફગાવી દેતા વિવાદ ઠેરનો ઠેર રહી ગયો છે. જયારે ખેડૂતો આક્રમકતા સાથે લડી લેવાના મુડમાં હોવાથી સરકારની મુશ્કેલી વધવાની છે તે નિશ્ચિત છે. આગામી દિવસોમાં સાંસદો, ધારાસભ્યો, મંત્રીઓનો ઘેરાવ, ચક્કાજામ, રેલરોકો આંદોલન જેવા કાર્યક્રમોની ચીમકીની સરકારની ચિંતી વધી છે.

આમ તો આ બિલ આવ્યું ત્યારથી જ ભારતના કેટલાક રાજ્યોના ખેડૂતો દ્વારા તેનો વિરોધ થઈ રહ્યો હતો. પરંતુ ૧૫ દિવસ પહેલા પંજાબ અને હરિયાણા સહિતના વિસ્તારોમાંથી હજારો ખેડૂતોએ દિલ્હી તરફ કૂચ કરતા જ સરકાર ફફડી હતી. ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશતા તો અટકાવાયા હતા. તેથી તેઓએ રસ્તા પર અડીંગો જમાવી દીધો છે. આ ખેડૂતોને કાયદા રદ કરવાથી ઓછું કંઈ ખપે તેમ નથી.

નવા કૃષિ કાયદા વિશે સરકારનો દાવો છે કે એ ખેડૂતોના હિતમાં છે. નવા કૃષિ કાયદા દ્વારા ખેડૂતો પર લાગેલા બંધનો દૂર થશે અને તેમને ખેતપેદાશોની વધારે સારી કિંમત મેળવવામાં સરળતા રહેશે. પરંતુ ખેડૂતોનું કહેવું છે કે, આ વટહુકમો માર્કેટની વર્તમાન વ્યવસ્થા અંતર્ગત તેમને જે સંરક્ષણ હાંસલ છે એ સમાપ્ત કરી દેશે. કૃષિ વિશેષજ્ઞો દ્વારા ત્રણેય કાયદાની અસરો અંગે ખ્યાલ મેળવવાની જરૂર છે.

બીજી તરફ ધરતીપુત્રોની વાત કાને ન ધરનારી સરકારની નીતિની વિશ્વભરમાં વગોવણી થવા માંડી છે. પાટનગરમાં આંદોલન કરી રહેલાં ખેડૂતોનો અવાજ ભલે હજુ સુધી પીએમઓમાં પડઘાયો નથી, પરંતુ વિશ્વભરમાં એ અવાજની ગૂંજ સંભળાવા લાગી છે. સૌ પ્રથમ કેનેડાએ ભારતના ખેડૂતોના આંદોલનને હિંસક ન હોય, તો લોકતાંત્રિક દેશમાં આવા વિરોધ કે રજૂઆતને વાજબી લેખાવી છે. ખુદ કેનેડાના પીએમ જસ્ટીન ટ્રુડોએ કહ્યું હતુ કે, બધા જ પ્રદર્શનકારીઓ, તેમના પરિવારજનો અને મિત્રોને લઈને અમે ચિંતિત છીએ. કેનેડા હંમેશા શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનનું સમર્થન કરે છે. અમે વાટાઘાટો પર વિશ્વાસ કરીએ છીએ. ભારતના અધિકારીઓ સામે અમે ખેડૂત આંદોલન અંગે ચિંતા વ્યક્ત કરી છે. જયારે બ્રિટનના ૩૬ સાંસદોએ પત્ર લખીને બ્રિટનના વિદેશ સચિવને ભારતના ખેડૂત આંદોલન બાબતે હસ્તક્ષેપ કરવાની માગણી મૂકી હતી. સાથે જ નવો કાયદો ખેડૂતોનું શોષણ અને ઉપજનું યોગ્ય વળતર આપવા માટે સક્ષમ નથી તેવો મત રજૂ કર્યો હતો. જો કે, અઠવાડિયામાં જ બ્રિટનના શાસકોએ આ બાબતને ભારતની આંતરિક બાબત ગણાવી હતી.

આ ઉપરાંત યુએન મહાસચિવના પ્રવક્તાએ કહ્યું હતુ કે, શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાનો ખેડૂતોને અધિકાર છે. તેમને તેમના અધિકારો માટે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરતા અટકાવવા યોગ્ય નથી. સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ વતી આવેલાં પ્રવક્તાના નિવેદને દુનિયાભરના વિદેશનીતિના નિષ્ણાતોનું ધ્યાન ભારતના ખેડૂત આંદોલન તરફ ખેંચ્યું છે. વિશ્વના નેતાઓનો ભારતના ખેડૂતોની તરફેણમાં જે મત બની રહ્યો છે, એવો જ મત વિદેશી મીડિયામાં પણ બન્યો છે.

ખાસ તો હરિયાણાની સરહદે ખેડૂતોને જે રીતે અટકાવી દેવામાં આવ્યા અને જે રીતે ધરતીપુત્રો પર વોટર કેનન અને ટીઅર ગેસ છોડવાની ગુસ્તાખી પોલીસે કરી તેનાથી વિશ્વભરના મીડિયામાં મોદી સરકારની ઈમેજને ધક્કો લાગ્યો છે. અહિંસક આંદોલન માટે જઈ રહેલા ખેડૂતોને પાટનગર ન પહોંચવા દેવા માટેની જે કવાયત થઈ તે ઘટનાઓ વિદેશી મીડિયામાં ચમકી છે. ન્યૂયોર્ક ટાઈમ્સે લખ્યું હતુ કે, ભારતમાં ખેડૂતોનું પ્રદર્શન ઝડપભેર ફેલાયું છે. ખેડૂતોનો મોદીને પડકાર છે. દિલ્હીમાં પ્રદર્શન કરી રહેલા કેટલાક ખેડૂતોના ક્વોટ્સ સાથે પ્રસિદ્ધ થયેલી સ્ટોરીમાં જે કૃષિ સંશોધન બિલનો વિરોધ થઈ રહ્યો છે તે અંગે પણ સરકારને સવાલો કરાયા હતા.

બીજા અગ્રણી અમેરિકન અખબાર વૉશિંગ્ટન પોસ્ટે આ પ્રદર્શનને બળવો ગણાવતો અહેવાલ પ્રસિદ્ધ કર્યો છે. અલજઝીરાના અહેવાલમાં કહેવાયું કે 'ભારતમાં વર્ષનું સૌથી મોટું ખેડૂત આંદોલન ચાલુ થતાં પાટનગર કેમ્પમાં ફેરવાયું છે. મોદી સરકાર સામે ખેડૂતો આક્રમક મૂડમાં છે. સરકારના અકળ વલણથી સ્થિતિ બેકાબૂ થઈ રહી છે. અર્ધ લશ્કરી દળના કર્મચારીએ અહિંસક પ્રદર્શન કરી રહેલા એક વૃદ્ધ ખેડૂત ઉપર લાઠીચાર્જ કરવા હાથ ઉગામ્યો તે તસવીર સાથે બીબીસીના વર્લ્ડવાઈડ પ્લેટફોર્મ પર એક સ્ટોરી પ્રસિદ્ધ થઈ હતી, જે ખૂબ વંચાઈ હતી. બ્રિટિશ અખબાર ધ ગાર્ડિયને પણ ખેડૂત આંદોલનનો અહેવાલ આપવા સાથે સાથે ભારત સરકારે કેનેડાના રાજદૂતને સમન્સ પાઠવ્યું એ પણ લખ્યું હતું.

બ્રિટનના ડેઈલી મેઈલે ખેડૂતોની ફોટોસ્ટોરી કરીને અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો. ધ સિડની મોર્નિંગ હેરાલ્ડથી લઈને યુએસ ટુડે સુધીના અખબાર અને અગ્રણી ન્યૂઝ પોર્ટલમાં વર્લ્ડ ન્યૂઝની કેટેગરીમાં ભારતના ખેડૂતોનો અવાજ ગૂંજ્યો છે. વર્લ્ડ મીડિયાને હવે કૃષિ સંશોધન બિલમાં રસ પડયો હોવાથી તે અંગે પણ વિગતવાર અહેવાલો પ્રસિદ્ધ થવા લાગ્યા છે. બધાનો સૂર એવો ઉઠી રહ્યો છે કે જેના માટે બિલ બન્યું છે એનો જ જો વિરોધ હોય તો કેન્દ્ર સરકારે વાટાઘાટો કરીને તેનો ઉકેલ લાવવો જોઈએ. જો કે, ભારતીયં વિદેશ મંત્રાલય વિદેશી નેતાઓના નિવેદનોને વખોડીને આ આંદોલનને આંતરિક બાબત ગણાવાય છે. દેશ અને દુનિયામાં કોરોનાની રસીની રાહ જોવાઈ રહી છે ત્યારે ભારતના ખેડૂતો આવા મોટા સંકટને બાજુમાં મૂકીને સરકારને ઘેરવા મજબૂર બન્યા છે એ મુદ્દો વિચાર માંગી લે તેવો છે.

અન્ના આંદોલન વખતે મનમોહન સિંહની સરકારનું જે વલણ હતું એ જ વલણ અત્યારે ખેડૂતો મુદ્દે મોદી સરકારનું છે તેમ રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે. ત્યારે મનમોહનસિંહ જેવી જ ભૂલ મોદી સરકાર તો નથી કરી રહીને તેવા સવાલો જનમાનસમાં ઉઠવા માંડ્યા છે. ખેર, તેનો જવાબ તો સમય જ આપશે. પરંતુ ખેડૂત આંદોલન મુદ્દે સરકારે અને ખેડૂત સંગઠનોએ હકારાત્મક વલણ અપનાવીને યોગ્ય ઉકેલ લાવવો જોઈએ તે આવશ્યક બન્યું છે. કારણ કે, લાંબા આંદોલનો દેશ માટે હિતકારી નથી હોતાં અને ક્યારેક દિશા પણ ભટકી જાય છે.

મનોજ ગાંધી

manoj1968@yahoo.ca







# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 +Tax 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

ક્રિસમસ સ્પેશિયલ
ચાઈનીઝ ફૂડ મળશે

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૯૪૦, માર્ખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Quarantine Special Package**

**$50 Per Day**



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# કેનેડામાં એક ટકાથી ઓછા વ્યાજદરે મળશે મોરગેજ લોન

## ૨૦ ટકાથી ઓછુ ડાઉન પેમેન્ટ હોય તો ધિરાણકર્તાને વીમા કંપનીનું રક્ષણ મળશે અને બેંકનું જોખમ ઘટશે

ઓન્ટેરિયો : એચએસબીસીનો ૦.૯૯ ટકાનો મોરગેજ રેટ કેનેડાનો પહેલો નીચો રેટ છે પણ એને માટે તમારે મોટી લોન લેવી પડે તેવી સ્થિતિ છે. ઈતિહાસમાં પહેલીવાર એવું બની શકશે કે તમે કેનેડામાં એક ટકાથી પણ ઓછા વ્યાજદરે મોરગેજ લોન લઈ શકશો. એચબીએસસી કેનેડાએ ૦.૯૯ ટકાના પાંચ વર્ષના વેરીયેબલ રેટની કરેલી જાહેરાત કેનેડીયનો માટે લગભગ ફ્રિ મની જેવી પુરવાર થશે એમ મોરગેજ કમ્પેરીઝન સાઈટ રેટસ્પાય ડોટ કોમના સ્થાપક રોબ મેકલિસ્ટરે બ્લોગ પોસ્ટમાં લખ્યું હતું. પરંતુ એમાં એક મહત્વની શરત એ જ કે તમારૂં મોરગેજ મોટું હોવું જોઈએ. એટલે કે કુલ રકમના ૨૦ ટકાથી ઓછુ ડાઉન પેમેન્ટ હોય તો જ આ વ્યાજદરનો લાભ મળી શકે છે. એનું એક કારણ એ છે કે, આવા ધિરાણને કેનેડાની સરકાર દ્વારા સંચાલિત કેનેડા મોરગેજ એન્ડ હાઉસિંગ કોર્પોરેશન તરફથી કે અન્ય જેનવર્થ જેવી ઈન્સ્યુરન્સ કંપની તરફથી ધિરાણકર્તાને




રક્ષણ મળે છે. એટલે બેંકનું જોખમ ઘટી જાય છે. વળી બીજી પણ શરત ધ્યાનમાં રાખવા જેવી છે. જેમાં આ ઓફરમાં વેરીયેબલ રેટની સ્પષ્ટતા કરવામાં આવી છે. એટલે જો બેંક ઓફ કેનેડા પોતાના વ્યાજદરમાં વધારો કરે તો એની અસર તમારા ધિરાણના વ્યાજ દર પર પણ થઈ શકેછે. જો કે, બેંક ઓફ કેનેડાએ જ ખાનગી બેંકોને કોવિડ મહામારીને કારણે ડગમગી ગયેલા અર્થતંત્રને કારણે ઓછા વ્યાજે ધિરાણ આપવાનું સુચવ્યું હતું. જે કમસે કમ પાંચ વર્ષ માટેનું હોય તેમ છતાં આ બેંકે વેરીયેબલ રેટની શરત મુકીને પોતાની બાજુ સ્પષ્ટ કરી દીધી છે. અત્યારની સ્થિતિમાં તો પહેલા બે વર્ષ જ મુશ્કેલ છે. પછી તો ધિરાણ લેનારને પણ વ્યાજનો થોડો વધુ રેટ આપવો પડે તો વાંધો નહીં આવે એવું રોબ મેકલિસ્ટરે પોસ્ટમાં લખ્યું છે. હાલમાં બેંક ઓફ કેનેડાનો વ્યાજદર ૪.૯૭ ટકાનો છે. ગયા વર્ષથી જ મહામારીને કારણે મોરગેજ રેટમાં ઘટાડો થવાની શરૂઆત થઈ ચુકી હતી. હવે આ નવી ઓફરને કારણે કેનેડાના હાઉસિંગ માર્કેટમાં પણ મોટો ઉછાળો આવી શકે છે. જેની સીધી અસર અર્થતંત્ર પર અને બેરોજગારીના દર પર પડી શકે છે.

JOB AVAILABLE
Looking for reliable person for Electrical Supply Store in Mississauga.
Reference required.
------------- :: Please Contact :: -------------
achristie1124@yahoo.com

ADS GAS SERVICES AND INSTALLATIONS INC.
- GAS FURNACE
- Gas Line Installation Stove, BBQ, Dryer
- Fire Places
- Humidifier
- Fridge Water Line
- Dryer & Washer Installation
- Dishwasher Installations

Air condition installed start from $1800



Registered Licensed Contractor
Call: VIPUL SHAH
www.adsgas.ca
416.988.5784
Email:adsgasservice@gmail.com
WE ALSO REPAIR RESTAURANT EQUIPMENT

THANK YOU FRONTLINE WORKERS
MD MORTGAGE DILIGENT A STEP AHEAD FSRA # 10252
➲ Purchase ➲ Refinance ➲ Renewal/Switch
5 Yrs Fixed @ 1.50%* High Ratio Only
5 Yrs Variable @ 1.25%* High Ratio Only



Rakesh Patel** Vice President- Commercial.
Pranay Jani *
Nilesh Tailor *
Tushar Patel*
Bala Shah*
Vijay Rana*



Rajesh Khurana, MBA
Principal Broker
Cell : 416-616-1300
Tel.: 289 521 6900
1305 Matheson Blvd E, Mississauga ON L4W 1R1
• info@mortgagediligent.com • www.mortgagediligent.com
Rates are subject to change without notice.* FSCO#10252,OAC,E&O.E * - Mortgage Agent, ** - Vice President
* Some conditions apply

# ગુજરાતમાં ૧૨૭૦ લોકો કોરોનાથી સંક્રમિત, ૧૨ના મોત

## ૧૩૮૨૦ એક્ટિવ કેસ : ૭૨ દર્દી વેન્ટીલેટર ઉપર અને ૧૩૭૪૮ દર્દી સ્ટેબલ : કુલ મૃત્યુઆંક વધીને ૪૧૩૫ ઉપર પહોંચ્યો

અમદાવાદ : દિવાળી બાદ રાજ્યમાં કોરોનાની બીજી લહેરને કારણે સતત કેસોમાં વધારો જોવા મળી રહ્યો હતો. જે બાદ ચાર શહેરોમાં નાઈટ કરફ્યૂ સહિતની પાબંદીઓ સરકાર દ્વારા લગાવવામાં આવી હતી. હવે રાજ્યમાં ધીમે ધીમે કોરોનાનાં નવા કેસોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ગુરુવારે સાંજ સુધીના ૨૪ કલાકમાં નવા ૧૨૭૦ કેસ નોંધાયા હતા. જ્યારે ૧૨ દર્દીઓએ કોરોનાનાં કારણે જીવ ગુમાવ્યો હતો. અને ૧૪૬૫ દર્દીઓએ કોરોનાને માત આપી હતી. આમ રાજ્યમાં કોરોનાનાં કુલ કેસોનો આંક ૨,૨૪,૦૮૧ પર પહોંચી ગયો છે.

રાજ્યમાં કોરોનાનાં કુલ ૨,૦૬,૧૨૬ દર્દીઓ સાજા થયા છે. અને જેને લીધે રાજ્યનો રિકવરી રેટ હાલ ૯૧.૯૯નો છે. આજે રાજ્યમાં કુલ ૬૦,૫૪૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે. હાલ રાજ્યમાં કુલ એક્ટિવ કેસોની સંખ્યા ૧૩૮૨૦ છે. જેમાંથી ૭૨ દર્દીઓ વેન્ટિલેટર પર છે. તો ૧૩૭૪૮ દર્દીઓની હાલત સ્થિર છે. રાજ્યમાં કોરોનાનાં કુલ મોતનો આંક ૪૧૩૫ પર પહોંચ્યો છે. અને છેલ્લાં ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૭, સુરત કોર્પોરેશનમાં ૩, મહેસાણા અને વડોદરામાં ૧ દર્દીનું એમ ૧૨ લોકોનાં મોત નિપજ્યા છે. કોરોના કેસોની જિલ્લાવાર વિગત જોઈએ તો, અમદાવાદ કોર્પોરેશનમાં ૨૬૫, સુરત કોર્પોરેશન ૧૭૧, વડોદરા કોર્પોરેશન ૧૩૮, રાજકોટ કોર્પોરેશન ૮૯, મહેસાણા ૫૦, વડોદરા ૪૧, ગાંધીનગર ૩૯, પાટણ ૩૭, રાજકોટ ૩૫, પંચમહાલ ૨૮, દાહોદ ૨૫, સુરત ૨૫, જામનગર કોર્પોરેશન ૨૩, કચ્છ ૨૧, સુરેન્દ્રનગર ૨૧, ગાંધીનગર કોર્પોરેશન ૧૯, અમરેલી ૧૮, બનાસકાંઠા ૧૮, નર્મદા ૧૮, ભરૂચ ૧૭, ખેડા ૧૬, અમદાવાદ ૧૩, જામનગર ૧૨, સાબરકાંઠા ૧૨, જૂનાગઢ કોર્પોરેશન ૧૧, આણંદ ૧૦, વલસાડ ૧૦, જૂનાગઢ ૯, મહીસાગર ૯, ગીર સોમનાથ ૮, અરવલ્લી ૭, ભાવનગર ૫, દેવભૂમિ દ્વારકા ૫, તાપી ૪, બોટાદ ૩, છોટા ઉદેપુર ૨, ડાંગ ૨, પોરબંદર ૨, નવસારીમાં ૧ કેસ નોંધાયો હતો.

## રસીના સંગ્રહ માટે અમદાવાદમાં ૫૦ ILR ફ્રીઝ આવ્યા



આગામી દિવસોમાં કોરોના સામે રક્ષણ આપતી રસી આવવાની છે, જેને લઈ સરકારી તંત્રે તૈયારીનો દોર શરૂ કર્યો છે, કેન્દ્ર સરકારે મોકલેલા રસીના સંગ્રહ માટેના નવા ૫૦ આઈએલઆર ફ્રીઝ બુધવારે અમદાવાદ ખાતે આવી પહોંચ્યા હતા, અસારવા સિવિલ હોસ્પિટલ કેમ્પસના રિજિયોનલ સ્ટોરમાં આ ફ્રીઝ મૂકવામાં આવ્યા છે, તેમ રિજિયોનલ ડેપ્યુટી ડાયરેક્ટર સતીષ મકવાણાએ જણાવ્યું હતું. સૂત્રો કહે છે કે, અમદાવાદના આ રિજિયોનલ વેક્સિન કોલ્ડ સ્ટોરેજમાં ૨૦થી ૨૫ લાખ રસીના ડોઝ રાખી શકાય તેવી કેપિસિટી ઊભી કરવામાં આવી રહી છે. આ સ્ટોરેજમાંથી અમદાવાદ શહેર અને ગ્રામ્ય, આણંદ, સુરેન્દ્રનગર અને ખેડા જિલ્લામાં વેક્સિન સપ્લાય કરાશે.

સૂત્રો કહે છે કે, વેક્સિન રાખવા માટેના ડીપ ફ્રીઝ પીએચસી સેન્ટર ખાતે પહોંચતા કરવામાં આવી રહ્યા છે, વોકિંગ કૂલર પણ આવી રહ્યા છે. વેક્સિન વિતરણની જવાબદારી જેમને સોંપાઈ છે તે અધિકારીએ જણાવ્યું હતું કે, હજુ નવા ૧૦ ફ્રીઝ આવવાના બાકી છે, જે માઈનસ ટેમ્પરેચર જાળવી શકે તેવા હશે, કેન્દ્ર સરકારે મોકલાવેલા આ ફ્રીઝ જિલ્લા કક્ષાએ પહોંચાડવામાં આવશે. જે ૫૦ ફ્રીઝ આવ્યા છે તેની કેપિસીટી ૨૫ લાખ રસીના ડોઝ જાળવી શકાય તેટલી કેપેસિટીના છે.


Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
iccrc crcic
AMI MEHTA
(SINP Authorized Rep)
Web: www.siis.ca
E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
EXPRESS ENTRY AND ALL PNP
STUDY VISA / SUPER VISA / VISITOR VISA (TRV)





AMI MEHTA
(SINP Authorized Rep)
CANADA OFFICE
94-499 Main Street South; Brampton, Ontario, Canada.
VADODARA OFFICE
2/A, Wagheshwary Society, Vip Road, Vadodara.
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca Website.: www.siis.ca



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# કોરોના વેક્સિન માટે ડોર ટૂ ડોર સર્વે

## • ૧૦૦૦થી વધુ કર્મીઓ દ્વારા સર્વેની કામગીરી

અમદાવાદ : કોરોના મહામારી વચ્ચે કોરોના રસીના વિતરણ માટે રાજ્યનાં આરોગ્ય વિભાગે પૂરજોશમાં કામ શરૂ કરી દીધું છે. વેક્સિન આપવા માટે ગુજરાતનાં આરોગ્ય વિભાગે આપેલી સૂચના પ્રમાણે ૫૦થી વધુ ઉંમરની વ્યક્તિઓ અને ૫૦ વર્ષની નીચેની વ્યક્તિઓ કે જેઓ અન્ય રોગ ધરાવતા હોય તેમનો ડેટાબેઝ તૈયાર કરવાનું કહેવામાં આવ્યું છે. આ ડેટાબેઝ માટે આજથી ડોર ટુ ડોર સર્વે શરૂ કરી દેવામાં આવ્યોછે. ગુરુવારે વહેલી સવારથી અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત સહિતના શહેરોમાં સર્વેની કામગીરી શરૂ થઈ ગઈ છે. આ ડેટા બેઈઝ તૈયાર કરવા માટે ૧૦થી ૧૩ ડિસેમ્બરના રોજ મતદાન મથકના વિસ્તાર મુજબ વિવિધ સર્વે ટીમો દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે કરી વ્યકિતની ઉંમરથી લઈ તેનો મોબાઈલ નંબર સહિત, તે જો કોઈ પ્રકારના રોગથી પીડાતો હોય તો એની પણ અલગથી નોંધ કરવા આદેશ કરવામાં આવ્યો છે. ૧૪થી ૧૬ ડિસેમ્બર સુધીમાં બે અલગ પ્રકારના ડેટાબેઈઝ તૈયાર કરવા તમામ મ્યુનિસિપલ કોર્પોરેશન, કલેકટર હસ્તકના વિસ્તારો માટે રાજયના આરોગ્ય વિભાગ તરફથી કામગીરી કરવાનો આદેશ અપાયો છે. અમદાવાદમાં એએમસી હેલ્થ વિભાગના ૧૦૦૦થી વધુ કર્મીઓ દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. ૧૩ ડિસેમ્બર સુધીમાં સરવે પૂર્ણ કરી શહેરની ડેટા એન્ટ્રી સાથેની યાદી સરકારમાં મોકલાશે. પ્રથમ તબક્કામાં ફ્રન્ટલાઈન વર્કરને રસી અપાશે. તો બીજા તબક્કામાં અન્ય લોકોને રસી આપવાનું એએમસીનું આયોજન છે. વડોદરામાં કોરોના રસી માટે આજથી ડોર ટુ ડોર સર્વે શરૂ કરાયો છે. જિલ્લામાં ૧૩૧૦ ટીમો દ્વારા સરવેની કામગીરી કરાશે.

# અમદાવાદની કોવિડ હોસ્પિટલમાં આગ, કોરોનાનાં દર્દીઓનું રેસ્ક્યૂ

અમદાવાદ : અમદાવાદમા મણિનગરની લિટલ ફ્લાવર હોસ્પિટલમાં આગ લાગી હતી. જોકે હોસ્પિટલમાં આગ લાગવાનું કારણ હજૂ જાણવા મળ્યું નથી. ફાયર ડિપાર્ટમેન્ટની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી. અને આગ પર કાબૂ મેળવવાના પ્રયત્નો હાથ ધર્યા હતા. આ સાથે જ દર્દીઓને હોસ્પિટલથી રેસ્ક્યૂ કરવાની નોબત આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર આગ લાગવાનું કારણ મીટરમાં શોક સર્કિટમાં ભડાકા સાથે આગ લાગી હતી. અમદાવાદમાં આ પહેલા પણ કોવિડ હોસ્પિટલોમાં આગ લાગી ચૂકી છે અને કેટલાક માસુમ લોકોએ પોતાનો જીવ પણ ગુમાવી ચૂક્યા છે. શહેરના નવરંગપુરામાં આવેલી શ્રેય હોસ્પિટલમાં તો કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓ મોતને ભેટ્યા હતા ત્યાર બાદ ફાયર ડિપાર્ટમેન્ટ દ્વારા શહેરની તમામ હોસ્પિટલોને ફાયર સેફ્ટીની ચકાસણી કરી હતી. અને જે હોસ્પિટલોમાં ફાયર સેફ્ટી ન હતી તેમને નોટીસો પણ ફટકારી હતી. પરંતુ વારંવાર આગની ઘટનાઓથી હવે શહેરીજનોમાં પણ ફફડાટ છે.

## સોલા સિવિલમાં ૩૦૦થી વધુને વેક્સીન અપાઈ, કોઈને આડઅસર નહીં

અમદાવાદ : અમદાવાદની સોલા સિવિલમાં કોરોનાની વેક્સિનની ટ્રાયલ ચાલી રહી છે, ત્યારે છેલ્લા ૧૫ દિવસમાં ૩૦૦થી વધુ લોકોને રસી આપવામાં આવી છે, જેમાં એક મોટો ખુલાસો થયો છે કે સોલા સિવિલમાં કોરોનાની વેક્સીનની અત્યાર સુધીમાં કોઈને પણ આડઅસર થઈ નથી. લોકોના મનમાંથી ડર ભાગી રહ્યા છે.

વેક્સિનની ટ્રાયલમાં ભાગ લેવા માટે વોલન્ટિયર હવે રસ દાખવી રહ્યા છે. હોસ્પિટલમાં મેડિસિન વિભાગને આ માટે રોજના ૫૦થી વધુ ફોન કોલ્સ મળે છે.

અમદાવાદ સોલા સિવિલમાં વેક્સીન એથીક્સ કમિટીના સભ્ય ડૉ.રામીનું નિવેદન સામે આવ્યું છે, અત્યાર સુધી કોરોના વાયરસની વેક્સીનની કોઈને પણ આડઅસરનો કોઈ કેસ જોવા મળ્યો નથી. વોલિન્ટિયરને રૂ.૭૦૦ની પ્રોત્સાહન રાશિ અપાય છે.

# અમદાવાદમાં માસ્ક વિના ફરતા ૨૧ લાખ લોકો પકડાયા : ૯૪ કરોડનો દંડ

## • નિયમોના ભંગ બદલમાં ૯ મહિનામાં ૩૩ હજાર ૪૦૭ લોકોને દંડ ફટકારાયો

અમદાવાદ: શહેરમાં કોરોના ગાઈડલાઈનના ભંગ સહિતની દંડનીય કાર્યવાહી હેઠળ છેલ્લા નવ મહિનામાં ૩૩ હજાર ૪૦૭ લોકો દંડાયા છે, જ્યારે ૪૨ હજારથી વધુ લોકોની અટકાયત કરવામાં આવી હતી. પોલીસે શનિવારે એક જ દિવસમાં માસ્ક નહીં પહેરવા અને જાહેરમાં થૂંકવા બદલ ૩૨૬૦ લોકો પાસેથી કુલ ૩૨.૬૦ લાખ રૂપિયા દંડ પેટે વસૂલ્યા હતા. આમ હવે જાહેરનામા ભંગ અને માસ્કનો નિયમ સરકારી તિજોરી માટે મોટી આવકનું કારણ બની રહ્યો છે. છેલ્લા ૨૫૦ દિવસમાં માસ્ક વગરના ૨૧.૪૦ લાખ લોકોને પકડીને તેમની પાસેથી પોલીસે રૂ.૯૩.૫૬ કરોડનો દંડ વસૂલ કર્યો હતો.

લોકડાઉનથી અત્યાર સુધીમાં સમગ્ર ગુજરાતમાં જાહેરનામા ભંગના ૬૦,૪૦૦ ગુના નોંધાયા હતા જ્યારે લોકડાઉન અને કરફ્યૂ દરમિયાન ફરતા ૪.૯૨ લાખ વાહનોને પોલીસે ડિટેઈન કર્યાં હતાં.

બીજી બાજુ છેલ્લા એક મહિનામાં ૧૦ વોર્ડમાં ૨૦૦થી વધુ કેસ નોંધાયા છે, જેમાં જોધપુર પછી બોડકદેવમાં ૪૨૫, પાલડી ૩૪૪, નવરંગપુરા ૩૨૩, થલતેજ ૩૨૨, ગોતા ૩૦૨, નિકોલ ૨૮૬, ઘાટલોડિયા ૨૮૯, નારણપુરા ૨૫૫, મણિનગરમાં ૨૪૧ કેસ નોંધાયા છે, જ્યારે ૫૦થી ઓછા કેસ અસારવા, દરિયાપુર, જમાલપુર, વિરાટનગર, શાહપુર, અમરાઈવાડી, ભાઈપુરા, બહેરામપુરા, દાણીલીમડા, મક્મતપુરા વોર્ડમાં નોંધાયા હતા.

## અમદાવાદ શહેરની ખાનગી હોસ્પિટલોમાં ૧,૧૫૭ બેડ ખાલી પડયા

અમદાવાદ : શહેરમાં કોરોનાના કેસોમાં થોડોક ઘટાડો નોંધાયો છે, બીજી બાજુ અમદાવાદમાં એક જ દિવસમાં બે નવી ખાનગી કોવિડ હોસ્પિટલોને મંજૂરી અપાઈ છે, અત્યારે કુલ ૧૦૫ ખાનગી હોસ્પિટલોમાં ૩,૪૦૫ બેડની ક્ષમતા થઈ છે. એટલું જ નહિ પરંતુ ખાલી બેડની સંખ્યા પણ વધવા પામી છે, જે શહેરીજનો માટે રાહતના સમાચાર છે. ખાનગી હોસ્પિટલોમાં અત્યારે ૧,૧૫૭ બેડ ખાલી રહ્યા છે, કુલ ૨,૨૪૮ દર્દીઓ સારવાર હેઠળ છે, ગઈ કાલની સરખામણીએ ૬૯ દર્દીઓ પણ ઘટયા છે. શહેરની ખાનગી હોસ્પિટલોમાં કોરોનાના ગંભીર પ્રકારના દર્દીઓની સંખ્યામાં પણ ઘટાડો થયો છે, આઈસીયુ વિથ વેન્ટિલેટર બેડ પર ૧૮૮ દર્દી સારવાર હેઠળ છે, જ્યાં ૫૫ બેડ ખાલી છે. સાથે જ વેન્ટિલેટર વગરના આઈસીયુમાં ૧૩૫ બેડ ખાલી પડયા છે, ત્યાં ૩૭૧ દર્દીઓ સારવાર હેઠળ છે. આમ ગંભીર પ્રકારના દર્દીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે.

# ગુજરાતમાં ૧૦ લાખની વસતીએ સરેરાશ ૩૨૪૦ લોકોને કોરોના

## • ૧૦ લાખ દીઠ કોરોનાના દર્દીઓમાં અમદાવાદ કરતાં સુરત આગળ
## • ૧૦ લાખની વસતીએ સુરતમાં સરેરાશ ૯૦૭૮ કેસ જ્યારે અમદાવાદમાં ૨૯૫ના મૃત્યુ



**કયા જિલ્લામાં સૌથી વધુ સંક્રમિત?**

| જિલ્લો | સરેરાશ કેસ |
|---|---|
| સુરત | ૯,૦૭૮ |
| અમદાવાદ | ૭,૨૬૦ |
| વડોદરા | ૫,૮૬૩ |
| રાજકોટ | ૫,૫૨૭ |
| ગાંધીનગર | ૫,૧૩૧ |

અમદાવાદ- અમદાવાદમાં છેલ્લા ૩ દિવસથી કોરોના વાયરસ નિયંત્રણ હેઠળ આવ્યો છે અને કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. અત્યારસુધી ગુજરાતમાં કોરોનાના કુલ કેસનો આંક ૨.૨૦ લાખને પાર છે. આમ, આ સ્થિતિએ ગુજરાતમાં સરેરાશ ૧૦ લાખની વસતીએ સરેરાશ ૩૨૪૦ વ્યક્તિ કોરોના સંક્રમિત થઈ ચૂકી છે. ગુજરાતમાંથી ૧૦ લાખની વસતીએ સરેરાશ સૌથી વધુ ૯૦૭૮ વ્યક્તિને કોરોના થયો છે જ્યારે અમદાવાદમાં ૨૯૫ના મૃત્યુ થયા છે.

સમગ્ર દેશમાંથી સરેરાશ ૧૦ લાખની વસતીએ સૌથી ઓછી વ્યક્તિ કોરોના સંક્રમિત થઈ હોય તેમાં ગુજરાત પાંચમાં સ્થાને છે. બિહારમાંથી ૨૦૦4, ઉત્તર પ્રદેશમાંથી ૨૪૭૩, મધ્ય પ્રદેશમાંથી ૨૬૨૬, ઝારખંડમાંથી ૨૯૫૩ જ્યારે ગુજરાતમાંથી ૩૨૪૦ સરેરાશ વ્યક્તિ કોરોના સંક્રમિત થઈ ચૂકેલી છે. ગુજરાતમાંથી સુરત જિલ્લામાં ૧૦ લાખની વસતીએ સરેરાશ ૯૦૭૮, અમદાવાદમાંથી ૭૨૬૦ જ્યારે વડોદરામાંથી ૫૮૬૩ વ્યક્તિને કોરોના થઈ ચૂક્યો છે. બીજી તરફ આ પ્રમાણે ડાંગમાંથી સૌથી ઓછી ૬૦૮, છોટા ઉદેપુરમાંથી ૭૫૨ જ્યારે વલસાડમાંથી ૭૬૭ વ્યક્તિને કોરોના થયો છે. ૧૦ લાખની વસતીએ સરેરાશ સૌથી વધુ એક્ટિવ કેસ ધરાવતા જિલ્લાઓમાંથી ગાંધીનગર ૫૪૯ સાથે મોખરે, વડોદરા-રાજકોટ ૪૯૨ સાથે બીજા, અમદાવાદ ૪૨૮ સાથે ત્રીજા સ્થાને છે. ૧૦ લાખની વસતીએ સૌથી ઓછા એક્ટિવ કેસ ધરાવતા જિલ્લાઓમાંથી ૧૩ સાથે વલસાડ, ૧૯ સાથે તાપી અને ૨૦ સાથે બનાસકાંઠાનો સમાવેશ થાય છે. સુરતમાંથી ૧૦ લાખની વસતીએ સરેરાશ સૌથી વધુ ૮૫૫૭ વ્યક્તિ કોરોનાથી સાજી થઈ ચૂકી છે જ્યારે અમદાવાદમાંથી ૬૫૩૬-વડોદરામાં ૫૩૦૯નો સમાવેશ થાય છે. ૧૦ લાખની વસતીએ અમદાવાદમાંથી સૌથી વધુ સરેરાશ ૨૯૫, સુરતમાંથી ૧૮૩, ગાંધીનગરમાંથી ૭૪ના મૃત્યુ થયા છે. આ પ્રમાણે નર્મદામાંથી સૌથી ઓછા ૧, છોટા ઉદેપુરમાંથી ૨ જ્યારે દાહોદમાંથી ૩ના મૃત્યુ થયેલા છે. અમદાવાદમાંથી ૧૦ લાખની વસતીએ સરેરાશ ૨.૯૦ લાખ ટેસ્ટ થઈ ચૂક્યા છે, જે સમગ્ર રાજ્યમાંથી સૌથી વધુ છે. આ પ્રમાણે પંચમહાલમાંથી સૌથી ઓછા ૫૦ હજાર, જુનાગઢમાંથી ૫૫ હજારના ટેસ્ટ થયેલા છે.








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર

નિહાળો નીત નવા રૂપરંગમાં !!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.

23 Lyric Road, Brampton ON L6S 0B4.

## સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ પર આગળ ન વધવા સુપ્રીમ કોર્ટની તાકીદ છતાં સરકારની મનમાની

# નવા સંસદ ભવન પાછળ અઢળક નાણાનું થશે આંધણ

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

ભારતમાં લગભગ ૯૭૧ કરોડ રુપિયાના ખર્ચે બનનારા નવા સંસદ ભવનનું ગુરુવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ભૂમિપૂજન થયું હતુ. સંસદની નવી ઈમારત ૬૪,૫૦૦ વર્ગ મીટર ક્ષેત્રફળમાં તૈયાર કરવાનો પ્રસ્તાવ ૨૦૧૯ના સપ્ટેમ્બરમાં રજૂ કરાયો હતો. નવા સંસદ ભવનમાં ૯૦૦થી ૧૨૦૦ સાંસદો બેસી શકે એવી વ્યવસ્થા હશે. વર્ષ ૨૦૨૨માં ભારતનો ૭૫મો સ્વતંત્રતા દિવસ ઉજવાશે ત્યારે નવી સંસદનું નિર્માણ કાર્ય પૂરું કરવાનું લક્ષ્ય રખાયું છે. સંસદની આ નવી ઈમારતના નિર્માણમાં આશરે ૯૭૧ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે. આ પ્રોજેક્ટનું નિર્માણ ક્ષેત્ર ૬૪ હજાર ચોરસ મીટર જેટલું હશે, જે વર્તમાન સંસદ કરતા ૧૭ હજાર મીટર જેટલું વધારે હશે. સંસદની નવી ઈમારતમાં લોકસભામાં ૮૮૮ સભ્યોના બેસી શકે તેવી અને રાજ્યસભામાં ૩૮૪ સભ્યો બેસી શકે તેવી વ્યવસ્થા હશે. જયારે સંયુક્ત બેઠક યોજાય તેવા સંજોગોને ધ્યાનમાં લઈને ૧૨૭૨ સભ્યો એક સાથે બેસી શકે તેવી સુવિધા પણ આ ભવનમાં હશે. ચાર માળની નવી ઈમારતને ભૂકંપથી નુકસાન ના થાય તે રીતે ડિઝાઈન કરવામાં આવશે. પ્રત્યેક સંસદ સભ્યને ફરી નિર્માણ પામનારા શ્રમશક્તિ ભવનમાં કાર્યકાળ માટે ૪૦ વર્ગ મીટર જગ્યા આપવામાં આવશે, જેનું નિર્માણકાર્ય ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

નવા સંસદ ભવનની ડિઝાઈન અમદાવાદના મૈસર્સ એચસીપી ડિઝાઈન અને મેનજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરાઈ છે અને તેનું નિર્માણ ટાટા પ્રોજેક્ટ્સ લિમિટેડ દ્વારા કરવામાં આવશે. નવા સંસદ ભવનમાં વિશાળ બંધારણ કક્ષ ઉપરાંત જુદી જુદી સમિતિઓ માટે જુદાં જુદાં ખંડ, પુસ્તકાલય, કેન્ટિન, પાર્કિંગ જેવી આધુનિક વ્યવસ્થા ઊભી કરાશે. ત્રિકોણાકારમાં બનનાર નવું સંસદ ભવન તૈયાર થયા બાદ તે ૯૩ વર્ષ જૂના સંસદ ભવનનું સ્થાન લેશે. જો કે, સંસદની હાલની ઈમારતનો પણ ઉપયોગ કરવામાં આવશે.

હકીકતમાં મૂળ પ્રોજેક્ટમાં નવી સંસદ ઉપરાંત બીજા બાંધકામનું આયોજન છે. આ પ્રોજેક્ટનું નામ સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ રખાયું છે. સેન્ટ્ર્લ વિસ્ટા અંતર્ગત રાષ્ટ્રપતિ ભવનથી લઈને ઈન્ડિયા ગેટ સુધી અનેક ઈમારતોના નિર્માણની યોજના છે. નવુ સંસદ ભવન, રાષ્ટ્રપતિ ભવન ઉપરાંત નોર્થ બ્લોક, સાઉથ બ્લોક, ઉપરાષ્ટ્રપતિ નિવાસસ્થાન, નેશનલ મ્યૂઝિયમ, નેશનલ આર્કાઈવ્ઝ, ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સ, ઉદ્યોગ ભવન, બિકાનેર હાઉસ, હૈદરાબાદ હાઉસ, નિર્માણ ભવન અને જવાહર ભવન પણ સેન્ટ્ર્લ વિસ્ટાના હિસ્સા છે. સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર આ સમગ્ર વિસ્તારનું નવનિર્માણ કરવાની નેમ રાખે છે. કેન્દ્રીય સચિવાલય માટે ૧૦ નવી બિલ્ડીંગ પણ બનશે. સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ પૂરો કરવાની સમયસીમા ૨૦૨૪ નિર્ધારીત કરવામાં આવી છે.

જો કે, સમગ્ર સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટમાં અધધધ ૨૦ હજાર કરોડનો ખર્ચ થશે તેવા અહેવાલો છે. જો કે, પર્યાવરણશાસ્ત્રીઓ અને ઈતિહાસકારો આ પ્રોજેક્ટ અને નવી સંસદના નિર્માણ કાર્યની વિરુદ્ધ મત ધરાવે છે. સુપ્રીમ કોર્ટમાં સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટના વિરોધમાં ઓછામાં ઓછી સાત યાચિકા દાખલ થઈ ચુકી છે. જેમાં જમીનના ઉપયોગ માટે ફેરફારની આપવામાં આવેલી મંજૂરીનો પણ વિરોધ કરાયો છે. દિલ્હી માસ્ટર પ્લાન-૨૦૨૧માં પાંચ પ્લોટ માટે જમીનના ઉપયોગ અંગે સંશોધન કરાયું છે. આ સંશોધન બાદ આશરે ૮૦ એકર જમીન પ્રતિબંધિત થઈ જશે અને માત્ર સરકારી અધિકારી જ તેનો ઉપયોગ કરી શકશે. અત્યાર સુધી આ જમીન સામાન્ય જનતા માટે ખુલ્લી હતી. જાણકારોના મતે જમીનના ઉપયોગ અંગે થયેલું સંશોધન કાયદેસર નથી. વળી, જે જગ્યા સામાન્ય જનતા માટે બંધ થઈ જશે એની ભરપાઈ કરવા સરકાર પાસે કોઈ આયોજન નથી. પર્યાવરણવિદો તો દાવો કરી રહ્યા છે કે, આ પ્રોજેક્ટનું કોઈ પર્યાવરણ ઑડિટ સુદ્ધા થયું નથી. વિવિધ ઈમારતોના બાંધકામ માટે ઓછામાં ઓછા એક હજાર વૃક્ષનું નિકંદન કઢાશે. આ ૮૦ એકર જમીનના ગ્રીન કવરની ભરપાઈ કરવા પણ સરકાર પાસે યોજના નથી. ક્લાયમેટ એક્ટિવિસ્ટો ચેતવણી આપી રહ્યાં છે કે નિર્માણ કાર્ય શરૂ થયા બાદ દિલ્હીના પ્રદૂષણમાં વધારો થશે. એ જ રીતે આ પ્રોજેક્ટમાં કોઈ ઐતિહાસિક કે હેરિટેજ ઑડિટ પણ થયું નથી.

નેશનલ મ્યૂઝિયમ જેવી ગ્રેડ ૧ હેરિટેજ ઈમારતમાં પણ તોડફોડ કે ફેરફાર કરાય તેવી ભીતિ છે. સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટનો વિરોધ કરનારા લોકોનું કહેવું છે કે આ મંદીના દોરમાં આટલો ખર્ચ કરવાની જરૂર જ નથી. હજુ તો વર્તમાન સંસદ ભવનને સો વર્ષ પણ પૂરા નથી થયાં. અનેક આર્કિટેક્ટનું કહેવું છે કે, સંસદ ભવન સુરક્ષિત અને અડીખમ છે. સમયાંતરે થોડું સમારકામ કરતા રહેવાથી તેને સો-દોઢસો વર્ષ સુધી ચલાવી શકાય એમ છે. ભારત સરકારમાં કામ કરી ચૂકેલા આર્કિટેક્ટ્સ અને સીપીડબલ્યૂડીના અધિકારીઓ પણ આ વાતની પુષ્ટિ કરી ચૂક્યાં છે. દુનિયામાં અનેક સંસદ ભવન કે સેનેટની ઈમારતો અનેક વર્ષો પુરાણા છે અને તેમના સ્થાપત્ય સાથે છેડછાડ કર્યા વિના તેમનું સમારકામ કરીને કામગીરી સારી રીતે આગળ ધપાવાય છે. પરંતુ મોદી સરકાર નવા ભવન માટે ઉત્સુક છે. વર્તમાન સંસદ ભવનની ડિઝાઈન ૧૯૧૧-૧૨માં વિખ્યાત આર્કિટેક્ટ ઈડવિન લુટિયન્સ અને હર્બટ બેકરે તૈયાર કરી હતી. વર્ષ ૧૯૨૧માં ઈમારતનું બાંધકામ શરૂ થયું અને ૧૯૨૭માં તે તૈયાર થઈ ગયું હતુ. દુનિયાના બીજા સંસદીય ભવનોના ઈતિહાસને જોવામાં આવે તો તેઓ ભારતના સંસદ ભવન કરતા પણ ઘણાં જૂના છે. પરંતુ એ દેશો તેમના વારસા અને સ્થાપત્યને જાળવી રાખવામાં વધુ માને છે. બ્રિટીશ સંસદ ભવન એટલે કે, વેસ્ટમિન્સ્ટ્ર છેક ૧૧મી સદીથી અસ્તિત્ત્વમાં છે. તેનો ઘણો ખરો ભાગ ૧૮૩૪માં આગમાં બળીને રાખ થઈ ગયો. એ પછી ૧૮૩૭માં નવું બાંધકામ શરૂ થયું અને ઈમારત ૧૮૬૦માં તૈયાર થઈ ગઈ. આ ઈમારતમાં ત્રણ ભાગ છે, સોવેરિન એટલે કે, ક્વીન ઈન પાર્લામેન્ટ, બીજું હાઉસ ઓફ કૉમન્સ અને ત્રીજું હાઉસ ઓફ લૉર્ડ્સ.

બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીના હવાઈ હુમલામાં આ ઈમારતના કેટલાંક ભાગ નષ્ટ થઈ ગયાં હતા. પરંતુ એનું પણ સમારકામ કરી દેવાયું હતુ. પરિણામે ૧૯૫૦માં તે ઈમારત પાછી ચમકી ઊઠી હતી. ડેન્માર્કની સંસદને ફોકેટિંગેટ કહેવામાં આવે છે અને તે ૧૭૩૮માં બનેલા એક પેલેસમાં સ્થિત છે. ડેન્માર્કની સરકારે પણ અત્યંત પુરાણી ઈમારત અને ભવ્ય સ્થાપત્યને જાળવી રાખ્યું છે. અમેરિકન કૉંગ્રેસની મોટી બિલ્ડીંગ પણ ઈસ ૧૮૦૦માં બની હતી અને અમેરિકાની સરકાર તેની ગૌરવપૂર્વક જાળવણી કરતી રહી છે. આ તમામ દેશના સંસદીય ભવનોની સરખામણીમાં ભારતનું સંસદ ભવન ઓછું સુંદર નથી. ઘણાં નેતાઓનું કહેવું હતું કે વાસ્તુદોષના કારણે જ લોકસભા અધ્યક્ષ જી.એમ. બાલયોગીનું હેલિકોપ્ટર ક્રેશમાં અવસાન થઈ ગયું, ૧૩ સાંસદોના અકાળે મૃત્યુ નીપજ્યાં અને સંસદ પર આતંકી હુમલો પણ થયો. કેટલાંક નેતાઓનું કહેવું છે કે, સંસદ ભવન અને તેની આસપાસના સરકારી ભવનો, સચિવાલયનું સ્થાપત્ય બ્રિટીશ આધિપત્ય હેઠળનું અને વિદેશી છે, જેના સ્થાને હિન્દુ-સ્થાપત્ય આધારિત ભવન બનાવવા જોઈએ. જે વાસ્તુદોષથી મુક્ત હોય. ખેર વાત ભલે જે હોય તે, પરંતુ કોરોના કાળમાં દેશમાં જ્યારે સ્વાસ્થ્ય સેવાઓને સુધારવાની તાતી જરૂરિયાત છે ત્યારે સરકારે ઉતાવળે સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ પાછળ અબજો રૂપિયા ખર્ચવાની યોજનાને મંજૂરી આપી દીધી તે નિર્ણય નાગરિકો અને બુદ્ધિજીવી માટે વધુ વિચાર માંગી રહ્યો છે. કેન્દ્રીય મંત્રીઓનું કહેવું છે કે આ પરિયોજના પૂરી થયા બાદ દેશને એક વર્લ્ડ ક્લાસ રાજધાની મળશે.



**૬૪,૫૦૦ વર્ગ મીટર ક્ષેત્રફળમાં ૯૭૧ કરોડના ખર્ચે તૈયાર થનારા ભવનમાં વિશાળ બંધારણ કક્ષ ઉપરાંત સમિતિઓ માટે ખંડ, પુસ્તકાલય, કેન્ટિન, પાર્કિંગ માટે સુવિધા હશે**

સ્વદેશ





## રાવણને દયાળુ કહેનાર સૈફ અલી ખાન સામે FIR

મુંબઈ: બોલીવૂડ સ્ટાર સૈફ અલી ખાને રાવણને દયાળુ ગણાવતા વિવાદ થયો હતો. જો કે આ નિવેદન બદલ સૈફ માફી માંગી ચુક્યો છે પણ લોકોનો રોષ યથાવત છે. દિલ્હીમાં વિશ્વ હિન્દુ મહાસંઘે સૈફ અલી ખાન સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં કહેવાયું કે, સૈફ અલી ખાને જાણી જોઈને રાવણને દયાળુ ગણાવતી અને સીતાના હરણને વ્યાજબી ઠેરાવતી ટિપ્પણી ઈન્ટરવ્યૂમાં કરી હતી. જો કે એક ઇન્ટરવ્યુમાં સૈફ અલી ખાને જણાવ્યું હતુ કે, મારા નિવેદનથી લોકોની લાગણી દુભાઈ છે અને મારો ઈરાદો આવો નહોતો. હું મારુ નિવેદન પાછુ ખેચુ છું અને જેમને ખરાબ લાગ્યુ છે તે તમામની માફી માંગુ છું.



# કૃતિ સેનન, મનિષ પોલ અને નીતુ કપૂર પણ કોરોના સંક્રમિત

મુંબઈ: તાજેતરમાં સમાચાર મળ્યા હતા કે, ચંદીગઢમાં ફિલ્મ જુગ જુગ જિયો માટે શૂટિંગ કરી રહેલા વરૂણ ધવન, નીતુ કપૂર, મનિષ પોલ અને દિગ્દર્શક રાજ મહેતા કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. હવે સમાચાર છે કે, અભિનેત્રી ક્રિતી સેનનનો પણ કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કૃતિ સેનન તેની આગામી ફિલ્મનું શૂટિંગ રાજકુમાર રાવ સાથે ચંદીગઢમાં કરી રહી હતી અને શૂટિંગનું ચંદીગઢ શિડ્યુલ એક દિવસ અગાઉ પૂર્ણ થયું હતું. ક્રિતીના નજીકના એક સૂત્રએ જણાવ્યું હતું કે, ક્રિતીએ સોમવારે જ કોરોના પોઝિટિવ હોવા અંગે માહિતી આપી છે. જો કે, હજી સુધી તે જાણી શકાયું નથી કે ક્રિતીની તબિયત કેવી છે અને તેમાં કોરોના વાયરસના કેટલા લક્ષણો જોવા મળી રહ્યા છે. ક્રિતી સેનન છેલ્લે અર્જુન કપૂર અને સંજય દત્ત સાથે ફિલ્મ પાણીપતમાં જોવા મળી હતી. ઉલ્લેખનીય છે કે, અગાઉ ઘણા બોલીવુડ સેલેબ્સ કોરોનાની ઝપેટમાં આવી ચૂક્યા છે. જેમાં બચ્ચન પરિવાર, અનુપમ ખેરના ભાઈનો પરિવાર, અર્જૂન-મલાઈકા સહિતનો સમાવેશ થાય છે. તાજેતરમાં સની દેઓલ, વરૂણ ધવન, નીતુ કપુરને પણ કોરોનાનો ચેપ લાગતા સારવાર લઈ રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જુગ જુગ જિયોની ટીમ પર હાલ કોરોના ત્રાટક્યો છે. વરુણ ધવન, નીતુ કપૂર, દિગ્દર્શક રાજ મહેતા પછી હવે મનીષ પોલનો પણ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. એક રિપોર્ટના અનુસાર મનીષને હળવો તાવ આવતા તે મુંબઈ આવી ગયો છે. અહીં આવીને તેણે પોતાની કોવિડ ૧૯ ટેસ્ટ કરાવતા રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. મનીષે હજી સુધી પોતાના સ્વાસ્થ્યને લઈને સોશિયલ મીડિયા પર શેર કર્યુ નથી. જોકે વરુણ ધવને પોતાના રિપોર્ટ પોઝિટિવ જણાવ્યો છે.



## દીપિકા પદુકોણની સ્માઇલને ધ ઓથેન્ટિક સ્માઇલ ઓફ ધ પીપલ ઓફ ધ વર્લ્ડમાં સ્થાન



મુંબઈ: દીપિકા પાદુકોણ પોતાના અભિનયને પગલે ભારત જ નહીં વિશ્વભરમાં જાણીતી છે. તેણે અનેક વખત પોતાની કલા અને આવડત દ્વારા ભારતન વિશ્વપટલ ઉપર નામના અપાવી છે. તાજેતરમાં પણ દીપિકાના નામે કંઈક આવી જ પ્રસિદ્ધિ આવી છે. તાજેતરમાં જ એથેન્સ ઈન્ટરનેશનલ એરપોર્ટના એક કેમ્પેનમાં દીપિકા જોવા મળી હતી. દીપિકા પાદુકોણની સિગ્નેચર સ્માઈલને વિશ્વફલક ઉપર સ્થાન મળ્યું છે. એથેન્સ એરપોર્ટ ઉપર ધ ઓથેન્ટિક સ્માઈલ ઓફ ધ પીપલ ઓફ ધ વર્લ્ડમાં દીપિકાની સિગ્નેચર સ્માઈલને સ્થાન આપવામાં આવ્યું છે. દીપિકાના ચાહકો માટે આ આનંદની લાગણી છે કે હવે દીપિકા એથેન્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. તાજેતરમાં જ દીપિકાના ગ્રે માર્બલના બસ્ટ સ્કલ્પચરને ઈન્ડિયન લૂકમાં મૂકવામાં આવ્યું હતું. અન્ય વિદેશી જાણીતી હસ્તીઓની સાથે હવે દીપિકાની પ્રતિમા પણ કોરોનાકાળ પછી પહેલી વખત કાર્યરત થયેલા એથેન્સ એરપોર્ટ ઉપર કલાના ચાહકોને આવકારશે.

## સાઉથની જાણીતી એક્ટ્રેસ વી.જે. ચિત્રાની હોટલના રૂમમાં આત્મહત્યા

ચેન્નાઇ: સાઉથની જાણીતી એક્ટ્રેસ અને વીજે ચિત્રા બુધવારે સવારે એક હોટેલ રૂમમાં મૃત અવસ્થામાં મળી આવી. પોલીસની પ્રાથમિક તપાસમાં આ



સુસાઇડનો કેસ જણાવવામાં આવી રહ્યો છે. પોલીસે કેસની તપાસ હાથ ધરી છે. વીજે ચિત્રાએ મોડી રાતે શુટિંગ કર્યુ હતુ. શુટિંગ બાદ તેણે પોતાના હોટેલ રૂમમાં ચેક ઇન કર્યુ હતુ. પરંતુ પછીથી હોટલના રિસેપ્શનિસ્ટને તે મૃત હોવાની જાણકારી મળી અને તેણે તરત જ આ અંગે પોલીસને જાણ કરી. વીજે ચિત્રા સીરિયલ પાંડિયન સ્ટોર્સ માટે જાણીતી છે, તે લાંબા સમયથી આ સીરિયલમાં મુલઈનું પાત્ર ભજવી રહી હતી, તેમની લોકપ્રિયતા તે સિરિયલને કારણે એટલી વધુ હતી કે તમામ તેમને મુલઈના રૂપમાં યાદ રાખતા હતા. પરંતુ હવે આ શ્રેષ્ઠ અભિનેત્રી વીજેનું નિધન થયું છે. તેમના જવાથી સમગ્ર ફિલ્મ ઉદ્યોગમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. શરૂઆતની તપાસમાં જરૂર આ સુસાઇડ કેસ જણાવવામાં આવી રહ્યું છે, પરંતુ તપાસ બાદ જ સ્થિતિ સ્પષ્ટ થશે.

## ટીવી અભિનેત્રી દિવ્યા ભટનાગરનું કાર્ડિયક અરેસ્ટને કારણે નિધન



ટેલિવિઝન સીરીયલ યે રિસ્તા ક્યા કહલાતા હૈની અભિનેત્રી દિવ્યા ભટનાગરનું મુંબઇમાં નિધન થઇ ગયું હતું. તે ૧૧ દિવસથી મુંબઇની હોસ્પિટલમાં ન્યુમોનિયા, કોરોના અને હાઇપરટેન્શનની સારવાર હેઠળ હતી. દિવ્યાના ભાઇ દેવાશીષ ભટનાગરે દિવ્યાના અકાળે અવસાનની પુષ્ટિ કરી હતી. દિવ્યાનું ઓક્સિજન લેવલ બહુ નીચું ગયું હોવાથી ડાકટરો પણ ચિંતામાં પડી ગયા હતા. તેને વેન્ટિલેટર પર રાખવામાં આવી હતી. દેવાશીષે જણાવ્યું હતું કે, થોડા દિવસો પહેલા અમે દીદીને અન્ય એક હોસ્પિટલમાં શિફ્ટ કરી હતી. જોકે તેની તબિયતમાં કોઇ સુધારો જોવા મળ્યો નહોતો. ૭ ડિસેમ્બરના સવારે ત્રણ વાગ્યે દિવ્યાને કાર્ડિયક અરેસ્ટ આવ્યો હતો અને તેણે અંતિમ શ્વાસ લીધા હતા.



## દિલ જીતી લેશે ઈન્દૂ કિયારા અડવાણી

બોલીવૂડમાં ટુંકા સમયમાં જ કિયારા અડવાણીએ નામના મેળવી લીધી છે અને એક પછી એક નવી તથા મોટી ફિલ્મો તેને મળી રહી છે. તેની આગામી ફિલ્મ ઇન્દૂ કી જવાનીને કારણે તે ખુબ ચર્ચામાં છે. આ ફિલ્મમાં કિયારા સાથે આદિત્ય સિલ અને મલ્લિકા દુઆ મુખ્ય ભુમિકામાં છે. ઇન્દૂ નામની એક છોકરીની કહાની છે જે પોતાના મિત્રની સલાહ પર એક ડેટીંગ એપમાં જોડાય છે. પરંતુ કહાનીમાં ટ્વિસ્ટ ત્યારે આવે છે જયારે ઇન્દૂના ઘરે આ એપને કારણે એક પાકિસ્તાની છોકરો પહોંચી જાય છે. આ પાકિસ્તાની છોકરો ભારતમાં શું કરી રહ્યો છે? જે દર્શકોને ઘુમાવશે. ઇન્દૂ કી જવાનીનું ટ્રેલર જોતાં તેમાં કિયારા ખુબ જ શાનદાર દેખાઇ રહી છે. ટી સિરીઝ નિર્મિત આ ફિલ્મનું નિર્દેશન અબીર સેનગુપ્તાએ કર્યુ છે. ગાજીયાબાદની ઇન્દૂ એક છોકરા સાથે ડેટ કરવાની પોતાની ઇચ્છા પુરી કરવા જતાં કઇ રીતે ફસાય છે તેની કહાની બધાના દિલ જીતી લે તેવી હોવાનું કહેવાય છે.

## હું હમેંશા જે ઈચ્છતી હતી એ કરી રહી છું: પૂજા હેગડે



પૂજા હેગડે બોલીવૂડ ઉપરાંત સાઉથની ફિલ્મો પણ એક પછી એક કરી રહી છે. હાલમાં તે પ્રભાસ સાથે મોટી ફિલ્મ કરી રહી છે. આ ઉપરાંત બોલીવૂડમાં તેણે બે ફિલ્મો સાઇન કરી છે. પૂજાએ કહ્યું હતું કે ભારતીય સિનેમા ઉદ્યોગમાં કામ કરવું એ મારા માટે ખુબ જ રોમાંચક છે. હું એ જ કરી રહી છું, જે હમેંશા કરવા ઇચ્છતી હતી. હું એવા લોકો સાથે કામ કરી રહી છું, જેની સાથે કામ કરવાની ઇચ્છા હતી. જો કે મારી મહેનતની સાથો સાથ પ્રશંસકોનો સાથ પણ મને સતત ઉત્સાહિત રાખે છે. પૂજા પાસે અન્ય ફિલ્મો પણ છે. જેના વિશે તે ચાહકોને બાદમાં જણાવશે. સલમાન ખાનની ફિલ્મ કભી ઇદ કભી દિવાલી, રોહિત શેટ્ટીની સર્કસ અને સુભાષ સાથેની રાધે શ્યામ તેના હાથ પર છે. આ ઉપરાંત અખિલ અક્કિનેની સાથેની મોસ્ટ એલિજીબલ બેચલર નામની ફિલ્મ પણ તે કરી રહી છે.

# એન્જેલિના જોલી બ્રિટિશ વોર ફોટોગ્રાફર મેકક્યુલીનની બાયોપિકનું દિગ્દર્શન કરશે



એન્જેલિના જોલી બ્રિટિશ વોર ફોટોગ્રાફર ડોન મેકક્યુલીન પર બનનારી બાયોપિક અનરીઝનેબલ બિહેવીયરનું દિગ્દર્શન કરશે. આ ફિલ્મ મેકક્યુલીનની આ જ નામની આત્મકથા પર આધારીત છે. આ વિખ્યાત ફોટોગ્રાફરના જીવન પર આધારીત ફિલ્મની પટકથા બાફટા દ્વારા નામાંકન મેળવેલા ગ્રેગરી બુર્કે લખી રહ્યા છે. ફિલ્મની વાર્તા ગરીબી અને યુદ્ધથી ત્રસ્ત લંડનથી વિશ્વની સૌથી જોખમી રણભૂમિમાં જતા ફોટોગ્રાફરની છે. એન્જેલિનાએ જણાવ્યું કે મને મેકક્યુલીનની નિર્ભયતા અને માનવીય ગુણો તરફ આકર્ષણ થયું. યુદ્ધનો ભોગ બનેલા તમામ પ્રત્યે તેની કરૂણાએ મને આ ફિલ્મનું દિગ્દર્શન કરવા પ્રેરી છે. આ ફિલ્મ ડોનની ફોટોગ્રાફી, તેણે પોતાના જીવનમાં જોયેલા અદ્ભુત લોકો, એને થયેલા અનુભવો જેટલી જ મહાન બનશે એવો વિશ્વાસ વ્યક્ત કરતા એન્જેલિનાએ જણાવ્યું કે પત્રકારિત્વના અનોખા યુગના ઉદય અને અસ્ત જેણે જોયા છે એવા ફોટોગ્રાફરની કથાને પૂરતો ન્યાય આપવાનો પ્રયાસ આ ફિલ્મ દ્વારા થશે.

## લેડી ગાગા અને બ્રેડ પિટની જોડી સસ્પેન્સ થ્રિલરમાં ચમકશે



લેડી ગાગાએ ફરી એક ફિલ્મ મેળવી છે. ૩૪ વર્ષની ઓસ્કર એવોર્ડ વિજેતા આગામી એક્શન થ્રિલર બુલેટ ટ્રેનમાં ભૂમિકા ભજવે એવી સંભાવના છે. જો કે આ બાબતે હજી માત્ર વાટાઘાટ ચાલી રહી છે અને અંતિમ નિર્ણય નથી લેવાયો. આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા બ્રેડ પિટ ભજવશે. તેની સાથે જો કિંગ, એરોન ટેલર-જોનસન, ઝેઝી બીટ્ઝ અને અન્યો છે. ડેવિડ લીચ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મ જાપાની નવલકથા મારિયા બીટલ પર આધારીત હોવાનું માનવામાં આવે છે. આ ફિલ્મ પાંચ હત્યારાઓ વિશે છે જેઓ ટોકિયોની એક ટ્રેનમાં રહસ્યમય સંજોગોમાં ભેગા થાય છે. આ ફિલ્મમાં ગાગાની ભૂમિકા વિશે વધુ જાણકારી નથી પણ આ ભૂમિકા નાની અને મહત્વની હશે. આ પોપ સ્ટારે ૨૦૧૮માં એ સ્ટાર ઈઝ બોર્નમાં કરેલી મુખ્ય ભૂમિકા માટે ઓસ્કરનું નોમિનેશન મેળવ્યું હતું. ૨૦૧૫ની અમેરિકન હોરર સ્ટોરી: હોટલ માટે પણ ગાગાને ગોલ્ડન ગ્લોબ મળ્યો હતો.

## માઈલી સાયરસ અને ડુઆ લિપા પર મ્યુઝિક વીડિયો કોપી કરવાનો આક્ષેપ





લંડન સ્થિત પોપ પન્ક બેન્ડ ડ્રીમે શુક્રવારે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને તેમના ટ્રેક સો વેન યુ ગોના અને માઈલી સાયરસ અને ડુઆ લિપાના નવા રજૂ થયેલા પ્રિઝનર વચ્ચેની સામ્યતા સાબિત કરી હતી. આ બેન્ડે બંને વીડિયોની ફ્રેમ બાજુ બાજુમાં પોસ્ટ કરીને તેમનો દાવો પૂરવાર કર્યો હતો. બંને વીડિયો મોઢામાં રાખેલા પીઓવી દ્વારા બનાવાયા હતા. બેન્ડે ઈન્સ્ટાગ્રામ પર કરેલી પોસ્ટમાં કટાક્ષયુક્ત કેપશન લખ્યું હતું કે માઈલીનો નવો વીડિયો અને બેન્ડના વીડિયોમાં સામ્ય તો છે પણ આ નવો વીડિયોમાં સચ્ચાઈ નથી. બંને વીડિયોની બનાવટ તો સરખી છે ઉપરાંત કલાકારોની અદામાં પણ ઘણુ સામ્ય છે. બેન્ડે પોતાની પોસ્ટમાં માઈલી ગીટાર પકડીને ઊભી છે એવી તસવીરની બાજુમાં બેન્ડ લીડર એલાઈસની પણ એવી જ તસવીર મુકી છે. પોસ્ટમાં કેપશન લખાયું છે કે આવી સામ્યતા બદલ હસવું રોકી નથી શકાતું. આ બાબતમાં માઈલી અને ડુઆએ હજી તેમની કોઈ પ્રતિક્રિયા નથી આપી.

## વર્ષ દરમિયાન જેનિફર લોપેઝ અનેકવાર હતાશ થઈ



કોવિડ મહામારીએ સુપરસ્ટારોને પણ ભયભીત કર્યા છે. જેનિફર લોપેઝે પણ હાલના સમયમાં પોતાની નિરાશાની પળોને વર્ણવતા જણાવ્યું કે આ મહામારીના સમયમાં દરેક જણાએ અમુક પળોમાં હતાશા અનુભવી હશે અથવા તો અનિશ્ચિતતાને કારણે ભયભીત થયા હશે. મેં પણ આ કાળમાં અનેકવાર નિરાશાનો અનુભવ કર્યો છે. આ વિખ્યાત ગાયિકાએ જણાવ્યું કે તેની ૧૨ વર્ષની પુત્રી એમી તેની પાસે આવીને રડવા લાગી અને કહ્યું કે આવું આપણી સાથે શા માટે થાય છે? મને મારા મિત્રોની ખોટ સાલે છે.

આપણા જીવનમાં આવું શા માટે બનવું જોઈએ? લોપઝ વધુમાં જણાવે છે કે આ કપરા કાળમાં કેટલીય બાબતો હતાશા પ્રેરનારી બની ગઈ. મહામારીના સમયમાં આંદોલનો પણ થયા, અનેક અફવાઓ ફેલાઈ. પણ આપણે યાદ રાખવું જોઈએ કે દરેક સમય બદલાય છે અને જ્યારે સમય બદલાય છે ત્યારે અનેકવાર ઘણી પીડા થાય છે. પણ દરેક પરિવર્તન કંઈક સારા માટે થાય છે.

DIVINE YOGA
By Geeta
FREE Special Yoga Class Streaming NOW due to COVID
• Reduce Stress and Anxiety
• Boost Immunity and Sleep Quality
• Gain Strength and Flexibility
• Become the Best Version of Yourself
The beauty of yoga is that you don't have to be a yogi or yogini to reap the benefits
Join today on ZOOM!
Classes Available: One-to-One Individual, Therapeutic, and Children
GEETA TAILOR : 416-456-2261
Contact Geeta at divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

PayLessTravel
Fly Well . . . Pay Less
વિમાની સેવાના બુકીંગ માટે એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ
AIR CANADA
Call for all your Air Travel Services
○ Lowest Prices for Ahmedabad, Vadodara, Mumbai, Delhi
○ Call Once Before Booking Online
○ Best Service
○ We sell Travel Insurance
Call US for the Lowest Fares Coming India to Canada Also
Please Call
905 281 2627
Address : 100 Matheson Blvd. East, Unit-203, Mississauga, ON. L4Z 2G7
BRITISH AIRWAYS
AIR INDIA
KLM Royal Dutch Airlines
Emirates
QATAR AIRWAYS
AIR CANADA
Tico # 50015262
tico.ca
Travel Industry Council of Ontario

# દિવ્યચક્ષુઓ માટે સત્સંગ દિક્ષાની સ્ક્રીપ્ટ હવે ઈંગ્લીશ બ્રેઈલ લીપીમાં તૈયાર થઈ





## પુસ્તકમાં કુલ ૩૧૫ ઉત્થાનના વચનોનો સમાવેશ કરાયો છે અને એની ફિલોસીફીની સરળ રીતે સમજ આપવામાં આવી છે

ટોરોન્ટો : મહંત સ્વામી મહારાજ દ્વારા લિખીત સત્સંગ દિક્ષાનો અંગ્રેજી બ્રેઈલ લીપીમાં અનુવાદ કરવામાં આવ્યો છે. જેનાથી દિવ્યચક્ષુ ભકતો પણ એનો લાભ મેળવી શકે.

બાપ્સ સ્વામિનારાયણ સંસ્થાના ધર્માચાર્ય મહંત સ્વામી મહારાજે સત્સંગ દિક્ષાનું લેખન ગુજરાતી ભાષામાં કર્યું હતું. જેનો સંસ્કૃતમાં અનુવાદ કરાયો હતો. ત્યારબાદ એનો અનુવાદ હિંદી, અંગ્રેજી, મરાઠી, પંજાબી, સ્વાહિલી, ફ્રેન્ચ, પોર્ટુગીઝ, સ્પેનીશ, ઈટાલિયન, જર્મન, પોલીશ અને રશિયન ભાષાઓમાં પણ થયો હતો. જેથી વિશ્વભરના ભકતો એનો લાભ મેળવી શકે. હજુ અન્ય ભાષઓમાં અનુવાદની કામગીરી પણ ચાલી રહી છે. એ દરમિયાન ટોરોન્ટોના સીએનઆઈબી ફાઉન્ડેશને એનો અનુવાદ ઈંગ્લીશ બ્રેઈલ લીપીમાં કરવાનું નકકી કર્યુ હતુ.

જેથી દિવ્યચક્ષુ ભકતો પણ એનો લાભ લઈ શકે. કેનેડીયન નેશનલ ઈન્સ્ટીટયૂટ ફોર બ્લાઈન્ડ જે હવે સીએનઆઈબી તરીકે ઓળખાય છે તેણે આ ઉમદા કામગીરી હાથ ધરી ઉત્સાહપૂર્વક પૂર્ણ કરી હતી.

આ ઐતિહાસિક પ્રકાશનની પહેલી નકલનું વિમોચન ત્રીજી ડીસેમ્બર, ૨૦૨૦ના રોજ નેનપુર-ગુજરાતથી મહંત સ્વામી મહારાજના આશિર્વાદ સાથે સંપન્ન થયું હતું. ભગવાન સ્વામીનારાયણના ઉપદેશ ઉપર આધારીત આ સત્સંગ દિક્ષા પુસ્તકમાં કુલ ૩૧૫ ઉત્થાનના વચનોનો સમાવેશ કરાયો છે અને એની ફિલોસીફીની સરળ રીતે સમજ આપવામાં આવી છે. સીએનઆઈબીના એકઝીકયુટીવ ડાયરેકટર સુઝાન ડીકે વાન ડેન બ્રુકે કહ્યું હતું કે, બાપ્સ સ્વામિનારાયણ સંસ્થાનની બ્રેઈલ લીપીમાં અનુવાદ કરવાની ઈચ્છાને અમે આવકારીને એને દિવ્યચક્ષુ ભકતો માટે ઉપલબ્ધ કરાવવાની તકને સ્વીકારી છે. અમે પણ એવું ઈચ્છીએ છીએ કે, દિવ્યચક્ષુઓને પણ શિક્ષણ અને રોજગારમાં સમાન તકો મળી શકે.

માત્ર ટેકનોલોજી જ આવી સમાન તક પુરી પાડી શકે છે. સત્સંગ દિક્ષા એ દિશામાં પહેલો પ્રયાસ છે. બાપ્સ કેનેડાના ચંદ્રકાંત સચદેવે કહ્યું હતું કે, ધી બાપ્સ સ્વામિનારાયણ સંસ્થાન સીએનઆઈબીના ઉમદા સહયોગને બિરદાવે છે. જેને કારણે સત્સંગ દિક્ષાનો બ્રેઈલ લીપીમાં અનુવાદ શકય બન્યો છે અને દિવ્યચક્ષુઓને એનો લાભ મળી શકયો છે. સત્સંગ દિક્ષાનો બ્રેઈલ અનુવાદ સેન્ટર ફોર ઈકિવટેબલ લાઈબ્રેરી એસેસ દ્વારા નોંધાયેલા સભ્યોને મળી શકશે. વ્યકિતગત રીતે લોકલ લાઈબ્રેરીને વિનંતી કરવાથી એની નકલ મળી શકે છે.

# બ્રિટિશ કોલંબિયાની વિધાનસભામાં રાજ ચૌહાણને મળ્યું વિશેષ સન્માન

બ્રિટીશ કોલંબિયાઃ કેનેડામાં ભારતીય મૂળના વિધાનસભ્ય રાજ ચૌહાણ બ્રિટિશ કોલંબિયા વિધાનસભામાં સ્પીકર તરીકે ચૂંટાઈ આવ્યા છે. આમ તે આ હોદ્દા પર પહોંચનારા પ્રથમ ભારતીય મૂળના વ્યક્તિ બન્યા છે. એમ મીડિયા રિપોર્ટે જણાવ્યું હતું. રાજ ચૌહાણે બ્રિટિશ કોલંબિયા વિધાનસભામાં બર્નેબી-એડમંડ મતવિસ્તારનું પાંચ વખત પ્રતિનિધિત્વ કર્યું છે. તે અગાઉની સરકારમાં ડેપ્યૂટી સ્પીકર હતા અને હવે તે સ્પીકર તરીકે નિવૃત થનારા ડેરિલ પ્લેકાસનું સ્થાન લેશે. એમ કેનેડિય બ્રોડકોસ્ટિંગ કોર્પોરેશન (સીબીસી)એ સોમવારે જણાવ્યું હતું.

પંજાબમાં જન્મેલા ચૌહાણ ૧૯૭૩માં કેનેડા ઈમિગ્રેટ થયા હતા અને તેમણે ત્યાં ખેતરોમાં કામ કરવાનો પ્રારંભ કર્યો હતો. તેમના પર અન્ય વસાહતી કામદારોની વિપરીત સ્થિતિની અને અત્યંત સમુદ્ધ દેશમાં ધનવાનો અને ગરીબો વચ્ચેની વ્યાપક વિસંગતતાની અસર હતી. તેના લીધે તેમણે કામદારોને સામાજિક ન્યાય અને સમાજમાં તેમની હિમાયતમાં મહત્વનું પ્રદાન આપ્યું છે.. એમ ચૌહાણની આત્મકથાને ટાંકીને



અહેવાલમાં જણાવ્યું હતું. ઓકટોબરની ચૂંટણીમાં ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી (એનડીપી)એ બહુમતી સરકાર રચ્યાના ટૂંકા સત્ર પછી બ્રિટિશ કોલંબિયાના રાજકારણીઓ સોમવારે પરત ફર્યા ત્યારે વિધાનસભાની કાર્યવાહીમાં સૌપ્રથમ કામ રાજ ચૌહાણને સ્પીકર તરીકે ચૂંટવાનું કર્યું હતું.

# બેરૂત વિસ્ફોટઃ લેબનોનનાં PM, ત્રણ પ્રધાન સામે બેદરકારીનો કેસ નોંધાયો

- બેરૂતમાં થયેલા પ્રચંડ વિસ્ફોટમાં ૧૯૦ લોકોનાં મોત થયા હતા

બેરૂત : વર્ષ ૨૦૨૦ ની સૌથી મોટી દુર્ઘટનામાંની એક હતી લેબનોનની રાજધાની બેરૂતમાં થયેલો પ્રચંડ વિસ્ફોટ, આ ધમાકામાં ૧૯૦ થી વધુ લોકોનાં મોત નીપજ્યાં હતાં. હવે દેશની એક અદાલતે રખેવાળ સરકારનાં વડા પ્રધાન હસન દિયાબ અને તેમની સરકારના ત્રણ પ્રધાનો વિરુદ્ધ કેસ નોંધ્યો છે. બેરૂતમાં ધડાકા પછી વર્ષોથી ચાલતી સરકારની બેદરકારી અને ભ્રષ્ટાચારનાં મુદ્દો આખી દુનિયા સમક્ષ આવી ગયો હતા. વડા પ્રધાન ઉપરાંત નાણાપ્રધાન અલી હસન ખલીલ, ગાઝી જીટર અને યુસુફ ફેનિઆનોસ વિરૂધ્ધ બેદરકારીનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. તેમણે તપાસ દરમિયાન કહ્યું કે ૨,૭૫૦ ટન એમોનિયમ નાઈટ્રેટ જે બંદરમાં વર્ષોથી પડેલું હતું તે આ આઘાતજનક ઘટનાનું કારણ હતું. ન્યાયાધીશ ફાદી સાવને વડા પ્રધાનને સવાલ કર્યો કે તેઓ પદ પર હતા ત્યારે વિસ્ફોટકો વિશે કેટલા સમયથી જાણતા હતા અને તેમણે તેને હટાવવા સૂચના કેમ આપી નહીં?

ઓગસ્ટ ૨૦૨૦ માં, બંદર નજીક સતત બે વિસ્ફોટો થયા ત્યારે બેરૂત શહેર હચમચી ઉઠ્યું હતું. વિસ્ફોટો એટલા ભયાનક હતા કે બંદરની નજીકની જમીન ગાયબ થઈ ગઈ હતી. આ ઘટનાને કારણે ૧૫૦થી વધુ લોકોના મોત નીપજ્યા હતા જ્યારે પાંચ હજારથી વધુ લોકો ઘાયલ થયા હતાં.


કથા,હવન,ગાયત્રી યજ્ઞ,
વાસ્તુ પૂજન,ગ્રહશાંતિ,

જીટીએમાં દરેક જગ્યાએ
અમો સેવા આપીએ છીએ.



કાલસર્પ યોગ શાંતિ,નક્ષત્ર શાંતિ,
વગેરે ધાર્મિક કાર્યો અને લગ્ન,
બેબી શાવર, જેવા કાર્યો માટે
સંપર્ક કરો.

શશીકાંત ભટ્ટ
૯૦૫ ૪૫૬ ૭૬૨૨

Shashikant Bhatt
Home: 905-456-7622
Cell: 416-258-2750

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
Call For HONEST ADVICE

416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865

MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# સ્ટાઈલિશ સાથે હટકે લૂક આપતાં શાઈની અને સિક્વન્સ ડ્રેસીસ



પહેલાંના સમયમાં આપણાં દાદી કે માતાની જુની આણાની સાડી જોઈશું તો તેમાં ટીકીનું વર્ક તમને જરૂર જોવા મળશે. ચાહે તે બોર્ડરમાં હોય કે પાલવમાં હોય મોટેભાગે તમને સીલ્વર કલરના થ્રેડ અને ટીકીનું વર્ક તે સમયે લગભગ દરેક સાડીમાં જોવા મળતું હતુ. તે સમયે ટીકીના વર્કની ફેશન હતી. સમય જતો જાય તેમ તેમ જુની ફેશન નવા રૂપ અને રંગ ધારણ કરીને આવતી જાય છે. આપણે જાણીએ જ છીએ કે સમયાંતરે જુની ફેશન હાલના સમયે પણ થોડી નવીનતા સાથે આવતી રહે છે. ટીકીનાં વર્કમાં પણ એવું જ છે. પહેલાંના સમયમાં ટીકીનાં વર્ક તરીકે જે વસ્ત ઉઓળખાતી હતી તે હાલ સિક્વન્સ તરીકે ઓળખાય છે. હવે આ સિક્વન્સ માત્ર બોર્ડર કે પાલવના વર્ક સધી જ સીમીત નથી રહી, હવે તેની સાઈઝ અને કલર પણ ઘણાં અલગ અલગ પ્રકારના મળી રહે છે અને બોર્ડર અને પાલવના વર્કથી આગળ વધીને સિક્વન્સનાં આખા આખા કાપડ બજારમાં ઉપ્લબ્ધ હોય છે. આ કાપડમાંથી આપણે ઈચ્છીએ તેવા આઉટફિટ્સ બનાવી શકીએ છીએ. સિક્વન્સ નાની અને મોટી બંને સાઈઝમાં મળી રહે છે, એટલું જ નહી તે હવે બ્લેક, સિલ્વર, કોપર, ગોલ્ડન, નીઓન, બોટલ ગ્રીન, પીન્ક, ડાર્ક બ્લૂ, પરપલ એવા ઘણાં જ કલરનાં સિક્વન્સના કાપડનાં તાકા બજારમાં તમને ખૂબ જ સરળતાથી મળી જાય છે.

**ગાઉનમાં ઓફ શોલ્ડર અને કોલ્ડ શોલ્ડર ગાઉનની ફેશન ખૂબ ચાલી રહી છે**





આજકાલ આવા જ સિક્વન્સ વાળા બ્લાઉઝ પણ ખૂબ જોવા મળે છે. લગ્નપ્રસંગે ગોલ્ડન અને કોપર કલરની સિક્વન્સના બ્લાઉઝ સ્ત્રીઓ ચણીયાચોળી તેમજ સાડી સાથે પહેરતી હોય છે. જો તમે ચણીયાચોળીમાં આ પ્રકારના બ્લાઉઝ સ્ટીચ કરાવડાવતાં હોય તો સ્ત્રીઓ પોતાના ચણીયામાં તેમજ દુપટ્ટામાં પણ તે બ્લાઉઝને મેચીંગ બોર્ડર મુકે છે. જેથી અલગ કલરના ચણીયા અને દુપટ્ટા સાથે બ્લાઉઝનું પરફેક્ટ મેચીંગ બની જાય. એટલું જ નહી આવી સિક્વન્સ વાળા ગાઉન પણ આજકાલ બજારમાં ધૂમ મચાવી રહ્યાં છે. ઘણી સ્ત્રીઓ માત્ર કોઠામાં જ ટીકીનું કાપડ લગાવીને નીચેના ભાગનું કાપડ સિમ્પલ રાખતી હોય છે તો ઘણી સ્ત્રીઓ આખું ગાઉન આ જ કાપડમાંથી બનાવવાનું પસંદ કરે છે. આ પ્રકારના ગાઉનમાં ઓફ શોલ્ડર અને કોલ્ડ શોલ્ડર ગાઉનની ફેશન ખૂબ ચાલી રહી છે. આજે આપણે સિક્વન્સ વિશે જ અલબત્ત વાત કરવાની છે પણ અહીં આપણે બ્લાઉઝ અને ચણીયાચોળીની નહી પણ પાર્ટી આઉટફિટ્સની વાત કરવાની છે. પાર્ટી આઉટફિટ્સમાં પણ લોંગ ગાઉનના બદલે સુંદર શોર્ટ વનપીસ, જેકેટ વાળા વનપીસ વગેરે પણ તમે પહેરી શકો છો.




MOTEL FOR SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty, Professionalism & Experience

Outstanding Achievement Award of Excellence: 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019
#42 OF TOP 75 PRODUCER IN CANADA AWARD BY CENTURY 21
CENTURION PRODUCER AWARD, Successful Listing Agent Award, Silver Award, Pacesetter Gold Award, Diamond Award, Masters Emerald Award, Platinum Award .... And many more .....



MOTEL KING:Specializing in Selling Motels: LIST & SELL with confidence

FEW RECENTLY SOLD MOTELS
29 ROOM MOTEL- Hwy 11 near Cochrane- **SOLD in November 2020**
27 ROOM MOTEL- Hwy 402, Sarnia- **SOLD in October 2020**
12 ROOM MOTEL- Hwy 11, Huntsville- **SOLD in October 2020**
12 ROOM MOTEL- Hwy 11, near North Bay- **SOLD in September 2020**

15 ROOM MOTEL Hwy 402, near London- Asking $999,000
Just off Hwy 402, about 4.8 acres commercial lot, 5 rooms with Kitchenette, many rooms given to workers on weekly & monthly basis. Easy operation & Low operating costs, schools nearby **SOLD CONDITIONAL in November 2020**

42 ROOM MOTEL Hwy 11, Near Timmins
In-door Corridor, all city services, potential to covert to franchise, Year round business
About 30% down payment require
**Asking Price: $1,300,000**

10 ROOM MOTEL Near Welland / St.Cathrines
In Port Colborne city, 30 min to Niagara/Buffalo. With 3 BR Apt, Upgraded Rooms & furniture. Newer Roof, Furnace, Pot lights, LED motel sign. 100% occupancy, all rooms given on monthly basis. Easy one man operation.
**Asking Price: $849,000**

QUALITY INN & SUITES - $4,500,000

30+ ROOM MOTEL Hwy 17, Sault Ste. Marie
Seller willing to hold mortgage at 35% down
**Asking Price: $2,000,000**

18 ROOM MOTEL Near Pembroke / Ottawa
With 3 BR Apt, 8 rooms top to bottom renovated like new, rest partially renovated. Only motel in town, No competition. 14 rooms given to monthly customers since long time for steady & regular income. Price to Sell. Good for first time buyer.**Asking Price: $799,000**

27 ROOM MOTEL Near Thunder Bay Airport
Within the city on prime intersection, year round business + additional rental income. **Asking Price: $1,999,000**

60+ ROOM HOTEL Near Thunder Bay Airport
Seller will give mortgage. **Asking Price: $2,200,000**

OTHER MOTELS FOR SALE
Other motels available for sale in Ontario
Call for more info

FRANCHISE MOTELS & HOTELS FOR SALE
Asking Price: $3M to $7M, Small VTB Available
Call for more info

NOTE: Personal meeting is important if you are a SERIOUS BUYER, you will get a top priority on new listings. About 25% to 40% down payment required to get a bank loan
Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100, Fax: 905-366-8101 Other offices: Brampton & Etobicoke

# રાજ્યના શહેરોમાં બંધને નિષ્ફળતા, ગામડાઓમાં સફળ




- બંધની સફળતા માટે કોંગ્રેસના ધમપછાડા : બંધની નિષ્ફળતા માટે ભાજપના સઘન પ્રયત્નો
- ૧૫થી વધુ કોંગ્રેસી ધારાસભ્યો- કાર્યકરોની અટકાયત, કાર્યકરો- પોલીસ વચ્ચે ઘર્ષણ
- સાણંદમાં કંડલા હાઇવે, જાબુઆ-તરસાલી હાઇવે પર ટાયરો સળગાવતા વાહન વ્યવહાર ખોરવાયો

અમદાવાદઃ કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂત સંગઠનોને આપેલાં ભારત બંધના કોલને ગુજરાતમાં મિશ્ર પ્રતિસાદ સાંપડયો હતો. અમદાવાદ સહિતના મહાનગરોમાં બજારોથી માંડીને બેકો ચાલુ રહેતાં જનજીવન સામાન્ય રહ્યુ હતું અને બંધની નહિવત અસર જણાઇ હતી.

ભાજપ પ્રેરિત એપીએમસી-માર્કેટયાર્ડ પણ ધમધમતા રહ્યા હતાં. બીજી તરફ,ગ્રામ્ય વિસ્તારોમાં બંધની ખાસ્સી એવી અસર જોવા મળી હતી. સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાતમાં વેપારીઓ સ્વયંભૂ બંધમાં જોડાયાં હતાં જેના કારણે બજારો-માર્કેટયાર્ડ બંધ રહ્યા હતાં. વિરોધ પ્રદર્શન કરનારાં ૧૫થી વધુ કોંગ્રેસી ધારાસભ્યો-કાર્યકરોની અટકાયતો કરાઇ હતી.

સાણંદ પાસે અમદાવાદ-કંડલા હાઇવે પર વહેલી સવારે સાતેક વાગે કોંગ્રેસી કાર્યકરોએ ટાયરો સળગાવી હાઇવે બ્લોક કર્યો હતો જેના કારણે ટ્રાફિક જામ થયો હતો. ભરૂચમાં નવેઠા-નંદલાલ ઓવરબ્રિજ પાસે ટાયરો સળગાવાયા હતાં. વિરોધ પ્રદર્શન કરનારાં કોંગ્રેસીઓની પોલીસે અટકાયત કરી હતી. આ તરફ, વડોદરામાં જાબુઆ-તરસાલી હાઇવે પર કોંગ્રેસી કાર્યકરોએ ટાયરો સળગાવી વિરોધ પ્રદર્શન કર્યુ હતું. એલ એન્ડ ટી સર્કલ પાસે પણ ટાયરો સળગાવાયા હતાં. છાણીમાં ય ટ્રાફિક ચક્કાજામ કરાયો હતો. બાવળા હાઇવે પર પણ ટાયરો સળગાવતાં પોલીસ દોડી આવી હતી. શામળાજી-ભિલોડા હાઇવે પર કોંગ્રેસી કાર્યકરોએ એસટી બસની હવા કાઢી હતી જેના કારણે વાહન વ્યવહાર અટવાયો હતો. સાબરકાંઠાના જિલ્લા મથક હિમતનગરમાં જીઆઇડીસી પાસે ટાયરો સળગાવી કોંગ્રેસી કાર્યકરોએ મોદી સરકાર વિરોધી સૂત્રો પોકાર્યા હતાં.તે વખતે પોલીસે ધારાસભ્ય અશ્વિન કોટવાલ સહિતના કાર્યકરોની અટકાયત કરી હતી. અમીરગઢ પાસે હાઇવે બ્લોક કરવાનો પ્રયાસ કરતાં ધારાસભ્ય કાંતિ ખરાદીની અટકાયત કરાઇ હતી. ખેડા કઠલાલ પાસે અમદાવાદ-ઇન્દોર હાઇવે પર ટાયરો સળગાવી વિરોધ પ્રદર્શન કરાયુ હતું.માંડવીમાં અમલસાડીમાં કોંગી કાર્યકરોએ ટાયરો સળગાવી વિરોધ નોંધાવ્યો હતો. મહેસાણામાં ય બાયપાસ હાઇવે પર ટાયરો સળગાવીને પ્રદર્શન કરતાં ટ્રાફિક જામ થયો હતો અને વાહનોની લાંબી કતારો લાગી ગઇ હતી. થરાદમાં કોંગ્રેસના કાર્યકરોએ ટાયરો સળગાવી ખેડૂતોના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતાં.

## પિતાએ પુત્રીની લાશને સળગાવી ટ્રેક પર ફેંકી

અમદાવાદઃ મેઘાણીનગરમાં તા. ૧ના રોજ મેમ્કો બ્રિજ નીચે થી યુવતીનો સંપૂર્ણપણે બળેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. તપાસમાં મૃતક યુવતીના કાનમાં પહેરેલી એક બુટ્ટી મળી આવી હતી પોલીસે બુટ્ટી કબજે કરી હતી ત્યારબાદ બાતમીદાર મારફતે માહિતી મળી હતી કે ભાર્ગવ રોડ પર શ્યામનગર ખાતે રહેતા જગદીશકુમાર કિશનસિંહ રાજપૂત (ઉ.વ.૪૦) પરિવાર સાથે ઉત્તર પ્રદેશ જતા રહ્યા હતા, પોલીસે મકાન ખોલાવીને ઘરમાં તપાસ કરતાં મૃતક યુવતી ભારતીનો ફોટો મળી આવ્યો હતો. પિતાની પુછપરછ કરતાં જાણવા મળ્યુ હતું કે તેમની પુત્રી મેઘાણીનગરમાં રહેતા યુવક સાથે પ્રેમ કરતી હતી જેથી યુવતીને તેઓ લઈને વતન જતા રહ્યા હતા, યુવતી ત્યાંથી ભાગીને અમદાવાદ આવી ગઇ હતી યુવતીને માનસિક- શારિરીક ત્રાસ આપીને મારઝૂડ કરતા હતા. જેથી કંટાળીને યુવતીએ ગળા ફાંસો ખાઈને આપઘાત કર્યો હતો ત્યારબાદ પિતાએ તેની લાશ કોથળામાં પેક કરી ટ્રેક પર ફેંકી દીધી હતી.

## એક ગુનામાં બે ફરિયાદના મુદ્દે CGSTની તપાસ સામે ગુજરાત HCનો મનાઈ હુકમ

અમદાવાદઃ સુરતના વેપારી દ્વારા ખોટી પેઢીઓ બનાવીને બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવાના કેસના એક જ ગુન્હામાં તપાસ એજન્સી સ્ટેટ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ અને સેન્ટ્રલ ગુડ્ઝ એન્ડ સર્વિસ (CGST) બે અલગ અલગ ફરિયાદ કરાયેલી છે. જેમાં, CGSTએ કરેલી ફરિયાદ સંબંધે તેને નોટિસ પાઠવી હાઈકોર્ટે આગામી આદેશ સુધી કોઈ કાર્યવાહી ન કરવા આદેશ કર્યો છે. CGSTએ નોંધેલી ફરિયાદને રદ કરવાની માગ સાથે વેપારીએ હાઈકોર્ટમાં અરજી કરેલી છે.

હાઈકોર્ટમાં અરજદારના વકીલની રજૂઆત હતી કે, ફેબ્રુઆરી-૨૦૨૦માં અરજદાર સામે તપાસ એજન્સી SGSTએ ફરિયાદ નોંધેલી છે અને આ કેસમાં તપાસ કરી રહી છે. હવે આ જ ગુન્હામાં CGSTએ ઓગષ્ટ-૨૦૨૦માં અરજદાર સામે ફરિયાદ નોંધેલી છે. એક ગુન્હામાં બીજી ફરિયાદ નોંધીને CGSTએ કાયદાનો દૂરઉપયોગ કર્યો છે. અરજદારને એક ગુન્હામાં બીજી વખત ટ્રાયલનો સામનો કરાવી શકાય નહીં. આ ઉપરાંત, અરજદારની આ ફરિયાદ હેઠળ થયેલી અટકાયત પણ ગેરકાયદેસર છે. આ કેસમાં પહેલાથી જ SGST તપાસ કરી રહી છે, હવે જો CGSTને આ કેસ સંદર્ભે કોઈ વધુ વિગત મળે તો, કેન્દ્ર સરકાર ( સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ) ના પરિપત્ર મુજબ CGSTએ આ માહિતી SGSTને આપવી જોઈએ, જેથી તે વધુ તપાસ કરી શકે.

## ફાયર સેફ્ટીનું ઓડીટ કરી અહેવાલ આપો : સુપ્રીમ

અમદાવાદઃ રાજકોટમાં કોવિડ હોસ્પિટલમાં લાગેલી આગમાં પાંચ કોરોના દર્દીઓના મોતના કિસ્સામાં સુપ્રીમ કોર્ટે સુઓમોટો સુનાવણી હાથ ધરી છે. જેમાં સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને આદેશ કર્યો છે કે રાજ્યમાં ફાયર સેફ્ટીનુ ઑડિટ કરી ત્રણ દિવસમાં અહેવાલ રજૂ કરવામાં આવે. આ ઉપરાંત માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમપાલન માટે સરકારે લીધેલા પગલાં અંગે પણ જવાબ રજૂ કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જસ્ટિસ અશોક ભૂષણ, જસ્ટિસ આર. સુભાષ રેડ્ડી અને જસ્ટિસ એમ.આર. શાહની ખંડપીઠ સમક્ષ કેન્દ્ર સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે ફાયર સેફ્ટી ઑડિટનો અહેવાલ અત્યારે તૈયાર થઇ રહ્યો છે. અગાઉ સુપ્રીમ કોર્ટે સાતમી ડિસેમ્બર સુધીમાં આ રિપોર્ટ ફાઈલ કરવાનો નિર્દેશ આપ્યો હતો પરંતુ તે સમયમર્યાદામાં રિપોર્ટ ફાઈલ કરવામાં આવ્યો નહોતો. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે રાજકોટની દુર્ઘટના અંગે વિગતવાર સોગંદનામું કરવાનો આદેશ પણ કર્યો છે.

# પોપ્યુલર બિલ્ડરની સામે ITની કાર્યવાહી, ૧૦૦૦ કરોડની પ્રોપર્ટી ટાંચમાં લેવાઈ

અમદાવાદઃ હવે અમદાવાદના કૌભાંડી પોપ્યુલર બિલ્ડર કેસ મામલે આવકવેરા વિભાગે પ્રેસ કોન્ફરન્સ કરી ચોંકાવનારી વિગતો કહી છે. ત્યારે બિલ્ડરના ૩ કરોડ ૧૯ લાખ રૂપિયા પણ આવકવેરા વિભાગે સીઝ કર્યા છે. આ સાથે જ આ કૌભાંડીઓ પાસેથી ૨૨ લાખ સ્કવેર ફૂટ જમીન પર મળી આવી છે. ૧૦૦થી વધુ બેંક ખાતા પણ મળી આવ્યા છે. લોકર સાથે અસંખ્ય દસ્તાવેજ પણ મળી આવ્યા છે.

ત્યાં જ આ કૌભાંડી બિલ્ડર પાસેથી બીજી જેટલી બેનામી મિલકતો હતી તેઓ અલગ-અલગ લોકોના નામે કરતા હતા અને કેટલી મિલ્કતો પર કેટલો ટેક્સ અને કેટલી લિક્વિડ મિલકત બતાવી તેનું પણ પ્લાનિંગ તેઓએ કરેલુ હતું. આવકવેરા વિભાગે એવી પણ જાણકારી આપી કે, અત્યાર સુધીમાં તેઓને ૨૦૪થી વધુ નોટિસ આપેલી છે. જેમાથી ૪૯ બેનામી મિલકતો છે. અત્યાર સુધીમાં આ બિલ્ડર બેલડી પાસેથી ૧,૦૦૦ કરોડની બેનામી જમીન મળી છે. અમદાવાદના પોપ્યુલર બિલ્ડર કેસમાં ઈન્કમ ટેક્સ વિભાગએ મોટો ખુલાસો કરતા જણાવ્યું કે, ઈન્કમટેક્સની તપાસમાં ચોંકાવનારા MOU પણ બહાર આવ્યા છે. આ લોકો બીજા લોકોના નામે જમીન અને મકાન ખરીદી MOUના આધારે પ્રોપર્ટી પોતાના કબજામાં રાખતા હતા. પહેલા બેનામી લોકોને ઉભા કરી મેમ્બર બનાવ્યા પછી પોતાના પૈસા આપી જમીન મકાન ખરીદી કરાવ્યા હતા. જમીન માલિક બદલતા ગયા અને આખરે પૈસા અને જમીન ફરતા ફરતા પોતાની પાસે આવી જાય તેવું સેટિંગ આ ભેજાબાજ લોકોએ કર્યુ હતું. ઈન્કમટેક્સની તપાસમાં ૧૦૦૦ કરોડની પ્રોપર્ટી એટેચ કરવાની કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ છે.

## મહિલા PSIએ આપઘાત પહેલા લખ્યું, 'જો ગુજર ગયા ઉસે મૂડ કર મત દેખો'

સુરત : સુરતના ઉધના પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી અને દિલ્હી ગેટ વિસ્તારમાં આવેલ ફલાસા વાડી પોલીસ કોલોની ખાતે રહેતી પીએસઆઇ અમીતા જોશીએ પોતાની સર્વિસ રિવોલવોરમાંથી પોતાને ગોળી મારી આપઘાત કરી લીધો હતો. અમીતા જોશી સુરતના ઉધના પોલીસ સ્ટોશનમાં ફરજ બજાવતા હતા. ઉધનાના પટેલ નગર પોલીસ ચોકીમાં ઈન્વે ચાર્જમાં મહિલા PSI તરીકેની ફરજ બજાવતા હતા.

અમીતા જોશી આજે પોલીસ સ્ટેશન ફરજ પર ગયા ન હતા કરણ કે નાઈટ કરી ને સવારે આવ્યા હતા. PSI અમિત ઘરે એકલા હતા. ઘટનાની જાણ થતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને તાપસ શરૂ હાથ ધરી હતી. પોલીસે મકાનનું બારણું તોડવું પડ્યું હતું. મૃતક મહિલા PSIનો વોટ્સ એપ ડીપી પર પોઝિટિવ વિચાર લખ્યો છે.

જો ગુજર ગયા ઉસે પીછે મૂડકર મત દેખો. વરના જો આગે મિલને વાલા હે ઉસે ભી ખો ડોગે. મતલબ કે વિચાર ધારા પોઝિટિવ તો પણ પોતાના માસુમ બાળકને આજે એની માં આ દુનિયામાં એકલી મૂકી ને જતી રહી છે.

## સુરતમાં બાળકીનું અપહરણ બાદ રેપ, હત્યાની આશંકા

સુરત : પાંડેસરા ભેદવાડ વિસ્તારમાં રહેતી ૧૦ વર્ષીય બાળકીને તેણીના પિતા દરરોજની જેમ સોમવારે સવારે પણ ઘર નજીક રહેતા કાકાને ઘરે મૂકી નોકરીએ ગયા હતા. પિતા સવારે ૧૦થી ૩ વાગ્યા સુધી નોકરી જાય ત્યાં સુધી બાળકી કાકાના ઘરે રહે છે. ત્યારબાદ બપોરે પરત ઘરે ચાલી જાય છે. આજે પણ પિતા ૧૦ વર્ષીય પુત્રીને ભાઈના ઘરે મૂકી નોકરીએ ગયા હતા. જો કે, બપોરે નોકરીએ પરત આવ્યા બાદ મોડી સાંજ સુધી પણ પુત્રી ઘરે પરત નહીં ફરતાં પિતાએ શોધખોળ હાથ ધરી હતી.

મોડી સાંજ સુધી દિકરીનો કોઈ જ પત્તો નહીં મળતાં અંતે બાળકીના પિતાએ પાંડેસરા પોલીસનો સંપર્ક કર્યો હતો. બાળકીના ગુમ થયાની ફરિયાદ નોંધવામાં આવી હતી તે સમયે જ ઘરથી ૨૦૦ મીટર દૂર ઉધના બીઆરસી પાસે રેલવે ટ્રેક નજીકની ઝાડી-ઝાંખરીમાંથી તેણીની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી.

## ક્વોરન્ટાઈનમાં રહીને પત્નીની જ ફોઈની દીકરી સાથે કર્યુ ઈલુ ઈલુ

અમદાવાદઃ વટવામાં રહેતી ૩૩ વર્ષીય રેશ્માના વર્ષ ૨૦૦૮માં સાબરમતીમાં રહેતા કૃણાલ (બંનેના નામ બદલેલા છે) સાથે લગ્ન થયા હતા. લગ્ન બાદ બે સંતાનને જન્મ આપી આ રેશ્મા હાલ તેના પિયરમાં રહે છે. લગ્ન બાદ રેશ્માનો પતિ કૃણાલ ઓમાન નોકરી માટે ગયો હતો. ગત ઓકટોબર માસમાં જ રેશ્માનો પતિ વિદેશથી પરત આવ્યો હતો અને તેણે રેશ્માને કહ્યુ કે, કોરોના ચાલતો હોવાથી તે વિદેશથી આવ્યો છે તેથી પોતાને ક્વોરોન્ટાઇન થવા કહ્યું છે તેમ કહીને રેશ્માને તેની બહેનના ઘરે રહેવા મોકલી દીધી હતી.

બાદમાં કૃણાલ રેશ્મા સાથે ફોન પર સરખી રીતે વાત કરતો ન હતો. આથી રેશ્માને પતિ પર શંકા થતા તે તેના ઘરે પરત આવી ગઈ હતી. ઘરે આવીને રેશ્માએ જોયુ કે કૃણાલ તેની ફોઈની દિકરી હિના સાથે વિડીયો કોલથી પ્રેમલાપ કરતો હતો. આ બાબતે રેશ્માએ કૃણાલને પૂછતા તે ઉશ્કેરાઈ જઈને ઝઘડો કર્યો હતો. આથી રેશ્માએ તેના સસરાને જાણ કરતા તેઓએ બન્ને વચ્ચે સમાધાન કરાવ્યુ હતુ. જે બાદ કૃણાલ અવારનવાર ડોકટર પાસે જવાનું બહાનું કરી તેની રેશ્માની ફેઈની દીકરી હિનાને મળવા જતો હતો. આથી રેશ્માએ એક દિવસ કૃણાલનો પીછો કરતા વાડજ ખાતે તેની ફઈની દીકરી હિનાને મળતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

## અમદાવાદની ચૂંટણીને લઈ BJP-કોંગ્રેસની તૈયારી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુદત પૂર્ણ થઈ રહી છે. ૧૪ ડિસેમ્બરમાં અવધિ પૂર્ણ થતાં પહેલાં સરકાર વહીવટદારની નિમણૂક કરશે. જેમાં કૃષ્ઠજ રાજીવ ગુપ્તા તેમજ મ્યુનિ. કમિશનર મુકેશ કુમારના નામ હાલ ચર્ચામાં આવ્યા છે. અમદાવાદ શહેરમાં કોર્પોરેશનની સત્તા હાલમાં ભાજપ પાસે છે. વર્ષ ૨૦૧૫ના પરિણામો મુજબ બીજેપી પાસે ૧૪૨ અને કોંગ્રેસ પાસે ૫૦ સીટો રહેલી છે. ૪૬૬ ચોરોસ કી.મી.ના અમદાવાદમાં કોર્પોરેશનના કુલ ૪૮ વોર્ડ આવેલા છે અને જેમાં વોર્ડ દીઠ ૪ કોર્પોરેટરો છે. કુલ ૧૯૨ કોર્પોરેટરો અમદાવાદ શહેરમાં છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ શહેરમાં ૫૫ લાખ ૭૭ હજાર ૯૪૦ લોકો હતા. ૨૦૨૦ સુધીમાં આ આંકડો ૬૮ થી ૭૦ લાખ પહોચ્યો છે. આ વર્ષે પણ ભાજપ અને કોંગ્રેસે કોર્પોરેશનમા પોતાનો પક્ષ સત્તામાં આવે તે માટે અત્યારથી તૈયારીઓ શરૂ કરી દીધી છે.

# રૂા.૧૧૦૧ કરોડના બોગસ બિલનું કૌભાંડ ઝડપાયુ, સુરતના કરણ ડોડિયાની ધરપકડ

**• ૨૦૬ બોગસ પેઢીઓ દ્વારા ૧૫૪ કરોડની બોગસ ઈનપુર ટેક્સ ક્રેડિટ મેળવી**

વડોદરા : ઓલ ઈન્ડિયા લેવલે ૨૦૬ બોગસ પેઢીઓ દ્વારા રૂા.૧૫૪ કરોડની બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી રૂા.૧૧૦૧ કરોડના બોગસ બિલોનું કૌભાંડનુ ઝડપી પાડવામા 'આવ્યું છે. ૨૦૬ બોગસ પેઢીઓના ઓપરેટર તરીકે કાર્યરત સુરતના કરણ પ્રતાપભાઈ ડોડિયાની બુધવારે ધરપકડ કરી હતી.

વડોદરા ઝોનના સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓએ ૧૦ રાજયમાં પથરાયેલા આ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ કૌભાંડ બહાર લાવવા ૨૩ કમિશનરેટ કામે લાગ્યા હતા.

વડોદરા ઝોન હેઠળ સેન્ટ્રલ જીએસટી સુરત કમિશનરેટના અધિકારીઓએ ૪૦ બોગસ યુનિટ સામે કાર્યવાહી કરીને કરણ પ્રતાપભાઈ ડોડિયા પર સકંજો કસ્ય હતો. આ ૨૦૬ પેઢીઓના બોગસ રજિસ્ટ્રેશન છે. અને બેંક એકાઉન્ટ કરણ ડોડિયા ઓપરેટ કરે છે. સુરત કમિશનરેટ વિસ્તારમાં ૧૧ પેઢીઓ ઊભી કરી રૂા.૪.૯૧ કરોડની બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી છે.

૧૦ રાજયોમાં કાર્યરત ૨૩ કમિશનરેટ હેઠળના વિસ્તારોમાં ૨૦૬ બોગસ પેઢીઓ ભેજાબાજે ઊભી કરી હોવાનું તપાસમાં બહાર આવતાં સુરતના અધિકારીઓએ બોગસ બિલો અને બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ માટે મે. દશરથ ટ્રેડિંગ સામે કેસ દાખલ કર્યો છે. જેણે ૭.૯૮ કરોડની ગેરકાયદે જીએસટી ક્રેડિટ મેળવી છે. કરણની તેની મે. દશરથ ટ્રેડિંગ અને બીજી પેઢીઓ સાથે પણ ગેરકાયદે રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટમાં સંડોવણી હોવાનું બહાર આવ્યું છે. બોગસ અને ગેરકાયદે પેઢીએ જીએસટીઆર-૧ અને જીએસટીઆર-૩બી રિટર્ન પણ ભર્યા નથી.

# ઊંઝા ખાતે ૧૪૪ કરોડના બોગસ બિલિંગમાં સુપ્રીમ પટેલ ઝડપાયો

ઉંઝા : એસજીએસટી વિભાગે ઉંઝામાં બોગસ પેઢીઓના ઈ-વે બિલ જનરેટ કરીને તેમજ ઈ- વે બિલમાં દર્શાવેલા વેપારીઓ સિવાયના અન્ય વેપારીઓનો માલ મોકલીને આચરવામાં આવેલા રૂ. ૧૪૪.૩૫ કરોડના બોગસ બિલિંગ કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. ઉંઝામાં જીરાની કોમોડિટીમાં રૂ. ૧૪૪.૩૫ કરોડના બોગસ બિલિંગ કૌભાંડમાં રૂ. ૯ કરોડ, ૬૦ લાખની કરચોરી કૌભાંડમાં સન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના માલિક અને માસ્ટર માઈન્ડ સુપ્રીમ જીતેન્દ્ર પટેલની ધરપકડ કરીને મેટ્રોપોલીટન કોર્ટમાં રજૂ કરીને તેના રીમાન્ડ મેળવવાના પ્રયાસો હાથ ધરાયા છે. સુપ્રીમ પટેલે અન્ય બોગસ પેઢીઓ ઓપરેટ કરાતી હોવાની શક્યતા છે. ઉંઝામાં જીરૂની કોમોડિટીમાં બોગસ ઈ- વે બિલ જનરેટ કરીને અન્ય વેપારીઓને માલ મોકલાવાની તથા કરવેરો નહીં ભરવાની મોડસ ઓપરેન્ડી અપનાવીને કૌભાંડ આચરાતું હોવાની બાતમીના આધારે સ્ટેટ જીએસટીના અધિકારીઓ દ્વારા દરોડાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. ઉંઝામાં સુપ્રીમ જીતેન્દ્ર પટેલની માલિકીની સન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન પર પાડવામાં આવેલા દરોડામાં ધંધાના સ્થળેથી નહીં પરંતુ તેના રહેઠાણના સ્થળેથી અને તેના મોબાઈલમાંથી વાંધાજનક દસ્તાવેજો મળ્યા હતા.

# વડોદરામાં નર્સનું મર્ડર કરનાર પતિના અન્ય મહિલા સાથે સંબંધ

વડોદરા : શહેરમાં નર્સ પત્નીના ચરિત્ર પર શંકા કરીને ઉશ્કેરાયેલા પતિ દ્વારા હત્યા કરી નાખતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસ દ્વારા શિક્ષક પતિ જયેશ પટેલની ધરપકડ કરીને કોરોના ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો. તેનો રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ રવિવારે સાંજે સત્તાવાર ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આરોપીના રિમાન્ડ માટે કોર્ટમાં રજુ કરશે. નર્સ પત્ની પર શંકા શા માટે હતી અને પતિને ખરેખર કોઈ સાથે સંબંધ હતો કે કેમ તેની તપાસ પોલીસ ચલાવી રહી છે. આ ઉપરાંત આરોપી પતિનો મોબાઈલ ફોન પણ જપ્ત કરીને તેના સંબંધો અંગે પણ ચર્ચા કરી હતી. વડોદરા શહેરના આજવા રોડના અમરદીપ હોમ્સમાં રહેતા ગોત્રી હોસ્પિટલમાં ફરજ બજાવતા મહિલા નર્સ શિલ્પાબેન શુક્રવારે રાત્રે એક્ટિવા પર લઈને નોકરી પર જવા માટે નિકળ્યાં હતા. ત્યાર બાદ વૈકુંઠ-૨ નજીકના વળાંક પર તેમનો મૃતદેહ મળ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં હત્યાનો ખુલાસો થયો હતો. જેથી પોલીસે તેના પતિની પુછપરછ કરતા તેમાં સમગ્ર મુદે ઘટસ્ફોટ થયો હતો. જો કે પોલીસ પતિ જયેશને અન્ય કોઈ સ્ત્રી સાથે સંબંધ છે તેવી શંકા અને કંકાસથી કંટાળીને પત્નીની હત્યા કરી હોવાનું પોલીસ માની રહી છે.

# કરજણના કોલીયાદમાં એક જ પરિવારના ૩ પુત્રોની લાશ મળતાં પરિવારમાં માતમ

કરજણ તાલુકાના કોલીયાદ ગામે ગોચરમાં પડાવ નાખી રહેતાં અને સીમ રાખી પશુઓ ચરાવતાં બોટાદ જીલ્લાનાં જિંજાવદર ગામનાં માલધારીનાં એક જ પરિવારનાં ત્રણ સગીર બાળકો એકી સાથે ડુબી જતાં અને તેની લાશો ગામની તલાવડીમાં તરતી જોવાં મળતાં ચકચાર મચી જવા પામી છે. સદર કરૂણ ઘટનાને પગલે પરિવાર અને માલધારી સમાજમાં ઘેરાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.



સદર કરુણ ઘટનાંની વિગતો અનુસાર પાલેજ નજીક આવેલા કરજણ તાલુકાનાં કોલીયાદ ગામે છેલ્લાં ચાર વર્ષથી સુરેશભાઈ સાનિયાના પરિવાર સહિત દશ પરિવારો પશુઓ લઈ આ ગામે ચારો ચરાવવા આવતાં હતાં અને ગામની સીમમાં પશુઓ ચરાવી પશુપાલન કરી જીવન ગુજારતાં હતાં. ચાલુ વર્ષે આ માલધારીઓ આ ગામે આવી પહોંચ્યા હતાં. જેમાં સુરેશભાઈ સાનિયા મુખ્ય ગણાતાં હતાં તેમનાં પરિવારમાં પોતે, પત્ની અને ભોગ બનનાર ત્રણ કુળ દીપકો મળી પાંચ વ્યક્તિ હતી. મૂળ રહે જિંજાવદર તા.બોટાદ અને તેની આસપાસનાં ગામોમાંથી કુલ દશ પરિવારો પણ સાથે આવ્યાં હતાં. તેઓનો પડાવ ગામની પાછળ કબ્રસ્તાન નજીક આવેલ ગૌચરમાં હતો. પડાવની બાજુમાં તલાવડી આવેલી છે.

# બરોડા ડેરીમાં સંચાલક મંડળની ચૂંટણી કોંગી ધારાસભ્ય સહિત ૭ના ફોર્મ રદ

વડોદરા : બરોડા ડેરીની ચૂંટણીમાં ફોર્મ ચકાસણીની પ્રક્રિયા દરમિયાન કુલ સાત ઉમેદવારોના ફોર્મ રદ કરવામાં આવ્યા છે.તા.૧૦ થી ૧૭ ડિસે.સુધી ફોર્મ પરત ખેંચાનાર હોવાથી ત્યારપછી ચૂંટણીચિત્ર સ્પષ્ટ થશે.

બરોડા ડેરીની આગામી તા.૨૮મી ડિસેમ્બરે યોજાનાર ચૂંટણીમાં ફોર્મ ભરવાનો પહેલો તબક્કો પુરો થયો છે.જેમાં ભાજપની પેનલમાંથી વાઈસ ચેરમેનતેમજ કોંગ્રેસની પેનલમાંથી પાવી જેતપુર તાલુકાના ડેરીના ડિરેક્ટર રણજિતસિંહ રાઠવા બિનહરીફ જાહેર થતાં કુલ ૧૩ બેઠકો પૈકી હવે ૧૧ બેઠકો માટે ચૂંટણી યોજાશે. ચૂંટણીમાં કુલ ૪૮ ફોર્મ ભરાયા છે.જેમાં કેટલાક ઉમેદવારોએ બબ્બે ફોર્મ ભર્યા છે.આ પૈકી ૧૧ ઉમેદવારો સામે નિયમ મુજબ દૂધ નહીં ભરતા હોવાના,પ્રમુખ તરીકે નહીં રહ્યા હોવાના, પાંચમાંથી બે સામાન્ય સભામાં ફરજિયાત હાજર નહીં રહ્યા હોવાની તેમજ




મંડળીમાં ભેળસેળવાળું દૂધ મળી આવ્યું હોવાના જેવા જુદા જુદા મુદ્દે ડેરીના પેટા નિયમો અને સરકારના નિયમોને ટાંકી વાંધા રજૂ કરવામાં આવ્યા હતા. ચૂંટણી અધિકારીએ નિર્ણય લઈ પાદરાના કોંગી ધારાસભ્ય જશપાલસિંહ પઢિયાર અને સાવલીના પૂર્વ ડિરેક્ટર દિનશા પટેલ સહિત કુલ ૭ જણાના ફોર્મ રદ કર્યા હતા.

# મોડાસા, હિંમતનગર પાલિકામાં ચૂંટણી અધિકારીની નિમણૂંક

મોડાસા : રાજયની મહાનગર પાલિકા,નગરપાલિકા અને જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણી આગામી ફેબ્રુઆરી માસના છેલ્લા અઠવાડીયામાં યોજવાની સંભાવનાઓ વચ્ચે મોડાસા અને હિંમતનગર નગરપાલિકાની ચૂંટણી તૈયારીઓના ભાગરૂપે ચુંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિયુક્તિ કરી દેવાઈ છે.આગામી દિવસોમાં આ ચૂંટણીઓને લઈ જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવાથી માંડી રાજકીય પક્ષોના ઉમેદવારોનો સેન્સ મેળવવા સહિતની કાર્યવાહી હાથ ધરાય એમ મનાઈ રહયું છે.જયારે ૧૪ ડીસેમ્બરના રોજ મોડાસા નગરપાલિકાની મુદત પૂર્ણ થઈ રહી હોઈ ચૂંટણી સુધીની બાકીની મુદત માટે વહીવટદારની નિમણૂંક કરાશે એમ સૂત્રો જણાવી રહયા છે. અરવલ્લી જિલ્લા પંચાયત,૬ તાલુકા પંચાયતો અને મોડાસા નગરપાલિકા ની મુદત આ ડીસેમ્બર માસે પૂરી થઈ રહી છે. સરકારના અગાઉના આદેશ મુજબ નવેમ્બર માસે યોજાનાર આ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ ૩ માસ માટે પાછી ઠેલી દેવાઈ હતી.ત્યારે હવે આ ચૂંટણીઓ ફેબ્રુઆરી માસના અંતિમ અઠવાડીયામાં યોજાશે એવી વકી સાથે જ તંત્ર એ ચૂંટણીલક્ષી કાર્યવાહી હાથ ધરી છે.

# હિંમતનગરના મોતીપુરામાંથી ત્રણ પિસ્તોલ અને કારતુસ સાથે સાત શખ્સો પકડાયા

અમદાવાદ : બે દિવસ અગાઉ એલસીબીએ હિંમતનગરના મોતીપુરા સર્કલ નજીકથી ત્રણ પિસ્તોલ બે કારતુસ સહિત મહેસાણા અને બનાસકાંઠાના મળી સાત શકમંદોને દબોચી લઈ તેમની વધુ પુછપરછ હાથધરી છે. જેમાં શસ્ત્રો વેચતા અન્ય પાંચ શકમંદોને પકડવા માટે પોલીસે ચારેય દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કરી દીધો છે. એલસીબીએ થોડા સમય અગાઉ ખેડબ્રહ્મા આંગડીયા લૂંટ પ્રકરણમાં પાંચ શખ્સોને પીસ્તોલ તથા કારતુસ સાથે ઝડપી લીધા હતા ત્યારબાદ તેમની કરાયેલી વધુ પુછપરછમાં આ શસ્ત્રોની ખરીદી કોની પાસેથી કરી હતી તે અંગે પુછપરછ દરમિયાન પકડાયેલા રોહિતસિંહ રણવીરસિંહ ઝાલા, મહિપતસિંહ ચંપુભા ઝાલા, પધ્યુમનસિહ ઝાલા, હિતેશ દેસાઈ અને મહાવીરસિંહ જોધ્ધાએ પોલીસ સમક્ષ કબુલાત કરતા પોલીસ પણ ચોકી ગઈ હતી.

# રૂપાણી દ્વારા મહેસાણામાં ૨૮૭ કરોડની યોજનાઓનું ખાતમુહૂર્ત

**• અમે જે યોજનાનું ખાતમુહૂર્ત કરીએ છીએ તેનુ લોકાર્પણ કરીએ છીએઃ વિજય રૂપાણી**

મહેસાણા : મહેસાણા જિલ્લાના ત્રણ શહેરો અને ૨૫૦ જેટલા ગામડાઓને આવરી લઈ રૂા. ૨૮૭ કરોડના ખર્ચે પાણી પુરવઠાની વિવિધ ૬ યોજનાઓનું ખાતમુહૂર્ત કર્યા બાદ રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે કોંગ્રેસની બેધારી નીતિઓને કારણે લોકોનો વિશ્વાસ ગુમાવ્યો છે. એપીએમસી એક્ટમાં અગાઉ સુધારો કરવાની વાતો કરનાર કોંગ્રેસ હવે તેનો વિરોધ કરી રહી છે. જેથી તેમના ભ્રામક પ્રચારમાં આવ્યા વિના ગુજરાતમાં ખેડૂતો અને પ્રજાએ બંધના એલાનને નિષ્ફળ બનાવ્યો છે. મહેસાણા રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું હતું કે અમે જે યોજનાના કામોનું ખાતમુહૂર્ત કરીએ છીએ તેનું લોકાર્પણ અમે જ કરીએ છીએ. વધુમાં તેમણે ઉમેર્યુ 'હતું કે છેલ્લા ત્રણ દિવસમાં રૂપિયા ૨૨૭૬ કરોડની યોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. ગુજરાતનો વિકાસ ન રૂકશે ન ઝુકશે તેવું કહી મુખ્યમંત્રીએ જણાવ્યુ 'હતું કે કોરોનાના સમયમાં પણ રૂપિયા ૧૯૫૦૦ કરોડના વિવિધ લોકાર્પણ ખાતમુહૂર્તના કામો રાજ્યમાં કરવામાં આવ્યા છે.

# કારતક માસ સિદ્ધપુરમાં તર્પણ વિધિમાં છુટછાટ આપવા તંત્રનો નિર્ણય

સિદ્ધપુર : માતૃગયા તીર્થ સિદ્ધપુરમાં કારતક માસ દરમ્યાન શ્રાદ્ધ અને તર્પણ વિધિના વિશેષ મહત્વને લઈને શ્રાદ્ધાળુઓ ભારે અપેક્ષાઓ સાથે તર્પણ વિધિની મંજૂરી આપવામાં આવે તેવી રાહમાં હતા. તો બીજી તરફ સિદ્ધપુર સહિત પંથકના ઘણા કર્મકાંડી ભૂદેવોની આખા વર્ષની આજીવિકા પણ કારતક માસ દરમ્યાન થતી તર્પણ વિધિ ઉપર આધારિત હોવાથી તેઓ પણ કલેક્ટર દ્વારા પ્રતિબંધ હટાવાય તેવી માંગણી કરી રહ્યા હતા. જેથી આખરે પાટણ કલેક્ટર સુપ્રિતસીંઘ ગુલાટીએ તર્પણ વિધિ ઉપરનો અગાઉ મૂકેલો પ્રતિબંધ ઉઠાવી લીધો છે અને પોતાની મંજૂરી આપતાં નવું જાહેરનામું બહાર પાડી પાંચ વ્યક્તિઓની મર્યાદામાં તર્પણ વિધિ કરવાની છૂટ આપતાં તર્પણ વિધિ કરવા આવનાર શ્રાદ્ધાળુઓ તથા કર્મકાંડી ભૂદેવોમાં પણ ખુશીની લાગણી ફેલાઈ છે.

# પ. બંગાળમાં ભાજપ અધ્યક્ષ નડ્ડાના કાફલા પર હુમલો

## •કૈલાશ વિજયવર્ગીય, મુકુલ રોય અને દિલીપ ઘોષની કારને નુકસાન : ગૃહ મંત્રાલયે રાજ્ય સરકાર પાસે રિપોર્ટ માંગ્યો

કોલકાતા : પશ્ચિમ બંગાળમાં બુધવારે ઝેડ સિક્યુરિટી ધરાવતા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાના કાફલા પર તૃણમૂલ કોંગ્રેસના કથિત કાર્યકરો દ્વારા હુમલો કરાતાં પાર્ટીના મહાસચિવ કૈલાશ વિજયવર્ગીય, મુકુલ રોય સહિતના સંખ્યાબંધ નેતાઓને ઈજા પહોંચી હતી. જે. પી. નડ્ડા અને સાથી નેતાઓ કોલકાતાથી દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના ડાયમંડ હાર્બર ખાતે પાર્ટી કાર્યકરોની સભાને સંબોધન કરવા જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં આ હુમલો કરાયો હતો. આ હુમલામાં કૈલાશ વિજયવર્ગીય, મુકુલ રોય, દિલીપ ઘોષ સહિતના નેતાઓની કારને વ્યાપક નુકસાન થયું હતું. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નડ્ડાએ જણાવ્યું હતું કે, અમારા કાફલામાંની એકપણ કાર એવી નહોતી કે તેના પર હુમલો ન થયો હોય. હું સુરક્ષિત રહ્યો કારણ કે મારી કાર બુલેટપ્રૂફ હતી. પથ્થરમારામાં મુકુલ રોય અને કૈલાશ વિજયવર્ગીયને પણ ઈજાઓ પહોંચી છે. આ લોકશાહી પર કલંકરૂપ ઘટના છે. આ હુમલામાં કેટલાક મીડિયા હાઉસના વાહનોને પણ નુકસાન પહોંચ્યું હતું.

ડાયમંડ હાર્બર ખાતેની સભાને સંબોધતા નડ્ડાએ જણાવ્યું હતું કે, આજની ઘટના અત્યંત આઘાતજનક છે. પશ્ચિમ બંગાળમાં અસહિષ્ણુતા અને જંગલરાજનું સામ્રાજ્ય છે. ગુંડારાજને નાથવામાં રાજ્ય સરકાર સદંતર નિષ્ફળ રહી છે. જો પાર્ટીના વરિષ્ઠ નેતાઓ પર આ પ્રકારે હુમલો થતો હોય તો સામાન્ય કાર્યકર કેટલાં સુરક્ષિત હશે તે કલ્પનાનો વિષય છે. હું મા દુર્ગાની કૃપાના કારણે અહીં હેમખેમ પહોંચી શક્યો છું.



### સુરક્ષા વચ્ચે હુમલો કેવી રીતે થયો? : મમતા

નડ્ડાના કાફલા પર થયેલા હુમલા પર સવાલ ઉઠાવતા પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનરજીએ જણાવ્યું હતું કે, સમગ્ર ઘટના એક નૌટંકી છે. નાટક અને હોગ મીડિયા દ્વારા ભાજપ લોકોને રેલીમાં લાવવા નિષ્ફળ રહ્યો હતો. શું આ હુમલાની કોઇ યોજના બનાવવામાં આવી હતી? તેમણે વીડિયો કેવી રીતે તૈયાર કર્યા? બીએસએફ અને સીઆરપીએફની સુરક્ષા વચ્ચે કોઇ તમને સ્પર્શી પણ કેવી રીતે શકે? તૃણમૂલના નેતા સુબ્રતા મુખરજી જણાવ્યું હતું કે, નડ્ડા અને ભાજપના કાર્યકરો દ્વારા ઉશ્કેરણી કરાઇ હતી.

# ૧૫મીથી રામમંદિરનું કામ શરૂ, ટેકનિકલ નિષ્ણાતોના અભિપ્રાયની જોવાતી વાટ

અયોધ્યા : અયોધ્યામાં મોટે ભાગે પંદરમી ડિસેંબરથી રામ મંદિરનું બાંધકામ શરૂ થવાની શક્યતા હોવાનું જાણવા મળ્યું હતું. હાલ ટેક્નિકલ નિષ્ણાતોના અભિપ્રાયની વાટ જોવાઈ રહી હતી. મંગળવારે બે દિવસની નિષ્ણાતોની બેઠક પૂરી થઈ હતી ત્યારબાદ આ બેઠકોની વિગતો કેન્દ્ર સરકાર અને રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રે ટ્રસ્ટને સોંપવામાં આવશે. એ પછી બાંધકામ શરૂ કરવાનો નિર્ણય લેવાશે. બે દિવસ ચાલેલી બેઠકમાં લાર્સન એન્ડ ટુબ્રો, તાતા કન્સલ્ટીંગ એંજિનિયર્સ, આઈઆઈટી(ચેન્નાઇ), આઈઆઈટી (રુડકી), અક્ષરધામના વાસ્તુકાર બ્રહ્મવિહારી સ્વામી અને રામ મંદિરના નિર્માણમાં વ્યસ્ત આશિષ સોમપુરા હાજર હતા. દરેકે દરેક બાબતની ઝીણવટભરી ચર્ચા કરવામાં આવી હતી. એક અંદાજ એવો હતો કે ઓછામાં ઓછા એક હજાર વર્ષ ગમે તેવા પ્રતિકૂળ હવામાન અને ભૂકંપના આંચકા જેવી પ્રાકૃતિક આપત્તિઓ વચ્ચે પણ



અડીખમ ટકી રહે એવું બાંધકામ હોવું જોઈએ. રામ મંદિર જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર પ્રવક્તા અનિલ મિશ્રાએ કહ્યું કે મોટે ભાગે ૧૫ ડિસેંબરથી મંદિરની બહારની સિક્યોરિટી દિવાલનું બાંધકામ પહેલાં શરૂ થશે. એ પતી ગયા પછી અંદરનું કામકાજ શરૂ કરવાની યોજના હતી.

# ચીફ જસ્ટિસ અરવિંદ બોબડેના માતા સાથે અઢી કરોડની ઠગાઈ

## •સીડન લોનના કેરટેકર તાપસ ઘોષ સામે ફરિયાદ

નવી દિલ્હી : દેશના ચીફ જસ્ટિસ શરદ અરવિંદ બોબડેના માતુશ્રી મુક્તાબાઈ બોબડે સાથે અઢી કરોડ રૂપિયાની છેતરપીંડી થઈ હોવાની ફરિયાદ મુંબઈ પોલીસને કરવામાં આવી હતી. મુક્તાબાઈ નાગપુરમાં આકાશવાણી સ્ક્વેર પાસે સીડન લોન નામના પાર્ટી પ્લોટના માલિક છે. તેમણે ૨૦૦૭માં એક તાપસ ઘોષને આ પાર્ટી પ્લોટના કેરટેકર તરીકે રાખ્યો હતો, તાપસને પગાર ઉપરાંત દરેક બુકિંગ માટે કમિશન આપવામાં આવતું હતું મુક્તાબાઈની ઉંમર અને કથળતા સ્વાસ્થ્યને જોઈને તાપસ અને એની પત્નીએ આર્થિક ગોલમાલ શરૂ કરી હતી. પોલીસે જણાવ્યા મુજબ તાપસે સંખ્યાબંધ પાર્ટીઓને બોગસ રસીદ પકડાવીને પૈસા વસૂલ કર્યા પરંતુ મુક્તાબાઈને ચૂકવ્યા નહીં. આખરે મુક્તાબાઈએ પોલીસ ફરિયાદ કરી હતી. નાગપુર પોલીસ કમિશનર અમિતેશ કુમારે મિડિયાને કહ્યું કે ડીસીપી વિનિતા સાહુની આગેવાની હેઠળ પોલીસ તપાસ કરી રહી હતી. કેટલીક પાર્ટીઓએ બુકિંગ રદ કર્યા પછી પણ તેમણે ચૂકવેલાં નાણાંનું રિફંડ નહીં મળતાં આ કૌભાંડ બહાર આવ્યું હતું.

# પ. બંગાળના પૂર્વ મુખ્યમંત્રી બુધ્ધદેવની હાલત નાજુક, હૉસ્પિટલમાં દાખલ કરાયા

કોલકાતા : પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યપ્રધાન બુધ્ધદેવ ભટ્ટાચાર્યને શ્વસનસંબંધી સમસ્યાની સારવાર માટે દક્ષિણ કોલકત્તાની હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ૭૬ વર્ષના ભટ્ટાચાર્યની સ્થિતિ કટોકટીભરી હોવાનું જણાવાયુ છે. એમનો કોરોના ટેસ્ટ નેગેટિવ આવ્યો છે. સીપીઆઈ(એમ)ના આ નેતાને ખાનગી હોસ્પિટલના ક્રિટિકલ કેર યુનિટમાં વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યા છે. તેઓ હાલમાં નોન-ઈન્વેઝિવ વેન્ટિલેશન પરછે અને ૯૫ ટકા જેટલો ઓક્સિજન સેચ્યુરેશન જાળવી રહ્યા છે. એમની તબિયત કટોકટીયુક્ત છે. પરંતુ સારવારને પ્રતિભાવ આપે છે, એમ હોસ્પિટલના અધિકારીએ કહ્યું. પીઢ રાજકીય નેતાના પલ્સ અને બ્લડ પ્રેશર સ્થિર છે. તેઓ ૪ એન્ટિબાયોટિક્સ અને અન્ય સપોર્ટિંગ મેડિકેશન પર છે, એમ હોસ્પિટલના નિવેદનમાં જણાવાયું હતું.

# દેશમાં વાઈફાઈના નેટવર્ક ઊભા કરવા સરકારને કેન્દ્રિય કેબિનેટની મંજૂરી

નવી દિલ્હી : દેશભરમાં વ્યાપક વાઈફાઈ નેટવર્ક ઊભું કરવાની કેન્દ્ર સરકારની યોજનાને કેન્દ્રીય કેબિનેટે બુધવારે મંજૂરી આપી દીધી હતી. કોઈપણ પ્રકારની લાઈસન્સ ફીની વસૂલાત વિના પબ્લિક ડેટા ઓફિસના માધ્યમથી પબ્લિક વાઈફાઈ સર્વિસ ઉપલબ્ધ કરાવવા માટે પબ્લિક વાઈફાઈ નેટવર્કની સ્થાપના માટે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં મંજૂરી આપી દેવાઈ હતી. આ પબ્લિક વાઈફાઈ નેટવર્કને પીએમ-વાની નામ આપવામાં આવ્યું છે. દેશમાં પબ્લિક વાઈફાઈ નેટવર્કના વિકાસને પ્રોત્સાહન આપવા માટે આ યોજના તૈયાર કરાઈ છે.

કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કેબિનેટ બેઠક અંગે પત્રકારોને માહિતી આપતાં જણાવ્યું હતું કે, પીએમ વાની યોજના અંતર્ગત દેશભરમાં પબ્લિક ડેટા સેન્ટર ખોલવામાં આવશે. પબ્લિક ડેટા સેન્ટર માટે કોઈ લાઈસન્સ ફી ચૂકવવાની રહેશે નહીં અને રજિસ્ટ્રેશન પણ કરાવવું પડશે નહીં. દેશભરમાં પબ્લિક ડેટા ઓફિસ એગ્રીગેટર્સની નિયુક્તિ કરાશે જેઓ પબ્લિક ડેટા ઓફિસ દ્વારા સમગ્ર દેશમાં પબ્લિક વાઈફાઈ સર્વિસ પૂરી પાડશે. કેન્દ્ર સરકારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સરકાર આ યોજના દ્વારા દેશભરમાં બ્રોડબેન્ડ ઈન્ટરનેટ સેવાઓનો વ્યાપ વધારવા અને વેગ આપવા માગે છે.

# દિલ્હીમાંથી ૧૦.૫ કિલો ડ્રગ સાથે ભારતીય મહિલા-નાઈજિરિયન પુરૂષ પકડાયા

નવી દિલ્હી : નવી દિલ્હીથી ૧૦.૫ કિલોના ડ્રગ બેંગલુરૂ લઈ જવાનો પ્રયાસ કરનાર ભારતીય મહિલા અને એક નાઈજીરિયન પુરૂષની આજે ધરપકડ કરાઇ હતી. પકડાયેલા માલની આંતરરાષ્ટ્રીય કિંમત દસ કરોડ થાય છે. રેલવે પ્રોટેકશન ફોર્સે ૧૦.૫ કિલોનો એમ્ફેટામાઈનનો જથ્થો તેમની પાસેથી જપ્ત કર્યો હતો. આ બંને જણા રેલવેમાં ચઢવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે તેમની ધરપકડ કરાઈ હતી, એમ પોલીસે કહ્યું હતું. દિલ્હીની નિવાસી ૨૫ વર્ષની શ્રીમાથી અને નાઈજીરિયના ૪૦ વર્ષના ચીમા વિટાલિસ નવી દિલ્હી રેલવે સ્ટેશનેથી બેંગલુરૂ રવાના થવા માટે કોચમાં ચઢી રહ્યા હતા ત્યારે તેઓ પકડાઈ ગયા હતા. આરપીએફના એક અધિકારીએ કહ્યું હતું કે તપાસ કરતાં તેમની પાસેથી ૧૦.૫ કિલો એમ્ફેટેમાઈનની ગોળીઓ મળી આવી હતી.

# નવા સંસદ ભવનનું વડાપ્રધાનના હસ્તે ભૂમિપૂજન

## •હિન્દુ વિધિ મુજબ પૂજા કરાઈ, સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન થયું

નવી દિલ્હી : ભારતમાં નવા સંસદ ભવનનું નિર્માણ થવા જઈ રહ્યું છે. લગભગ ૯૭૧ કરોડ રુપિયાના ખર્ચે બનનારા સંસદના નવા બિલ્ડિંગ માટે ભૂમિપૂજન અને શિલાન્યાસ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું છે. હિન્દુ વિધિ પ્રમાણે પૂજા કરવામાં આવી હતી. આ દરમિયાન સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ચાર માળના નવા સંસદ ભવનના નિર્માણ માટે ૯૭૧ રુપિયાનો ખર્ચ કરવામાં આવશે અને ૬૪,૫૦૦ વર્ગ મીટર ક્ષેત્રફળમાં તૈયાર કરવાનો પ્રસ્તાવ છે. તેનું નિર્માણકાર્ય ભારતની



સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. નવી ઈમારતને ભૂકંપથી નુકસાન ના થાય તે રીતે ડિઝાઈન કરવામાં આવશે. પ્રત્યેક સંસદ સભ્યને ફરી નિર્માણ પામનારા શ્રમશક્તિ ભવનમાં કાર્યકાળ માટે ૪૦ વર્ગ મીટર જગ્યા આપવામાં આવશે, જેનું નિર્માણકાર્ય ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. નવા સંસદ ભવનના નિર્માણ માટે ઉપ રાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ એમ વેંકૈયા નાયડુ અને લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ક્રમશઃ રાજ્યસભા અને લોકસભામાં ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ કર્યું હતું. લોકસભા સચિવાલય દ્વારા જારી કરાયેલી એક જાહેરાતમાં જણાવાયું હતું કે નવા સંસદ ભવનની ડિઝાઈન અમદાવાદના મૈસર્સ એચસીપી ડિઝાઈન અને મેનજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરવામાં આવી છે. અને તેનું નિર્માણ ટાટા પ્રોજેક્ટ્સ લિમિટેડ દ્વારા કરવામાં આવશે. નવા સંસદ ભવનમાં તમામ આધુનિક ઓડિયો-વીડિયો ટેક્નોલોજી અને ટાટા નેટવર્કથી સજ્જ હશે.

### ગુરૂ નાનકનો ઉપદેશ સંભળાવી મોદીએ ખેડૂતોને આપ્યો સંદેશ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારના નવા સંસદ ભવનની શિલાન્યાસ દરમિયાન લોકશાહીથી જોડાયેલી અનેક વાતોનો ઉલ્લેખ કર્યો હતો. મોદીએ શીખોના પ્રથમ ગુરૂ નાનક દેવની કેટલીક વાતો જણાવી કહ્યું હતુ કે, “શીખ ગુરૂ નાનક દેવે કહ્યું છે કે જ્યાં સુધી દુનિયા રહે, ત્યાં સુધી સંવાદ ચાલતો રહેવો જોઇએ. લોકશાહીમાં આશાવાદને જગાવી રાખવો આપણી જવાબદારી છે. દેશમાં પોલિસીમાં અંતર હોઈ શકે છે, પરંતુ અમારું અંતિમ લક્ષ્ય પબ્લિક સર્વિસ જ છે. મોદી દ્વારા આ શબ્દોનો ઉપયોગ એવા સમયે કરવામાં આવ્યો છે, જ્યારે આંદોલન કરી રહેલા ખેડૂતો અને સરકારમાં સંવાદ તૂટતો જોવા મળી રહ્યો છે.

# શીખ ફોર જસ્ટિસ સેનામાં રહેલા શીખોને ઉશ્કેરી રહ્યું છે : એનઆઈએ

નવી દિલ્હી : રાષ્ટ્રીય તપાસ સંસ્થા (એનઆઈએ) દ્વારા દાખલ થયેલી ચાર્જશીટમાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકા સ્થિત ભાગલાવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસે પોતાના ખાલિસ્તાનના એજન્ડાને આગળ ધપાવવા ભારતીય સૈન્યમાં રહેલા શીખ સૈનિકોને ભારત વિરુદ્ધ બળવો કરવા ઉશ્કેરવાનું કાવતરું ઘડી કાઢયું છે. શીખ ફોર જસ્ટિસ( એસએફજે)ના ૧૬ જેટલા નેતાઓ વિરુદ્ધ આ ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું છે. ૧૬ આરોપીમાં ગુરુપતવંતસિંહ પન્નુન, ખાલિસ્તાન ટાઈગર ફોર્સના વડા હરદીપસિંહ નિજ્જાર, બબ્બર ખાલસા ઈન્ટરનેશનલના વડા પરમજિતસિંહ ઉર્ફે પમ્માનો સમાવેશ થાય છે. ચાર્જશીટમાં આક્ષેપ કરવામાં આવ્યા છે કે એસએફજે કાશ્મીરી યુવાનોને કટ્ટરપંથી પાઠ ભણાવીને કાશ્મીરને ભારતથી અલગ કરવા સંપૂર્ણ ટેકો જાહેર કરી રહ્યું છે. પાકિસ્તાનમાં સક્રિય એસએફજે અને ખાલિસ્તાનવાદી સંગઠનો ખેડૂતોના વર્તમાન આંદોલનનો ઉપયોગ ખાલિસ્તાની એજન્ડાને આગળ ધપાવવા માટે કરશે તેવી ચિંતા સેવાઈ રહી છે તે દરમિયાન એનઆઈએ દ્વારા આ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. રેફરન્ડમ ૨૦૨૦ કેસમાં અહીંની એક વિશેષ અદાલતમાં બુધવારે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. તેમાં એસએફજે ૧૬ જેટલા વિદેશમાં વસી રહેલા નેતા તેમ જ સભ્યો સામે આક્ષેપ કરવામાં આવ્યા છે. ગુરુપતવંતસિંહ પન્નુન ન્યૂયોર્કમાં વસે છે. ખાલિસ્તાન ટાઈગર ફોર્સના વડા હરદીપસિંહ નિજ્જાર કેનેડામાં વસે છે તો બબ્બર ખાલસા ઈન્ટરનેશનલના વડા પરમજિતસિંહ ઉર્ફે પમ્મા બ્રિટનમાં વસે છે.

## કોટાની હોસ્પિટલમાં ૯ નવજાત શિશુના મોતથી હડકંપ, તપાસના આદેશ

જયપુર : રાજસ્થાનના કોટાની જે.કે. લોન હોસ્પિટલમાં છેલ્લા ૨૪ કલાકમાં નવ નવજાતનાં મોત થતા જિલ્લા કલેકટરે તપાસ સમિતિની રચના કરી હતી.. તે જ સમયે, જે.કે. લોન હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડન્ટ એસ.સી. દુલારાએ જણાવ્યું હતું કે, ૯ નવજાત બાળકોમાંથી ત્રણને મૃત લાવવામાં આવ્યા હતા, ૩ને જન્મજાત બિમારી હતી અને ૨ રેફરલ કેસ હતા. આ મુદ્દે રાજસ્થાનના આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, તમામ મેડિકલ કોલેજના પ્રાચાર્યોને નવજાત શિશુઓની સારવાર પ્રત્યે વિશેષ કાળજી લેવાની સૂચના અપાઈ છે. ડોકટરોની બેદરકારીને લીધે કોઈ પણ નવજાત શિશુનું મોત ન થવું જોઈએ. મુખ્યમંત્રી અને સરકાર આ મુદ્દાને ખૂબ જ ગંભીરતાથી લઈ રહી છે.

ક્લાસીફાઈડ / Classified

STUDENTS PART TIME OR FULL TIME
REQUIRED FOR THE PACKAGING INDUSTRY IN SCARBOROUGH
- :: CONTACT ::-
ttparikh@hotmail.com

રસોઈ કામ માટે બહેનની જરૂર છે
રસોઈ કામ માટે રિચમન્ડ હીલ ખાતે વેજીટેરિયન કપલ માટે બહેનની જરૂર છે. અઠવાડિયામાં ત્રણ દિવસ / અનુકુળ સમય મુજબ. આવવા જવાની સગવડ જાતે કરવી. યોર્ક રિજનથી આવનારને પહેલી પસંદગી.
સંપર્ક કરો : 416-846-8002

## કર્ણાટક વિધાનસભામાં ગોહત્યા વિરોધી કાયદો પસાર, કોંગ્રેસનો સભાત્યાગ

બેંગ્લુરૂ : કર્ણાટકમાં છેલ્લાં ઘણા સમયથી ગોહત્યા રોકવા માટે કાયદો લાવવા અંગે મથામણ ચાલતી હતી. થોડા સમય પહેલાં આ ખરડો તૈયાર કરીને વિધાનસભામાં મૂકવામાં આવ્યો હતો. ગુરુવારે કર્ણાટક વિધાનસભાએ ગોહત્યા પ્રતિબંધક અને પશુ બચાવ (સુધારા) વિધેયકને બહાલી આપ્યા પછી કર્ણાટકના પુર્વ મુખ્યપ્રધાન સિદ્ધારમૈયાએ આ ઘટનાને લોકશાહીની હત્યા બરોબર વર્ણવી હતી. તેમણે જણાવ્યું હતું કે સરકાર કાયર છે. શ્રેણીબદ્ધ ટ્વિટ કરતાં કોંગ્રેસના વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે વિધાનસભામાં ચર્ચા વિના જ ગોહત્યા વિરોધી વિધેયક પસાર કરવામાં આવ્યું છે. કોંગ્રેસે આ બિનલોકશાહી કૃત્યના વિરોધમાં ગુરુવારે વિધાનસભા બેઠકનો બહિષ્કાર કર્યો હતો.

## દેશમાં કોરોનાના વધુ ૩૧,૦૨૬ કેસ નોંધાયા , ૩૯૬ લોકોના મોત

નવી દિલ્હી : ભારત દેશમાં કોરોનાના કેસમાં યથાવત્ સ્થિતિ જોવા મળી છે. વીતેલા ૨૪ કલાકમાં કુલ ૩૧,૦૨૬ નવા કેસ સામે આવ્યા છે, તો ૩૭,૧૫૦ દર્દી સારવાર લઈને સાજા થયા છે. ૨૪ કલાકમાં કુલ ૩૯૬ દર્દીના મૃત્યુ નોંધાયા છે. નવા કેસની તુલનામાં સાજા થઈ રહેલા દર્દીઓની સંખ્યા વધુ હોવાથી સક્રિય કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. હાલમાં ૩,૭૨,૨૯૩ દર્દી સારવાર હેઠળ છે. વિશ્વમાં કોરોનાના વધી રહેલા કેસ વચ્ચે ભારત માટે સારા સમાચાર છે. સક્રિય કેસને મુદ્દે વિશ્વના ટોચના ૧૦ દેશોમાં ભારત નવમા ક્રમે છે.

દેશમાં અત્યાર સુધીમાં કોરોના સંક્રમણના ૯૭.૬૭ લાખ નોંધાઈ ચૂક્યા છે. તે પૈકી ૯૨.૫૨ લાખ દર્દી સાજા થઈ ચૂક્યા છે. ૧.૪૧ લાખ સંક્રમિતોના મૃત્યુ નોંધાયા છે. તે દરમિયાન ઓલ ઈન્ડિયા ડ્રગ એક્શન નેટવર્કે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય, નીતિ પંચ તેમ જ ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાને પત્ર લખીને કોવિડ-૧૯ વેક્સિનના ઈમરજન્સી ઉપયોગની મંજૂરી પ્રક્રિયામાં પારદર્શકતા લાવવા અનુરોધ કર્યો છે. દિલ્હીમાં ૩૩ હોસ્પિટલોના સંચાલકો ૮૦ ટકા આઈસીયુ પથારી કોરોના દર્દીઓ માટે અનામત રાખવાના આદેશ વિરુદ્ધ હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા છે. બુધવારે આ મુદ્દે સુનાવણી થતાં કોર્ટે દિલ્હી સરકારને આ મુદ્દે પુનઃવિચારણા કરવા જણાવ્યું છે. રાજધાની દિલ્હીમાં બુધવારે સંક્રમિતોના ૨,૪૬૩ નવા કેસ નોંધાયા હતા.

## આવતા વર્ષે જૂન પછી દેશમાં જિઓ 5G લોન્ચ થશે : મુકેશ અંબાણી

મુંબઈ : ઉદ્યોગપતિ મુકેશ અંબાણીએ મંગળવારે વર્ષ ૨૦૨૧ના બીજા છ માસમાં એટલે કે આગામી વર્ષે જૂન પછી 5G ટેલિકોમ સેવા શરૂ કરવાના સંકેત આપ્યા હતા. તેમણે કહ્યું કે, સમગ્ર દેશમાં દરેક જગ્યાએ અફોર્ડેબલ રીતે ઉપલબ્ધ થાય તેવી અલ્ટ્રા-હાઈ-સ્પીડ 5G સેવા વહેલી તકે શરૂ કરવા માટે નીતિવિષયક પગલાં લેવાય તે જરૂરી છે. તેમણે દેશમાં હાર્ડવેર મેન્યુફેક્ચરિંગ વિકસાવવા માટે પણ તરફેણ કરી છે. તેમણે ઉમેર્યું હતું કે, ટેલિકોમ જેવા અત્યંત મહત્વના ક્ષેત્રમાં ભારતે આયાત પર નિર્ભર રહેવું ન જોઈએ. મુકેશ અંબાણીની ચાર વર્ષ પહેલાં રજૂ થયેલ જિયો ટેલિકોમ સાહસે મફત વોઈસ કોલિંગ અને ડેટા માટે સૌથી સસ્તા દર ઓફર કરીને ટેલિકોમ ઉદ્યોગમાં ટોચનું સ્થાન હાંસલ કરી લીધું છે. 5G પાંચમી પેઢીનું મોબાઈલ નેટવર્ક છે, જે મશીન્સ, વસ્તુઓ અને ડિવાઈસીસ સહિત પ્રત્યેક વસ્તુને પ્રત્યેક વ્યક્તિ સાથે વર્ચ્યુઅલી સાંકળશે.

# માનવી પર સંકટ, આપત્તિ તથા માઠા દિવસો શા માટે આવે છે?

ભાગ-૨

"જો પાલનહાર અલ્લાહ તમારી સહાય કરે, તો કોઈ શક્તિ તમારી ઉપર વિજયી નહિં થઈ શકે. અને જો તે તમોને છોડી દે, તો તેના પછી કોણ છે જે તમારી સહાય કરી શકે ? માટે શ્રદ્ધાળુઓ (ઈમાનવાળાઓ)એ પાલનહાર અલ્લાહ પર જ સંપૂર્ણ શ્રધ્ધા(ઈમાન) રાખવી જોઈએ." (પ્રકરણ ૩, શ્લોક ૧૬૦)

આવા સંકટ અને માઠા દિવસોના સમયે માનવીએ શું કરવું જોઈએ? તે વિષે કુરાન મજીદમાં આ બોધવચન છે :

"અને અમે ચોક્કસ તમારી કસોટી (ચકસાણી- પરીક્ષા) ભય, ભુખ, જાનમાલના નુકસાન અને ખેતીવાડી(અનાજ ફળફળાદી)ના નુકસાન વડે કરીશું. આ સંજોગોમાં જે લોકો પર જ્યારે કોઈ આપત્તિ (મુસીબત) આવી પડે છે, તો ખુશખબરી તે સંયમી લોકો માટે છે, જેઓ આ સંજોગોમાં કહે છે કે, "અમે પાલનહાર અલ્લાહ માટે જ છીએ, અને તેની તરફ જ અમારે પાછા ફરવાનું છે." આ લોકોની ઉપર તેમના પાલનહાર અલ્લાહ તરફથી મોટી બક્ષિસો હશે અને તેની મોટી કૃપા હશે. અને આ લોકો જ સીધા માર્ગે ચાલનારાઓ છે."

(પ્રકરણ ૨, શ્લોક ૧૫૫, ૧૫૬ અને ૧૫૭)

ઘણીવાર એ પણ જોવામાં આવ્યું છે કે જ્યારે માનવીને પોતાના પાલનહાર તરફથી બક્ષિસોથી નવાજવામાં આવે છે, તો તે પોતાના પાલનહારનો આભાર માનવાને બદલે તેને ભુલી જાય છે, અને પોતાનું મુખ(કે પીઠ) ફેરવી લે છે. પણ



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

જ્યારે તેના પર કોઈ સંકટ (મુસીબત) આવી પડે છે, તો તે નિરાશ થઈ જાય છે, અને ત્યાર પછી તે પાલનહાર અલ્લાહની તરફ રજૂ થાય છે અને લાંબી લાંબી પ્રાર્થનાઓ (દુઆઓ) કરવા મંડી પડે છે. આ વિષે કુરાન મજીદમાં આ પ્રમાણે બોધવચનો છે:

"મનુષ્યની સ્થિતિ એ છે કે જ્યારે અમે તેને બક્ષિસોથી નવાજીએ છીએ, ત્યારે તે તેને ગણકારતો નથી અને મોઢું ફેરવી લે છે. અને જ્યારે તે સંકટમાં આવી પડે છે,તો તે નિરાશ થવા માંડે છે." (પ્રકરણ ૧૭, શ્લોક ૮૩)

"મનુષ્યને અમે જ્યારે બક્ષિસો (આશીર્વાદ)થી નવાજીએ છીએ, ત્યારે તે તેને ગણકારતો નથી અને મોઢું ફેરવી લે છે, અને જ્યારે તેના પર સંકટ (મુસીબત) આવી પડે છે, તો તે લાંબી લાંબી પ્રાર્થનાઓ (દુઆઓ) કરવા લાગે છે. (પ્રકરણ ૪૧, શ્લોક ૫૧)

ઉપસંહારએ કે માનવીએ ક્યારે પણ

ઈસ્લામની આરસી
કાસિમ અબ્બાસ

એવા સંજોગો ન સર્જવા જોઈએ કે તેને તેના થકીના કાર્યોથી સંકટનો સામનો કરવો પડે, કારણ કે કુરાન મજીદના બોધવચનો અનુસાર તેના પર આવી પડેલ સંકટનું કારણ તેના પોતાના કાર્યો જ છે. અને લાંબા અનુભવોના આધારે જે કહેવતો પડેલ છે, તે એ વાતનો પુરાવો છે, જે કુરાન મજીદના બોધવચનોમાં કહેવામાં આવેલ છે.

અને સંજોગવસાત જ્યારે માનવી પર કોઈ નાની મોટી આપત્તિ આવી પડે છે, જેના વિષે તેને કોઈ જ્ઞાન ન હોય કે આ આપત્તિ તેના પર શા કારણથી આવેલી છે, તો આ આપત્તિને તેણે પાલનહાર તરફથી કસોટી (ચકસાણી-પરીક્ષા) સમજવી જોઈએ અને સંપૂર્ણ રીતે સંયમ(સબ્ર) જાળવવો જોઈએ, જેનો આદેશ કુરાન મજીદમાં આપવામાં આવેલ છે.

માટે પામર માનવીએ એ વાત હંમેશા યાદ રાખવી જોઈએ કે તેના પર આવેલા સંકટ, આપત્તિ તથા માઠા દિવસો માટે એકંદરે માનવી પોતે જ જવાબદાર હોય છે. તેનાથી બચવા માટે અને તેને પોતાનાથી દુર રાખવા માટેની ચાવી માનવીના પોતાના પાસે જ છે, અને તે ચાવી એ છે કે તેણે ક્યારેય પણ કોઈ એવા કૃત્યો ન કરવા જોઈએ જેના થકી કોઈ સંકટ કે આપત્તિ તેના પર આવી પડે. અને તે માટે માનવીએ ઉપર આપેલ કુરાન મજીદના બોધવચનો અને લાંબા અનુભવના આધારે પડેલી કહેવતોને હંમેશા યાદ રાખવા જોઈએ.

સત્ય તો એ છે કે જગતમાં માનવી પર જ્યારે પણ કોઈ એવા પ્રકારની આપત્તિ કે સંકટ આવી પડે, જે માનવ સર્જીત ન હોય એટલે કે કુદરતી આફત તરીકે હોય જેવી કે ધરતીકંપ, પ્રલય, વાવાઝોડું, આંધી, તોફાન, આગ, દુકાળ વગેરે ત્યારે તેણે પોતાના બચાવમાં જે કંઈ પણ તેનાથી થઈ શકે તેવા પગલા જરૂર લેવા જોઈએ, અને આ કુદરતી આપત્તિ ને પાલનહાર તરફથી એક કસોટી (આઝમાયશ) સમજીને સંયમ પણ જાળવવો જોઈએ એટલે કે સબ્ર કરવો જોઈએ.

તે ઉપરાંત માનવીએ એ વાત પણ હંમેશા યાદ રાખવી જોઈએ કે જ્યારે પણ પાલનહાર અલ્લાહ તરફથી માનવીને બક્ષિસો તથા આશીર્વાદો (નેઅમતો અને ફઝલો કરમ)થી નવાજવામાં આવે, ત્યારે માનવીએ પાલનહારનો અતિ આભાર માનવો જોઈએ, અને ન કે તેના તરફથી મુખ (કે પીઠ) ફેરવવુ જોઈએ. આ કાર્ય જ માનવીને મહાન બનાવે છે અને પાલનહારની નજરમાં તેને માન મરતબા વાળો માનવી બનાવે છે. સમાપ્ત

# બારામુલ્લામાં ગ્રેનેડ હુમલો, ૪ નાગરિક ઘાયલ : પુલવામામાં ત્રણ આતંકી ઠાર

**• કાશ્મીરમાં સૈન્ય-આતંકીઓ વચ્ચે બે મોટા ઘર્ષણ : ભારત ફરી સર્જિકલ સ્ટ્રાઇક કરશે તેવા ડરને પગલે પાકિસ્તાને સૈન્યને એલર્ટ કર્યું**

શ્રીનગર : જમ્મુ કાશ્મીરના પુલવામામાં સૈન્ય અને આતંકીઓ વચ્ચે સામસામે ભારે ગોળીબાર થયો હતો. આ દરમિયાન સૈન્યએ ત્રણ આતંકીઓને ઠાર માર્યા હતા. જ્યારે અન્ય આતંકીઓ નાસી જતા તેની શોધખોળ માટે સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. આ એન્કાઉન્ટર દરમિયાન એક નાગરિક પણ ઘવાયો છે. દરમિયાન બારામુલ્લામાં ગ્રેનેડ હુમલામાં ચાર નાગરિકો ઘવાયા છે. બારામુલ્લાના પટ્ટન વિસ્તારમાં સિંઘપોરામાં આતંકીઓ દ્વારા ગ્રેનેડ હુમલો કરાયો હતો. અહીંથી પસાર થઈ



રહેલા સુરક્ષા જવાનોના વાહનને ટાર્ગેટ કરીને આ હુમલો કરાયો હતો જોકે ગ્રેનેડ નિશાન ચુકી જતા નાગરિકો પર પડયો હતો જેને પગલે ચાર લોકો ઘવાયા હતા. બીજી તરફ પાકિસ્તાનને હવે ડર છે કે ભારત ગમે ત્યારે બીજી સર્જિકલ સ્ટ્રાઇક કરી શકે છે. જેને પગલે ડરના માર્યા પાકિસ્તાને પોતાના સૈન્યને એલર્ટ કરી દીધુ છે.

# કુંભમેળામાં તંબુ કોન્ટ્રાક્ટર લલ્લુજી એન્ડ સન્સનું ૧૦૯ કરોડનું કૌભાંડ

**• ૨૦૧૯માં પ્રયાગમાં યોજાયેલા મેળાના બિલોમાં ભ્રષ્ટાચાર, ૧૧ સામે ફરિયાદ દાખલ**

પ્રયાગરાજ : ૨૦૧૯માં પ્રયાગરાજમાં યોજાયેલા કુંભમેળામાં મોટાપાયે ભ્રષ્ટાચાર સામે આવ્યો હતો. ૧૦૯ કરોડના ભ્રષ્ટાચાર મુદ્દે ૧૧ સામે તપાસનો આદેશ થયો છે. તંબુના કોન્ટ્રાક્ટરે નકલી બિલ રજૂ કર્યા હતા. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ૨૦૧૯માં યોજાયેલા કુંભમેળામાં ભ્રષ્ટાચાર થયો હતો. ૧૦૯ કરોડના નકલી બિલ રજૂ કરીને પેમેન્ટ ખોટી રીતે પેમેન્ટ મેળવ્યાનો દાવો થયો હતો. કુંભ મેળામાં ઘણાં વર્ષોથી તંબુની સુવિધા આપનારી કંપની લલ્લુજી એન્ડ સન્સે જ મોટો ભ્રષ્ટાચાર આચર્યો હતો. આ ઘટના પછી પ્રયાગરાજ કુંભમેળા સમિતિએ પાંચ વર્ષ માટે કંપનીને બ્લેકલિસ્ટ કરી છે. સમિતિના અધિકારીઓએ કહ્યું હતું કે ૨૭મી ફેબ્રુઆરી ૨૦૧૯થી ૬ જુલાઈ ૨૦૧૯ વચ્ચે આ કંપની અને તેના ભાગીદારોએ કુલ ૧૯૬ કરોડ રૂપિયાના બિલ રજૂ કર્યા હતા. એમાં ભ્રષ્ટાચાર થયાનું ખુલ્યું હતું. શરૂઆતી તપાસમાં જણાયું હતું કે ૮૬ કરોડના બિલ બરાબર હતા, પરંતુ ૧૦૯ કરોડના વાઉચર અને બિલ નકલી હતા. ટેન્ટની સર્વિસના ખોટા બિલ રજૂ કરીને કંપનીએ પેમેન્ટની માગણી કરી હતી.

# બિહારના દરભંગામાં ભરબપોરે રૂપિયા ૭ કરોડના દાગીનાની લૂંટ

દરભંગા : બિહાર પણ ઉત્તર પ્રદેશની જેમ જંગલરાજમાં ફેરવાઈ રહ્યું હોય એવું લાગે છે.બદમાશોએ પોલીસને ખુલ્લો પડકાર ફેંક્યો હતો કે તમારામાં તાકાત હોય તો અમને પકડી બતાવ. આજે દરભંગાના સૌથી મોટા બજારમાં આવેલી એક સોનીની દુકાનમાંથી લગભગ સાત કરોડના દાગીનાની લૂંટ થઈ હતી. બાઈકને દૂર મૂકીને ચાલતા ચાલતા સોનીની દુકાને આવેલા લૂંટારૂઓએ લૂંટ પછી આડેધડ ફાયરિંગ કર્યું હતું અને નિરાંતે ત્યાંથી ભાગી ગયા હતા.નવાઈ વાત તો એ હતી કે ઘટના સ્થળથી માત્ર થોડા મીટર દૂર જ પોલીસ સ્ટેશન આવેલું છે, છતાં પોલીસને ત્યાં પહોંચતા અર્ધો કલાક લાગ્યો હતો.

લૂંટારૂઓ હાથમાં તમંચા લઈ બજારમાં લોકોને ડરાવતા ડરાવતા નીકળી ગયા હતા અને ત્યાં હાજર લોકો તેમને જોતા રહી ગયેલા.એક મોટા થેલામાં લૂંટારૂઓએ તમામ આભુષણો ભરી લીધા હતા અને નીકળી ગયા હતા. ઉત્તર પ્રદેશના જંગલરાજની યાદ અપાવે તેવી ઘટનાની તપાસ કરવા પોલીસ મહાનીરિક્ષક અજીતાભ કુમાર અને વરિષ્ઠ પોલીસ અધિકારી બાબુરામ પહોંચ્યા હતા, પરંતુ તેઓ કંઈ જણાવી શક્યા નહતા.

# રાજસ્થાનની પંચાયતની ચૂંટણીમાં ભાજપની જીત, કૃષિ કાયદો લોકોએ પસંદ કર્યાનો દાવો

**• પંચાયત સમિતીની ૪૩૭૧ બેઠકોમાંથી ભાજપને ૧૯૮૯, કોંગ્રેસને ૧૮૫૨ અને ડાબેરીઓને ૨૬ પર જીત**

જયપુર : રાજસ્થાનમાં યોજાયેલી પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસે હારનો સામનો કરવો પડયો છે જ્યારે ભાજપે ઘણી પંચાયતો પર જીત મેળવી લીધી છે. જેને પગલે હવે ભાજપે દાવો કર્યો છે કે ખેડૂતોના કાયદાઓમાં જે સુધારા કર્યા તે મતદારોને પસંદ આવ્યા હોવાથી અમારી જીત થઈ છે. જ્યારે કોંગ્રેસે આ દાવાને ફગાવ્યા હતા. ૪૩૭૧ પંચાયત સમિતી બેઠકોમાંથી ભાજપે ૧૯૮૯ પર કબજો મેળવ્યો છે. જ્યારે કોંગ્રેસને ૧૮૫૨ પંચાયત સમિતી સીટ પર જીત મળી છે. સ્થાનિક પંચાયતની ચૂંટણીના ચારેય તબક્કાના બધા જ




પરીણામો જાહેર થઈ ગયા છે. સીપીઆઈ(એમ)એ પણ ૨૬ બેઠકો પર જીત મેળવી છે. આરએલપીને પણ છ બેઠકો મળી છે. બસપાએ પાંચ જ્યારે અપક્ષ ઉમેદવારોએ ૪૩૯ પંચાયત સમિતી સીટ પર કબજો કર્યો છે. જ્યારે દરેક જિલ્લા પરિષદ સ્તરે ભાજપે ૬૩૫માંથી ૩૫૩ પર જીત મેળવી છે.

# ઓરિસ્સાની રૂરકેલા કંપનીમાં આઈટીના દરોડા : ૧૭૦ કરોડનું કાળુ નાણું ઝડપાયું

**• સ્ટીલના ઉત્પાદન અને વેપારમાં સંકળાયેલી કંપનીએ પોતાના રોજમદારોને કંપનીના બોગસ ડાયરેકટર બનાવ્યા હતા**

બેંગ્લોર : સ્ટીલનું ઉત્પાદન અને વેપાર કરતી ઓડિશા સ્થિત કંપની પર આવક વેરા વિભાગે દરોડા પાડતા ત્યાંથી રૂપિયા ૧૭૦ કરોડનું કાળુ નાણું ઝડપાયું હતું અને રોજમદારોને કંપનીના બોગસ ડાયરેકટર બનાવ્યા હોવાનું પણ ઘટસ્ફોટ થયો હતો, એમ સીબીડીટીની એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું. રૂરકેલામાં અને તેની આસપાસમાં એકમો ધરાવતી કંપની પર દરોડા પાડવામાં આવ્યા હતા.'આ કંપની ૧૭ બનાવટી કંપનીઓના નામે બે નાણાકીય વર્ષ માટે આશરે રૂપિયા ૧૭૦ કરોડની બોગસ ખરીદી બુકીંગ કરતી હતી'એમ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટર ટેક્સીસ (સીબીટીડી)એ એક




નિવેદનમમાં કહ્યું હતું. આવક વેરા વિભાગનું અધિકૃત્ત એકમ એવા આવક વેરા વિભાગે કંપનીનું નામ આપ્યું નહતું. પરંતુ કહ્યું હતું કે તમામ ૧૭ કંપનીઓ અને તેની સાથે સંકળાયેલા લોકોએ સર્ચ ઓપરેશન દરમિયાન પોતાના નિવેદનોમાં આ વાતનો સ્વીકાર કર્યો હતો.

# ગુવાહાટીની આઇઆઇટીએ હવામાંથી પાણી બનાવવાની ટેક્નોલોજી શોધી

ગુવાહાટી : ઈન્ડિયન ઈન્સ્ટીટયૂટ ઓફ ટેકનોલોજી, ગુવાહાટીના સંશોધકોએ દાવો કર્યો છે કે તેમણે હાઈડ્રોફોબોસિટીનો ઉપયોગ કરીને હવામાંથી પાણી બનાવવાની નવી ટેકનોલોજીનો વિકાસ કર્યો છે.

આઈઆઈટી, ગુવાહાટીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે રસાયણ વિજ્ઞાનના એસોસિએસિટ પ્રોફેસર ઉત્તમ મન્ના અને તેમના રિસર્ચ સ્કોલર્સ કૌશિક માજી, અવજિત દાસ અને મનિદિપા ધારની ટીમે કરેલા સંશોધન અંગેનો અહેવાલ રોયલ સોસાયટી ઓફ કેમેસ્ટ્રી નામની જર્નલમાં પ્રકાશિત થયો છે.

એક તરફ જ્યારે વિશ્વના અનેક દેશો પીવાના પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યાં છે ત્યારે આઈઆઈટી, ગુવાહાટીના આ સંશોધનને ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે.

ઈન્ડિયન ઈન્સ્ટીટયૂટ ઓફ ટેકનોલોજીએ એવો પદાર્થ તૈયાર કર્યો છે જેની મદદથી હવામાંથી પાણીનું નિર્માણ કરી શકાય છે. જર્નલ ઓફ રોયલ સોસાયટીમાં પ્રકાશિત થયેલા અહેવાલ અનુસાર હવામાંથી પાણી બનાવવા માટે હાઈડ્રોફોબોસિટી ટેકનિકનો ઉપયોગ કરવાાં આવ્યો છે. આ ટેકનિકમાં એવા પદાર્થનો ઉપયોગ કરવામાં આવે છે જે પાણીને સુકવી નાખતા નથી.

# ભારત-ચીન દોકલામ વિવાદ: ચીને એલએસી નજીક મોટા સૈન્ય કેમ્પ ઊભા કરી દીધા

નવી દિલ્હી : વર્ષ ૨૦૧૭માં દોકલામ વિવાદ સર્જાયા પછી સૈન્ય સંઘર્ષ દરમિયાન તેની તૈયારીના ભાગરૂપે ચીન વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) નજીક અંતરિયાળ વિસ્તારોમાં સૈન્ય કેમ્પ વિકસાવી રહ્યું છે તેમ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું. ચીન અને ભારત વચ્ચે આ વર્ષે એપ્રિલ-મેથી પૂર્વીય લદ્દાખમાં સંઘર્ષ ચાલી રહ્યો છે, જેનો હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. ભારત અને ચીન પૂર્વીય લદ્દાખમાં સંઘર્ષના વચ્ચે પોતાના વલણ પર અડગ રહ્યા હોવાથી આકરા શિયાળા છતાં હિમાલયના પર્વતીય વિસ્તારોમાં બંને દેશના સૈનિકો ફોરવર્ડ પોસ્ટ પર નિયુક્ત છે. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, ચીન સંપૂર્ણ વાસ્તવિક અંકુશ રેખા (એલએસી) પર તેની બાજુ અંતરિયાળ વિસ્તારોમાં સૈન્ય કેમ્પ ઊભા કરી રહ્યું છે. ચીનના આવા લગભગ ૨૦ કેમ્પ્સ ભારતીય સૈન્યના ધ્યાનમાં આવ્યા છે.

# ઝારખંડમાં પાંચ બાળકોની માતા સાથે ૧૭ શખ્સોનું સામુહિક દુષ્કર્મ

રાંચી : ઝારખંડમાં દુમકા જિલ્લાના મુફસ્સિલ પોલીસ સ્ટેશનમાં પતિની સાથે મેળો જોઈને ઘરે પાછી આવી રહેલ પાંચ બાળકોની માતા સાથે સામૂહિક દુષ્કર્મ થયાનો કિસ્સો સામે આવ્યો છે. આ ઘટના મંગળવારે મોડી રાત્રે એ સમયે બની જ્યારે મહિલા મેળો જોઈને પાછી આવી રહી હતી. સંથાલના ડીઆઈજી સુદર્શન પ્રસાદ માંડલ એ ઘટનાની પુષ્ટિ કરતાં કહ્યું કે પોલીસ કેસની તપાસ કરી રહ્યું છે. સાથો સાથ ઘટનામાં સંડોવાયેલા આરોપીઓની ધરપકડ માટે કાર્યવાહી શરૂ કરી દીધી છે.

આની પહેલાં ડીઆઈજીની સાથે પોલીસ અધિક્ષક અંબર લકડા એ ઘટનાની માહિતી મળતા જ પોલીસ અધિકારીઓને મુફસ્સિલ પોલીસ સ્ટેશન પહોંચીને ઘટનાના સંબંધમાં માહિતી લીધી અને પીડિત મહિલાના નિવેદનના આધાર પર કેસની તાત્કાલિક તપાસ કરીને સંડોવાયેલા આરોપીઓને મોડું કર્યા વગર પડકવાના નિર્દેશ આપ્યા. તેમણે કહ્યું કે પીડિતાને મેડિકલ તપાસ માટે મોકલી દેવાઈ છે.

ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ સુદર્શન પ્રસાદ માંડલે કહ્યું કે સંડોવાયેલા આરોપીઓની ઓળખ થઈ રહી છે. પીડિતાને તબીબી સારવાર આપવામાં આવી રહી છે. જ્યારે મેડિકલ તપાસનો રિપોર્ટ આવશે ત્યારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# ધુમ્મસના કારણે યમુના એક્સપ્રેસમાં ૨૦ વાહનોની અથડામણ થઈ : ૩નાં મોત

શિમલા : ગાઢ ધુમ્મસના કારણે યમુના એક્સપ્રેસમાં ૧૫થી ૨૦ વાહનોની આૃથડામણ થઈ હતી. એ આૃથડામણોમાં કુલ ત્રણનાં મોત થયા હતા. લગભગ ડઝનેક લોકો ઘાયલ થયા હતા. પાટનગર દિલ્હીમાં ભારે ધુમ્મસના કારણે વિઝીબિલિટી ઝીરોએ પહોંચી જતાં લોકોએ મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. યમુના એક્સપ્રેસ હાઈવેમાં ધુમ્મસના કારણે સંખ્યાબંધ વાહનોની આૃથડામણ થઈ હતી. ૧૫થી ૨૦ વાહનો એકબીજા સાથે અકસ્માતે આૃથડાયા હતા. આ અકસ્માતોમાં કુલ ત્રણ લોકોએ જીવ ખોયો હતો. ડઝનબંધ લોકો ઘાયલ થયા હતા. વાહનોમાં પણ નુકસાન થયું હતું. એક્સપ્રેસ વે પરથી પસાર થયેલા લોકોએ તો ૪૦ વાહનોની આૃથડામણ થઈ હોવાનો દાવો કર્યો હતો. પાટનગર દિલ્હીમાં ભારે ધુમ્મસના કારણે વિઝિબિલીટી ઝીરો થઈ હોવાનું હવામાન વિભાગે કહ્યું હતું.

# રાજુલા માર્કેટિંગ યાર્ડની ૧૦ બેઠકો ઉપર ભાજપનો ભગવો લહેરાયો

**• ૬ બેઠક અગાઉ બિનહારીફ થઈ હતી : નવા પ્રમુખ અને ઉપપ્રમુખના નામની ચર્ચાઓ**

રાજુલા : રાજુલા માર્કેટિંગ યાર્ડની ચૂંટણીની યોજાયેલી રસાકસીભરી ચૂંટણીનું શનિવારે પરિણામ જાહેર કરવામાં આવ્યું હતુ જેમાં ભાજપનો ભગવો લહેરાયો હતો. કોંગ્રેસનાં સુપડા સાફ થયા હતા અને ધારાસભ્ય ની પેનલ નો વિજય થયો હતો.

પૂર્વ સંસદીય સચિવ હીરાભાઈ સોલંકીની ભાજપ પ્રેરિત પેનલ સામે હાલના કોંગ્રેસી ધારાસભ્ય અમરીશ ડેરની પેનલ ઉભી હતી અગાઉકુલ ૬ બેઠકો બિનહરીફ થઈ હતી ૧૦ બેઠકો માટે મતદાન થયું હતું.ત્યારે આજે પરિણામ આવતા ભાજપની પેનલના છગનભાઈ ધડુક પીઠભાઈ નકુમ રમેશભાઈ વસોયા અરજનભાઈ વાઘ સહિતના ૧૦ ઉમેદવારો વિજયી થયા હતા. વિજયી થતાની સાથે ૧૬ બેઠકો પર સંપૂર્ણ યાર્ડ ભાજપના ભગવાથી રંગાયું હતું આ વિજયને વધાવવામાં આવ્યો હતો. આ તકે સ્થાનિક વિવિધ ક્ષેત્રના આગેવાનો તેમજ ભાજપના કાર્યકર્તાઓ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે નોંધનિય બાબત એ છે કે, રાજુલા માર્કેટિંગ યાર્ડમાં ૫૪૩ માંથી ૫૨૧ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આવતીકાલે સવારે ૯ કલાકે રાજુલા ખેડૂત વિશ્રામ ગૃહમાં ગણતરી થઈ હતી. આ પરિણામમાં ભાજપના હીરાભાઈ સોલંકી, જીગ્નેશ પટેલ તેમજ પીઠભાઈ નકુમ જયારે કોંગ્રેસના દિલીપ સોજીત્રાએ બન્ને પક્ષે જીતના દાવાઓ થઈ રહ્યા છે.

## યાત્રાધામ વીરપુરમાં જલારામ મંદિરના મંગલ દ્વાર ખૂલ્યા

જેતપુર : કોરોના સંક્રમણ વધે નહિ તે માટે દર્શનાર્થીઓ માટે બંધ કરાયેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુર જલારામ ખાતે મંદિરના મંગલ દ્વાર અને પ્રસાદ સોશ્યલ ડિસ્ટન્સના સરકારી નિયમોને આધીન આજથી શ્રદ્ધાળુઓ માટે ખુલા મુકાયા હતા. 'દેને કો ટુકડા ભલા લેને કો હરી કા નામ× સૂત્રને જીવનમંત્ર બનાવનાર પૂજ્ય જલારામબાપાનું નીજ મંદિર બસો વર્ષથી શ્રદ્ધાળુઓ માટે ક્યારેય બંધ રહ્યું ન હતું. પરંતુ કોરોના મહામારીના કારણે મંદિર લોકદર્શનાર્થે બીજીવાર બંધ કરવામાં આવ્યું હતું. પરંતુ સંક્રમણનું પ્રમાણ ઓછું થતા આજથી મંગલ મંદિરના દ્વાર અને અન્નક્ષેત્ર બંને ફરી દર્શનાર્થીઓ માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતા.

## માંડવીમાં ડિસેલિનેશન પ્લાન્ટનું મોદી કરશે ખાતમુહૂર્ત, લોકોને ફાયદો થશે

કચ્છ : કચ્છની મુલાકાતે આવતાં પી. એમ મોદી માંડવીના ડિસેલિનેશન પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરશે. આ પ્લાન્ટથી આઠ લાખ લોકોને ફાયદો મળશે. જે માટે ત્રણ વર્ષમાં આઠસો કરોડના ખર્ચે સમુદ્રનું ખારું પાણી મીઠુ બનાવાશે, જેના ભાગરુપે ખાતમુહૂર્તની પુર્વ તૈયારીઓ શરૂ થઈ છે.

માંડવીના તાલુકાના ગુંદયાળી પાસેના ઘ્રબુડી દરિયા કિનારે સાંઈઠ એકર જેટલા વિસ્તારમાં આઠસો કરોડના ખર્ચે આકાર પામનારા ડિસેલિનેશન પ્લાન્ટનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ખાતમુહૂર્ત થવા જઈ રહ્યું છે. દરિયાના ખારા પાણીને મીઠા જળમાં રૂપાંતરિત કરવામાં આવશે. આ પ્લાન્ટથી માંડવી-મુન્દ્રા તાલુકાના આઠ લોકોને લાભ મળશે.

૧૦૦ એમ.એલ.ડીની ક્ષમતા સાથેનો આ મહત્વનો પ્રકલ્પ એક સમયે સાઈડમાં મુકી દેવાયો હોય તેવું દેખાતુ હતું પણ હવે વડાપ્રધાનની મુલાકાત સમયે આ પ્લાન્ટનું ભૂમિપૂજન કરાશે. તેવી જાહેરાત થતાં સ્થાનિક તંત્ર હરકતમાં આવ્યું છે અને સંબંધિત કચેરીના વડા સ્થળ પર સ્થિતિની સમીક્ષા કરી ઉચ્ચ કક્ષાએ રિપોટિંગ કરી રહ્યા છે. પ્લાન્ટ શરૂ થવાનો છે એ જગ્યાની આજુબાજુ ઝાડી કાપવાની સાથે ફેન્સિગનું કામ ચાલું કરાયુ છે. વડાપ્રધાનના હસ્તે ખાતમુહૂર્ત કરવાનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે.

# પાલિતાણા પાલિકા ઉપપ્રમુખના પુત્રની હત્યા મામલે વધુ બે શખ્સની ધરપકડ

**• હત્યાં ઝડપાયેલ શખસોની કબુલાત આધારે કાર્યવાહી, પોલીસ સકંજામાં સપડાયેલ ૩ જણા પોલીસ રિમાન્ડ ઉપર**

ભાવનગર : પાલિતાણા નગરપાલિકાના ઉપપ્રમુખના પુત્રનું ઉધારમાં મોબાઈલ આપવાની ના પાડયાની દાઝ રાખી છરીના ઘા ઝીંકી ખૂન કરી નખાયું હતું. આ ચકચારી હત્યાની ઘટનામાં પોલીસે અગાઉ ત્રણ શખસની ધરપકડ કરી લીધા બાદ રિમાન્ડ મેળવ્યા હતા. ઝડપાયેલ શખસોની કબુલાત આધારે ટાઉન પોલીસે પાલીતાણાના વધુ બે શખસની ધરપકડ કરી લઈ રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

બનાવની જાણવા મળતી વિગતો અનુસાર પાલિતાણાના તળાવ વિસ્તારમાં રહેતા ન.પા.ના ઉપપ્રમુખ ઉસ્માનભાઈ સુવાલીભાઈ સૈયદના પુત્ર અયુબભાઈએ બે માસ પૂર્વે આમીન ઈબ્રાહીમભાઈ દલ (દૂધવાળો) નામના શખસને ઉધારમાં મોબાઈલ ફોન આપવાની ના પાડી હતી. જે બાબતની દાઝ રાખી ગત રવિવારે રાત્રિના સુમયે અયુબભાઈ સૌરાષ્ટ્ર ટોકીઝ નીચે આવેલ રોયલ મોબાઈલ નામની દુકાન બંધ કરી એક્ટીવામાં પોતાના ઘરે જઈ રહ્યા હતા. ત્યારે આમીન દલ અને અન્ય અજાણ્યા શખસોએ યુવાનને દાણાપીઠ વિસ્તારમાં આંતરી છરીના ઘા ઝીંકી ગંભીર ઈજા પહોંચાડી હતી. દરમિયાન ઈજાગ્રસ્ત યુવાનને પ્રથમ પાલિતાણા અને ત્યારબાદ ભાવનગર ખસેડાતા તેનું મૃત્યુ થયું હતું. સામાન્ય બોલાચાલીમાં થયેલી પુત્રની હત્યાના ગુનામાં ન.પા.ના ઉપપ્રમુખ ઉસ્માનભાઈ સૈયદએ પાલિતાણા ટાઉન પોલીસ મથકમાં આમીન દલ સહીતના શખસો સામે ફરિયાદ નોંધાવી હતી.

રકંત રંજીત ઘટના અનુસંધાને ભાવનગર આર.આર.સેલની ટીમે શેલાણા ચોકડી પાસેથી મુખ્ય હત્યારા આમીન દલની બાઈક સાથે ધરપકડ કરી હતી.

## ભાનુશાળી હત્યા કેસઃ સાહેદનું ૧૬૪ મુજબ નિવેદન લેવાશે

અબડાસા : અબડાસાના પુર્વ ધારાસભ્યની હત્યા અંગે ચાલી રહેલી ન્યાયિક પ્રક્રિયામાં મહત્વના સાહેદનું સીઆરપીસી મુજબ મેજીસ્ટ્રેટ સમક્ષ નિવેદન લેવામાં આવશે. તે માટે ભચાઉ કોર્ટ દ્વારા સમન્સ કાઢમાં આવ્યું છે. ગાંધીધામ રેલવે પોલીના અધિકારી તરફ રવાના કરવામાં આવેલા સમન્સમાં સાક્ષીને તા. ૧૪-૧૨ના રોજ હાજર રાખવા જણાવાયું છે. હત્યા કેસના મહત્વના સાક્ષીનું હવે ભચાઉ અધિક સેસન્સ કોર્ટના ન્યાયાધિશ સમક્ષ સીઆરપીસી કલમ ૧૬૪ મુજબ નિવેદન લેવાની કાર્યવાહી થશે. હત્યાના થોડા કલાકો અગાઉ જયંતી ભાનુશાળી સાથે ભુજના એડવોકેટ હેન્નરી જેમ્સ ચાકોએ રૂબરૂ વાત કરી હતી. ભચાઉ અધિક સેશન્સ જજના હુકમ બાદ ભચાઉ કોર્ટે ગત તા. ૪-૧૨ના રોજ રેલવે પોલીસના અધિકારી મારફતે સમન્સ પાઠવ્યું છે.

## કચ્છ પાસે પાક.ના એરબેઝમાં ચીની લશ્કરનો મોટો જમાવડો

ભુજઃ ચીને લદ્દાખ બાદ કચ્છની પાકિસ્તાનને અડીને આવેલી સુરક્ષાની દ્રષ્ટિએ અતિ સંવેદનશીલ ભૂમિસીમાને પાર પાકિસ્તાની એરબેઝ માટે પોતાના ફાઈટર જેટ અને સૈનિકોને મોકલ્યા હોવાનો ચિંતાજનક ખુલાસો કરી ચીનની સરકારે જણાવ્યું હતું કે વાયુસેનાની કવાયતનો ઉદ્દેશ પાકિસ્તાન અને ચીનની સેનાના 'વાસ્તવિક યુદ્ધ પ્રશિક્ષણ'માં સુધારો કરવાનો છે. પીપલ્સ લિબરેશન આર્મીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે પાકિસ્તાન-ચીનના સંયુક્ત વાયુસેના અભ્યાસ શાહીન (ઈગલ)-નાઈનમાં ભાગ લેવા માટે પાકિસ્તાનના કરાચીમાં ઉત્તર-પૂર્વમાં ભોલારી સ્થિત પાકિસ્તાની વાયુસેનાના એરબેઝ માટે આજે ચીની વાયુસેનાના સૈનિકોએ ઉડાન ભરી છે. પાકિસ્તાનમાં ચીની વાયુસેનાના રોકાણ અંગે જાણકારી આપવામાં આવી ન હતી.

## નં. ૨ ભરણી નક્ષત્રની સંપૂર્ણ માહિતી

આ નક્ષત્રનો સમાવેશ મેષ રાશિના ૧૩°-૨૦ (અંશ કળા)થી ૨૬°-૪૦' (અંશ-કળા) સુધી થાય છે. જેમાં ચાર ચરણ આવે પ્રથમ ચરણ- સૂર્ય, બીજું ચરણ- બુધ, ત્રીજુ ચરણ- શુક્ર, ચોથું ચરણ- મંગળ ગ્રહોને જોવાતો હોય છે

ભરણી-નક્ષત્રઃનું અધિપતિ ગ્રહ શુક્ર વિશોત મહાદશા મુજબ હોય છે.

ભરણ-નક્ષત્રઃનું તત્વ પૃથ્વિ છે, નક્ષત્રનું વૃક્ષ- આંબળા, નક્ષત્ર દેવતા- યમ છે. વાહન હાથી, દિશા-પશ્ચિમ છે, ખૂણો- વાયવ્ય, વાહન યોનિ હાથી છે, પુરૂષ જાતિ, મનુષ્ય નક્ષત્ર, અર્થ પ્રદાન છે, શરીરમાં માથું, પગના તળિયા ઉપર અસરકર્તા છે, શરીરમાં પિત્ત પ્રકૃતિ સાથે સંબંધ છે, જ્ઞાતિમાં મલેચ્છ છે. અધોમુક (જમીનમાં)જુવે છે, પક્ષીમાં મોર છે, તેનો રંગ લાલ છે, રાજસીક નક્ષત્ર છે,દેવમાં વિષ્ણુ છે, ચીબડા નક્ષત્ર (બાડા) તરીકે ઓળખાય છે, કુરનક્ષત્ર કહેવાય છે, મારણ ક્રિયામાં અને ધાતપ્રદ કાર્યોમાં ખુબ સારૂ ફળ આપે છે, જેના તારાની સંખ્યા ૩ (ત્રણ) છે, તેની આકૃતિ △ ત્રિકોણ છે, (સ્ત્રી, યોનિ, પ્રજનન અંગ), સંપત્તિ અને સંતતિ આપનાર નક્ષત્ર છે, આ નક્ષત્રમાં ચોરાએલી- ખોવાએલી ચીજવસ્તુ કે પૈસા-ઘરેમાં પરત મળતા નથી.

નક્ષત્રથી વ્યક્તિતત્વ કે દેખાવ :- દ્રઢ મનોવૃત્તિવાળો, સાચુ અને પ્રમાણીક બોલીવાળો, નિરોગી, ઉત્સાહી, વિદ્વાન અને ધનવાન જાતક હોય છે.

રોગ :- ઠંડી લાગીને તાવ આવવો, શારીરિક પીડાથી દુઃખી, શારીરિક, અશક્તિ રહેવી, આળસુ અને કામ કરવામાં અભાવ, પિત્ત પ્રકૃતિવાળો હ ોય છે.

ઉપાય : ગરીબ અને અસહાય લોકોની સેવા કરવી

નંગ : માણેક, અનામિકા આંગળીએ રવિવારના દિવસે સૂર્યોદય પછી ધારણ કરવુ ધાતુ-સોનું

જાતકની ઓળખ : ભરણી નક્ષત્રના ચરણ નં. ૧માં જાતકનો જન્મ થયેલો હોય તો જાતક-ત્યાગ વૃત્તિવાલો હોય બીજાચરણમાં જન્મ હોય તો કાયમ ખુશ રહેનાર અને ધનવાન હોય.

ત્રીજા ચરણમાં જન્મ હોય તો ડરપોક સ્વભાવનો દુઃખને અનુભવનાર જાતક હોય. હીન ભાવનાવાળો ચોથા ચરણમાં જન્મ હોય તો ગરીબીમાં જીવન પસાર કરે છે. આવક ઓછી હોય છે.

નક્ષત્રનું ફળ :- આ નક્ષત્રમાં કોઈપણ ચીજ વસ્તુ ખરીદવી નહી ચોરી થવાનો - ખોવાઈ જવાનો કે નાશ થવાનો ભય રહે છે આ નક્ષત્રમાં મકાન દુકાન સ્ટોર, ફ્લેટ વાહન ખરીદવું નહીં ખરીદનાર તેનું સુખ ભોગવી શક્તો નથી. અન્ય લોકો તેનો ઉપયોગ કરે છે.

નક્ષત્રની ચીજ વસ્તુઓ : અનાજ મરચા ઓષધિઓ દવા-ગોળી.

ક્યાં ક્યાં કાર્યો કરી શકાય :- કોઈપણ

શુભ સારા કાર્યો કરી શકાતા નથી.

| રાશિ- | નક્ષત્ર | ચરણ | ગ્રહ | અંશ | કળા થી | અંશ | કળા | સુધી |
|---|---|---|---|---|---|---|---|---|
| મેષ | ભરણી | ૧ | સુર્ય, | ૧૩° | ૨૦ થી | ૧૬ - | ૪૦ | " |
| મેષ | ભરણી | ૨ | બુધ, | ૧૬ - | ૪૦ થી | ૨૦ - | ૦૦ | " |
| મેષ | ભરણી | ૩ | શુક્ર, | ૨૦ - | ૦૦ થી | ૨૩ - | ૨૦ | " |
| મેષ | ભરણી | ૪ | મંગળ, | ૨૩ - | ૨૦ થી | ૨૬ - | ૪૦ | સુધી |

જેના અક્ષર - બી - લુ - લે - લો હોય છે.

જેનો વર્ગ - મૃગ છે. યોનિ- ગજ (હાથી) ગણ- મનુષ્ય નાડી- મધ્ય યોગ- પ્રીતિ જેનો સમયગાળો લગબગ ૨૪ કલાક જેટલો હોય છે. દર માસમાં ચંદ્ર (બરણી) નક્ષત્રમાં ૨૭ દિવસે આવે છે.

વિશોતરી મહા દશા શુક્ર - ગ્રહની ૨૦ વર્ષની હોય છે. તેની માહિતી આ મુજબ છે.

| વર્ષ | માસ | ચરણ | કુલમાસ | |
|---|---|---|---|---|
| ૫ | ૦ | ૧ | ૬૦ | |
| ૧૦ | ૦ | ૨ | ૬૦ | |
| ૧૫ | ૦ | ૩ | ૬૦ | |
| ૨૦ | ૦ | ૪ | ૬૦ | કુલ ૨૪૦ માસ |

મહાદશાનો ભુક્તા સમય એક સરખો હોય છે. ૫ (પાંચ વર્ષ) જે શુક્ર ગ્રહને આભારી છે.

લકી રોજગાર :- મિડીયા ન્યુઝ પેપર ટી.વી. ચેનલો સ્ટોક એક્ષ્ચેન્જ શેર બેકીંગ લે-વેચ કરવી વિગેરે...

ભરણી નક્ષત્રની ખગોળકીય ઓળખ




દર વર્ષે સુર્ય ભરણી નક્ષત્રમાં - ૨૭ એપ્રિલે આવે છે. ચંદ્ર પ્રવેશ ભરણી નક્ષત્રમાં પહેલા ચરણથી ચોથા ચરણ સુધી ૬ કલાક = ૧ દિવસ - ૨૪ કલાક જેટલો સમય રહે છે. પ્રત્યેક ચરમણમાં છ કલાક થાય છે.

રાશિ પતિ ગ્રહ મંગળ છે. નક્ષત્ર પતિ ગ્રહ શુક્ર છે. ગ્રહ મૈત્રીમાં બન્નેવ ગ્રહો સમાન છે. ભરણી નક્ષત્રમાં સમાવેશ ૪ ચરણોના ગ્રહોને જોતા જાતકને ૬૦ % (ટકા) ખરાબ ફળ આપે છે. ૨૦% (ટકા) જ સારૂ ફળ આપે છે.

વર અને કન્યાનું ભરણી નક્ષત્ર હોય તો ગુણ મેળાપકમાં ૨૮ ગુણાંક આવે છે.

ભરણી નક્ષત્રની વિસ્તૃત સરળ ભાષામાં આપવામાં આવેલ છે.



-------------- : સંપર્ક સાધવા માટે : --------------

**બીપીન જ્યોતિષી**

૨૨, સંતરામનગર સોસાયટી, નાના કુંભનાથ રોડ, નડીયાદ-૩૮૭૦૦૧

જિલ્લો ખેડા - ગુજરાત ઈન્ડિયા. મોબાઈલ - 98790 87511

Time : 10.00 am to 6.00 pm

## ભાવનગર પાસે વિરાટ તોડવાનું શરૂ

ભાવનગર : ભારતીય નૌસેનામાં યશસ્વી યોગદાન આપી નિવૃત્ત થનાર ધ ગ્રાન્ડ ઓલ્ડ લેડી તરીકે જાણીતા યુદ્ધ જહાજ આઈએનએસ વિરાટને બ્રેકીંગ માટે ભાવનગરનાં અલગં શીપ બ્રેકીંગ યાર્ડ લાવવામાં આવ્યું છે. આ જહાંજ ભંગારમાં ન ફેરવાય અને તેનું મ્યુઝિયમ બને તેવી લાગણી વ્યાપક બની છે. જોકે, વિરાટને મ્યુઝિયમ તરીકે અમર રાખવાની ઈચ્છા પરંતુ તે સપનું પૂર્ણ થયુ નહી. આખરે આ જહાંજનું બ્રેકીંગ શરૂ થઈ ગયું છે. બ્રિટનના હર્મિસ વિરાટ હેરિટેજ ટ્રસ્ટે આઈએનએસ વિરાટને પોતાને સોંપી દેવા બ્રિટનના ટ્રસ્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેને બચાવવા માટે પત્ર લખ્યો છે. ભારત સરકારે આઈએનએસ વિરાટને નિવૃત્ત કરી દીધા પછી તેને મ્યુઝિયમમાં ફેરવવા અંગે સંપૂર્ણપણે બેદરકારી દાખવી હતી.

# ફ્રાન્સના પ્રાઈવેસી બ્યુરોનો ગુગલ અને એમેઝોનને ૧૬.૩ કરોડ ડોલરનો દંડ

• બંને કંપનીઓએ યુઝર્સની મંજૂરી વગર કુકીઝની જાહેરાતમાંથી કરોડોની કમાણી કર્યાનો આરોપ

પેરિસ : પશ્ચિમના દેશો ગોપનિયતા અંગે કેટલા સતર્ક હોય છે તેનો દાખલો ફ્રાન્સમાં જોવા મળ્યો હતો. ઇન્ટરનેટના ઉપભોકતાઓની મંજૂરી વગર વિજ્ઞાપન કરવા બદલ એમેઝોન અને ગુગલને દંડ ફટકારવામાં આવ્યો હતો. પ્રાઈવેસી વોચડોગ દ્વારા કુકીઝની જાહેરાત કરવા બદલ ગુગલને ૧૨.૧ કરોડ અને એમેઝોનને ૪.૨ કરોડ ડોલર દંડ ફટકારવામાં આવ્યો હતો.આ બંને કંપનીઓએ કુકીઝના વિજ્ઞાપ નમાંથી કરોડો ડોલર કમાવ્યાનો આક્ષેપ કરાયો હતો. સીએનઆઈએલ દ્વારા એક નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે બંને કંપનીઓની ફ્રેન્ચ વેબસાઈટ દ્વારા કુકીઝ અથવા ટ્રર્કર્સના વિજ્ઞાપન માટે ઈન્ટરનેટ યુઝર્સની અગાઉથી મંજૂરી લેવામાં આવી નહતી. આ આઈકોન દરેકના કોમ્પ્યુટરો પર માત્ર વિજ્ઞાપન માટે આપોઆપ જ આવી 'સેવ' જતા હતા. નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે ગુગલ અને એમેઝોન આ ક્ષતિ બદલ કોઈ જ ખુલાસો કરી શક્યા નહતા. ઉપ રાંત યુઝર્સ આ વિજ્ઞાપનને કેવી રીતે દૂર કરે અને કુકીઝના વિજ્ઞાપનના હેતુ અંગે કોઈ જ સંતોષકારક ખુલાસો કરી શક્યા નહતા.

# નિવૃત્ત જનરલ લોઇડ ઓસ્ટીન અમેરિકાના સંરક્ષણ મંત્રી નિમાયા

• બિડેને મંત્રી મંડળનું વિસ્તરણ કર્યુ : ૬૭ વર્ષીય ઓસ્ટીન પેન્ટાગોનનું નેતૃત્વ કરનાર પ્રથમ અશ્વેત

વોશિંગ્ટન : અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ જો બિડેને સેનાના નિવૃત્ત જનરલ લોઇડ ઓસ્ટીનને અમેરિકાના સંરક્ષણ મંત્રી તરીકે નિમ્યાની જાહેરાત કરી હતી.તેમની નિમણુંક કન્ફર્મ કરાશે તો પેન્ટાગોનનું નેતૃત્વ કરનાર અને સંરક્ષણ મંત્રી બનનાર તેઓ પ્રથમ અશ્વેત અમેરિકન હશે.ઓસ્ટીનનની ચાર દાયકાની સેનાની સેવા ખુબ જ પ્રશંસનીય રહી હતી. તેઓ અમેરિકાના સંરક્ષણ મંત્રી બનનાર ૨૮માં હશે. 'જનરલ ઓસ્ટીન પણ મારી એ માન્યતાને શેર કરે છે કે આપણો દેશ એ વખતે જ મજબૂત હોય છે જ્યારે આપણે શક્તિના દાખલા તરીકે નહીં, બલકે દાખલાની શક્તિ દ્વારા નેતૃત્વ કરીએ.તેમની આજીવન સમર્પિત સેવા તેમજ વ્હાઈટ હાઉસ સ્ટેશન રૂમ તેમજ આપણી સેના સાથે અમે સાથે વિતાવેલા અનેક કલાકો જનરલ ઓસ્ટીને દર્શાવ્યું કે ચરિત્ર કેવું હોય અને નેતૃત્વ કેવું હોય'એમ બિડેને ઓસ્ટીનને જાહેરાત કરતાં કહ્યું હતું. બિડેને કહ્યું હતું કે હાલના સંજોગોમાં આપણે જે સહન કરીએ છીએ તો કટોકટી અને પડકારોનો સામનો કરવા ઓસ્ટીન સંપૂર્ણપણે સક્ષમ છે.

# USના દરેક ૫૦ રાજ્યોએ ચૂંટણીના ફાઈનલ પરિણામો જાહેર કરી દીધા

• ૫૩૮ ઈલેક્ટોરલ મતમાંથી જો બિડેનને ૩૦૬, ટ્રમ્પને ૨૩૨ મત મળ્યાં : બંને વચ્ચે ૭૪ મતોનું અંતર રહ્યું

વોશિંગ્ટન : અમેરિકાના તમામ ૫૦ રાજ્યો અને ડિસ્ટ્રિક્ટ ઓફ કોલંબિયાએ ચૂંટણીના પરિણામો જાહેર કરી દીધા હતા. કુલ ૫૩૮માંથી બિડેનને ૩૦૬ અને ટ્રમ્પ ને ૨૩૨ મતો મળ્યાનું જાહેર થયું હતું. વ્હાઈટ હાઉસમાં પ્રવેશ મેળવવા માટે ૨૭૦ મતો મેળવવા જરૂરી હોય છે. સૌથી વધુ ૫૫ મતો કેલિફોર્નિયા પાસે છે. તે ૫ છી ૩૮ મતો સાથે ટેક્સાસ બીજા ક્રમે છે. આ રાજ્યોમાં ગરબડો થયાનો દાવો ટ્રમ્પે કર્યો હતો. પશ્ચિમ વર્જીનિયા એવું છેલ્લું રાજ્ય હતું, જેણે સૌથી છેલ્લે પરિણામ જાહેર કર્યુ હતું. પશ્ચિમ વર્જિનિયાના તમામ પાંચ મતો ટ્રમ્પને મળ્યા હતા. આગામી ૧૪મી ડિસેમ્બરે તમામ ૫૩૮ ઈલેક્ટોરલ કોલેજ મેમ્બર્સની બેઠક થશે અને એમાં ચૂંટણીની છેલ્લી પ્રક્રિયા હાથ ધરાશે. એ પ્રક્રિયા હેઠળ સત્તાવાર રીતે ચૂંટાયેલા પ્રમુખનું નામ જાહેર થાય છે. ગયા મહિને યોજાયેલી પ્રમુખપદની ચૂંટણીના પરિણામો વિરૂધ્ધ પ્રમુખ ટ્રમ્પે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણીમાં ડેમોક્રિટક ઉમેદવાર જો બિડેનને જીતાડવા માટે ચેંડાં કરાયા હતા.

# એવરેસ્ટ નવી ઊંચાઈએ : ૮૮૪૮.૮૬ મીટર, અગાઉ કરતા ૮૬ સેન્ટિમીટર વધુ

• વિશ્વના સૌથી ઊંચા શિખરની ઊંચાઈ નવા શિખરે : ચીન, નેપાળે ઊંચાઈ માપવા સંયુક્ત અભિયાન હાથ ધર્યુ હતું



કાઠમંડુ : જગતના સૌથી ઊંચા શિખર માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈમાં ૮૬ સેન્ટિમીટરનો વધારો નોંધાયો છે. ચીન અને નેપાળના સંશોધકોએ મળીને આ નવી ઊંચાઈ માપી ૮૮૪૮.૮૬ મીટર (૨૯,૦૩૨ ફીટ)નો નવો આંકડો જાહેર કર્યો હતો.

આ શિખર નેપાળ અને ચીનની સરહદ પર આવેલું છે, માટે બન્ને દેશોએ આ કવાયત કરી હતી. આ પહેલા એવરેસ્ટની ભારતે માપેલી ઊંચાઈ જગમાન્ય ગણાતી હતી. સર્વે ઓફ ઈન્ડિયાએ છેલ્લે ૧૯૫૪માં એવરેસ્ટની ઊંચાઈ માપી હતી, જે ૮૮૪૮ ફીટ (૨૯૦૨૯ ફીટ) નોંધાઈ હતી. નવી ઊંચાઈમાં ફેરફારનું કારણ આધુનિક સાધનોનો ઉપયોગ અને એવરેસ્ટના કદમાં કુદરતી રીતે થતો વધારો છે.

આખો ભારત જે ભૂસ્તરિય પ્લેટ પર છે, એ પ્લેટ ઉત્તર તરફ સરકી રહી છે અને તેના દબાણને કારણે એવરેસ્ટ દર વર્ષે અમુક મિલિમીટર જેટલો ઊંચો થાય છે. ચીને પોતાની રીતે ઊંચાઈ માપીને વારંવાર આંકડા જાહેર કર્યા હતા અને નેપાળને એ આંકડા સ્વિકારવા દબાણ કર્યુ હતું. નેપાળ એ માટે તૈયાર થયું ન હતું. એટલે છેવટે બન્ને દેશોએ સાથે મળીને ઊંચાઈ માપવાની કામગીરી આરંભી હતી.

# વિશ્વનો સૌથી શક્તિશાળી ૮૫૬ ફૂટ ઊંચો વિન્ડ ટર્બાઈન USના માર્થા વિનેયાર્ડમાં સ્થપાશે

અમેરિકાના માર્થા વિનેયાર્ડ કિનારે ૨૦૨૩ સુધીમાં મહાકાય વિન્ડફાર્મ કાર્યરત થશે જેમાં વિશ્વનો સૌથી શક્તિશાળી ૮૫૬ ફૂટ ઊંચો વિન્ડ ટર્બાઈન સ્થપાશે જેની એક બ્લેડ એક ચક્કરમાં એક ઘરને બે દિવસ ચાલે તેટલી વીજળી પેદા કરશે.

મેસેચ્યુસેટ્સના લોકપ્રિય ટાપુ માર્થાસ વિનેયાર્ડના કિનારા પર ર્ગના ૬૦ જેટલા ૮૫૬ ફૂટના હાલિયેડ-એક્સ ટર્બાઈન સ્થાપવામાં આવશે. ૧.૬૦ લાખ એકર જમીનમાં પથરાયેલું વિન્ડફાર્મ ન્યુ ઈંગ્લેન્ડમાં ચાર લાખ ઘર માટે વીજળી



પેદા કરશે. ૧૩ મેગાવોટના ટર્બાઈન્સ એક દિવસમાં ૩૧૨ સ્વૅર પેદા કરશે તેવી આગાહી કરવામાં આવે છે, જે નેધરલેન્ડમાં પ્રોટોટાઈપ વિન્ડફાર્મમાં ૨૬૨ સ્વૅરના રેકોર્ડની સરખામણીએ લગભગ ૧૦ ટકા વધારે હશે. વિનેયાર્ડ વિન્ડના સીઈઓ લાર્સ ટી પેડરસન કહે છે કે અમારા પ્રોજેક્ટ માટે જ નહીં પરંતુ એક ઉદ્યોગના ભવિષ્ય માટે આ એક મોટી ક્ષણ છે જે આગામી દાયકામાં વૃદ્ધિની મોટી હરણફાળ ભરવાની તૈયારીમાં છે. દરેક ટર્બાઈનની ઊંચાઈ ૮૦૦ ફૂટ કરતાં વધારે હશે જે લંડન આઈ કરતાં લગભગ બમણી ઊંચાઈ ધરાવતો હશે અને તેની બ્લેડ્સ ૩૫૦ ફૂટ લાંબી હશે અને આ વિન્ડ ટર્બાઈન દર વર્ષે કાર્બન એમિશનમાં ૧.૬ મિલિયન ટનથી વધુનો ઘટાડો કરશે.

# વિશ્વની ૧૦૦ શક્તિશાળી મહિલામાં નિર્મલા સીતારમન, મજમુદારને સ્થાન

• એંજેલા મર્કેલ પ્રથમ, યૂરોપિયન સેંટ્રલ બેંકના ચીફ લેગાર્ડે બીજા, કમલા હેરિસને ત્રીજુ સ્થાન

વોશિંગ્ટન : પ્રખ્યાત મેગેઝિન ફોર્બ્સે વિશ્વની સૌથી શક્તિશાળી મહિલાઓની યાદી જાહેર કરી છે જેમાં નાણા પ્રધાન નિર્મલા સિતારામણ, અમેરિકાના ભારતીય મૂળના ઉપ પ્રમુખ કમલા હેરીસ, કિરણ મજમુદારને સ્થાન આપવામાં આવ્યું છે. ફોર્બ્સની સૌથી શક્તિશાળી મહિલાઓની ૧૭મી યાદીમાં વિશ્વની સૌથી શક્તિશાળી ૧૦૦ મહિલાઓનો સમાવેશ કરાયો હતો. ૩૦ દેશોની મહિલાઓએ આ સ્થાન પ્રાપ્ત કર્યુ છે તેમાં ભારતમાંથી નિર્મલા સિતારામણ, કિરણ મજમુદાર, રોશની નાદર મલ્હોત્રા, રેણુકા જગતિયાનીનો સમાવેશ થાય છે. ૧૦૦માંથી ૩૮ વિવિધ કંપનીની સીઈઓ છે, પાંચ મનોરંજનના ક્ષેત્રમાંથી અને ૧૦ સ્ટેટ હેડ છે. નિર્મલા સિતારાણને આ યાદીમાં ૪૧મું સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે એચસીએના સીઈઓ રોશની નાદર મલ્હોત્રાને ૫૫મું સ્થાન મળ્યું છે. મજમુદારને જાત મહેનતે સૌથી ધનવાન બનેલી ભારતીય મહિલા ગણાવી છે અને તેમને ૬૮મું સ્થાન આપવામાં આવ્યું છે.

# WHOના સીઈઓ તરીકે મૂળ ભારતીય અનિલ સોની નીમાયા

વોશિંગ્ટન : ભારતીય હેલ્થ એક્સપર્ટ અનિલ સોનીની વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ફાઉન્ડેશનમાં સીઈઓ તરીકે નિમણૂક કરાઇ છે. વિશ્વ આરોગ્ય સંગઠને વિશ્વમાં આરોગ્યના મોરચે લડવા માટે નવી સંસ્થા બનાવી છે, અનિલ સોની તેના પ્રથમ સીઈઓ બન્યા છે. અનિલ સોની ૧ જાન્યુઆરીથી તેમનું કામ સંભાળશે. આ સમયગાળા દરમ્યાન તેમનું મુખ્ય ફોકસ વિશ્વમાં આરોગ્ય ક્ષેત્રે નવી તકનીકનો ઉપયોગ અને તેનો સામાન્ય લોકોને લાભ પહોંચાડવા પર રહેશે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને મે ૨૦૨૦માં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન ફાઉન્ડેશનની શરૂઆત કોરોના સંકટ વચ્ચે કરી હતી. અત્યાર સુધી અનિલ સોની ગ્લોબલ ઈન્ફેક્શન ડિસીસના વડા તરીકે કાર્યરત હતા. ડબલ્યુએચઓના



ડાયરેક્ટર જનરલ ડો.ટેડ્રોસે અનિલ સોનીની પ્રશંસા કરી છે અને આરોગ્યના ક્ષેત્રમાં ઉકેલ લાવવા માટે નવા પ્રકારના પ્રયોગ કરનાર બતાવ્યા છે. તેમણે કહ્યું કે આજે દુનિયા મુશ્કેલીના સમયમાંથી પસાર થઈ રહી છે, આવી સ્થિતિમાં તેમની નવી વિચારસરણી આપણને આવા સમયમાં લડવાની તક આપશે.

# ફેસબુકની મોનોપોલી પર લગામ કસવા માટે અમેરિકામાં ખટલો દાખલ કરાયો

વોશિંગ્ટન : અમેરિકાની સંઘીય સરકાર અને ૪૮ રાજ્યોએ સોશિયલ મીડિયા જાયન્ટ ફેસબુક સામે માર્કેટ પાવરનો દુરૂપયોગ કરી મોનોપોલી સર્જવા અને નાના પ્રતિસ્પર્ધકોને કચડી નાખવાના આરોપસર અદાલતમાં ખટલો દાખલ કર્યો છે. અમેરિકાના ફેડરલ ટ્રેડ કમિશન અને ૪૮ રાજ્યોના એટર્ની જનરલે બુધવારે અદાલતમાં કેસ દાખલ કરતાની સાથે જ શેરબજારોમાં ફેસબુકના શેરોમાં કડાકો બોલી ગયો હતો. ન્યૂયોર્કના એટર્ની જનરલ લિટિસિયા જેમ્સના નેતૃત્વમાં એટર્ની જનરલોના જૂથે આરોપ મૂક્યો છે કે ફેસબુકે તેની મોનોપોલી જાળવી રાખવા માટે સુનિયોજિત વ્યૂહરચના અપનાવી છે. જેમાં ૨૦૧૨માં ઈન્સ્ટાગ્રામ અને ૨૦૧૪માં વોટ્સએપને હસ્તગત કરવાની પ્રક્રિયા પણ સામેલ છે. ફેસબુકનો આ વ્યવહાર સ્પર્ધાને નુકસાન પહોંચાડે છે, ગ્રાહકોને બહુ ઓછા વિકલ્પ આપે છે અને પ્રતિસ્પર્ધીઓને સ્પર્ધાના અધિકારથી વંચિત કરે છે. છેલ્લા એક દાયકાથી ફેસબુક સ્પર્ધાને ખતમ કરવા નાના સ્પર્ધકોને મોનોપોલીના પાવર દ્વારા કચડીને પોતાનું પ્રભુત્વ ઊભું કરી રહી છે. અમેરિકાની સંઘીય સરકાર અને ૪૮ રાજ્યો દ્વારા દાખલ કરાયેલા કેસનો વિરોધ કરતાં ફેસબુકના વાઈસ પ્રેસિડેન્ટ અને જનરલ કાઉન્સેલ જેનિફર ન્યુસ્ટિડે જણાવ્યું હતું કે, આ પ્રકારની કાનૂની કાર્યવાહી સંશોધનવાદી ઈતિહાસ છે. આ કેસ અમેરિકી સરકારની પોતાની મર્જર રિવ્યૂ પ્રોસેસ પર શંકા ઊભી કરે છે. આ પ્રકારની નીતિ પોતાના રોકાણ અને ટેક્નોલોજીને સુરક્ષિત રાખવા ઇચ્છતી કંપનીઓને દંડિત કરશે.

# યુએસમાં 1 દિવસમાં કોરોનાથી 2 લાખ લોકો સંક્રમિત 3000 મોત, જર્મનીમાં લોકડાઉન લાદવાની તૈયારી

## વિશ્વમાં અત્યાર સુધીના કેસની સંખ્યા ૬.૮૫ કરોડને પાર, ૧૫.૬૨ લાખથી વધુ દર્દીના મોત

ન્યૂયોર્ક : સમગ્ર વિશ્વમાં કોરોનાના સંક્રમણે ફરી ઉથલો માર્યો છે ત્યાં અમેરિકાને ફરી ભરડામાં લીધું છે. અમેરિકામાં ૨૪ કલાકમાં કોરોનાના બે લાખથી વધારે નવા કેસ સામે આવ્યા છે. બીજી તરફ એક જ દિવસમાં કોરોનાના કારણે ૩,૦૦૦ લોકોનાં મોત થયા છે. અમેરિકામાં કોરોનાથી સંક્રમિત લોકોનો કુલ આંકડો ૧.૫૮ કરોડ થઈ ગયો છે. બીજી તરફ આ મહામારીને પગલે અહીંયા કુલ ૨.૯૬ લાખ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ ઉપરાંત ૯૨,૩૩ લાખ લોકો સાજા પણ થઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે, સમગ્ર વિશ્વમાં કોરોનાના સંક્રમણનો કુલ આંકડો ૬,૯૪,૩૨,૩૫૦ પહોંચી ગયો છે. દુનિયામાં કોરોના વાઈરસ અત્યાર સુધીમાં ૧૫,૭૯,૨૧૭ લોકોને ભરખી ગયો છે. આ ઉપરાંત ૪.૭૯ કરોડ લોકો સાજા પણ થયા છે. અમેરિકામાં પ્રેસિડેન્ટ ટ્રમ્પના પર્સનલ એટર્ની ગુલિયાની કોરોના પોઝિટિવ જાહેર થયા હતા અને બીજી તરફ



કેલિફોર્નિયામાં ગવર્નરે કડક લોકડાઉનના આદેશ જાહેર કર્યા છે. બ્રિટનમાં કોરોનાની રસી આપવાની કામગીરી શરૂ થઈ ગઈ હોવા છતાં પણ આગામી ઠંડીઓમાં માસ્ક લગાવવો પડશે તેમ અધિકારીઓનું માનવું છે. ઈટલી અને જર્મનીમાં કોરોના સંક્રમણ હજું પણ નિયંત્રણની બહાર છે. ઈટલીમાં મૃતકોનો આંકડો ૬૦ હજારથી વધી ગયો છે અને જર્મની પણ કડક લોકડાઉન લાદવાની વિચારણા કરે છે. વિશ્વમાં કોરોના સંક્રમિતોના આંકડા સતત વધી રહ્યા છે તેની વચ્ચે દક્ષિણ કોરિયામાં કોરોના ટેસ્ટિંગ માટેના કર્મચારીઓ ઓછા પડવા લાગતાં સરકારે સૈન્યની મદદ લેવાનો નિર્ણય કર્યો છે. રાષ્ટ્રપતિ મૂન જેઈ ઈને આ અંગે જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ટેસ્ટિંગની કામગીરીમાં સરકારી કર્મચારીઓની સંખ્યામાં પણ વધારો કરવામાં આવશે.

ફ્રાન્સમાં લોકડાઉનને પરિણામે કોરોનાને અંકુશમાં લેવામાં સફળતા મળી છે તેને ધ્યાનમાં રાખીને આખરે જર્મન સરકાર પણ આ બાબતે પોતાનું વલણ બદલી રહી છે. જર્મન હેલ્થ મિનિસ્ટ્રીએ જણાવ્યું છે કે હાલની સ્થિતિને ગંભીરતાથી લેવી પડશે.

## બ્રિટનમાં પહેલા દિવસે ફાઈઝર રસીથી ૨ લોકો બિમાર, ચેતવણી જાહેર કરાઈ

લંડન : બ્રિટન માં પહેલા જ દિવસે ફાઈઝર કંપનીની કોરોના વેક્સીન આપવામાં આવતા ૨ લોકો બિમાર પડ્યાની ફરિયાદ મળી છે. આ બંને વ્યવસાયે સ્વાસ્થ્યકર્મીઓ છે અને તેમને વેક્સીન એલર્જી રિએક્શન થયું છે. રિપોર્ટ પ્રમાણે બ્રિટનની નેશનલ હેલ્થ સર્વિસએ આ ઘટનાની જાણકારી આપી છે.

બંને પીડિત સ્વાસ્થ્યકર્મી રિએક્સ્શનના શિકાર બન્યા છે. વેક્સીન લીધા બાદ સ્વાસ્થ્યકર્મીઓ બિમાર પડતાની સાથે જ બ્રિટનની રેગ્યુલેટરી એજન્સી એ ચેતવણી જાહેર કરી દીધી છે કે, એવા કોઈ પણ વ્યક્તિ કે જેને દવા, ખોરાક કે વેક્સીન લેવાની એલર્જી છે તો તેમને ફાઈઝરની કોરોના વેક્સીન ના આપવામાં આવે. બ્રિટનમાં સ્વાસ્થ્યકર્મીઓ અને વૃદ્ધોને સૌથી પહેલા ફાઈઝરની કોરોના વેક્સીન આપવામાં આવી રહી છે. એનએચએસના નેશનલ મેડિકલ ડાયરેક્ટર પ્રોફેસર સ્ટીફન પોવિસે જણાવ્યું હતું કે, વેક્સીનથી એલર્જીનો ભોગ બનનારા બંને લોકો ફરી પાછા સારી રીતે સાજા પણ થઈ રહ્યાં છે. બંનેને એલર્જી હોવાની હિસ્ટ્રી નોંધાયેલી જ હતી.

## ફાઈઝરે યુએસને કહી દીધું : માંગ વધારે હોવાથી જુલાઈ પહેલા રસી નહીં મળશે

લંડન : કોરોનાની રસી બનાવનાર ફાઈઝર કંપનીએ ટ્રમ્પ વહીવટી તંત્રને જણાવ્યું છે કે અન્ય દેશોએ તેની કોરોના રસી ખરીદવા ધસારો કર્યો હોઈ તે અમેરિકાને જૂન-જુલાઈ પહેલાં કોરોના રસીના વધારાના ડોઝ પુરાં પાડી શકશે નહીં. આનો અર્થ એ થયો કે આ વર્ષના આરંભે યુએસ સરકારે ખરીદેલા ફાઈઝરની કોરોના રસીના ૧૦૦ મિલિયન ડોઝની તેની અપેક્ષા પ્રમાણે ડિલિવરી નહીં થાય. જેના પગલે સવાલ એ ઉભો થયો છે કે સમર પહેલાં તમામ અમેરિકનોને રસી આપવાના કાર્યક્રમનો તે અમલ કરી શકશે કે કેમ. બીજી તરફ યુકેમાં ઈતિહાસના સૌથી મોટા રસીકરણના કાર્યક્રમનો આરંભ થવા સાથે ૯૦ વર્ષના બ્રિટિશ દાદી માર્ગારેટ મેગી કીનાન ફાઈઝર-બાયોએનટેકની કોરોના રસી મેળવનાર પ્રથમ વ્યક્તિ બન્યા છે. ઘાતક કોરોના વાઈરસ સામેની લડાઈમાં વેક્સિન ડે એટલે કે વી ડેની આજે ઉજવણી કરવામાં આવી હતી. કોવેન્ટ્રીમાં આવેલી નેશનલ હેલ્થ સર્વિસની સ્થાનિક હોસ્પિટલમાં નર્સ મે પાર્સને મેગીને પહેલી કોરોના રસી આપી હતી. નર્સ પાર્સને જણાવ્યું હતું કે દર્દીને પ્રથમ કોરોના રસી ડિલિવર કરવાની તક મારા માટે મોટું સન્માન છે.

## પાકિસ્તાનમાં ઓક્સિજનની ભારે તંગી, ૬ કોરોના પેશન્ટના મોત

ઈસ્લામાબાદ : પાકિસ્તાનની એક મોટી હૉસ્પિટલમાં ઓક્સિજનની તંગી સર્જાવાથી કેટલાક પેશન્ટ મરણ પામ્યા હતા અને કેટલાકની સ્થિતિ ગંભીર હોવાના અહેવાલ હતા. વિરોધ પક્ષોએ સંબંધિત રાજ્યના આરોગ્ય પ્રધાનની માગણી કરતાં ઇમરાન ખાનના શાસનની આકરી ટીકા કરી હતી. ઇંગ્લેંડના એક પ્રતિષ્ઠિત અખબારે પાકિસ્તાનના સરકારી અધિકારીઓને ટાંકીને પ્રગટ કરેલા અહેવાલમાં જણાવ્યા મુજબ શનિવારની રાત્રે ઓક્સિજનની તંગીથી ઓછામાં ઓછા છ કોરોના પેશન્ટ મરણ પામ્યા હતા. પેશાવરની સૌથી મોટી ગણાતી ખૈબર ટીચીંગ હૉસ્પિટલમાં આ બનાવ બન્યો હતો. લેટેસ્ટ અહેવાલ મુજબ બે વર્ષના એક બાળકનું પણ ઓક્સિજનની તંગીને કારણે મરણ થયું હતું. હૉસ્પિટલે બાળકના મરણની પુષ્ટિ કરી હતી પરંતુ ઓક્સિજનની તંગીના કારણે મરણ થયાનો હેવાલ નકાર્યો હતો.

## ઇટાલીમાં કોરોનાના ૧૮,૮૮૭ અને બ્રાઝિલમાં ૫૩,૪૫૩ કેસ નોંધાયા

૨૪ કલાકમાં ઇટાલીમાં કોરોનાના ૧૮,૮૮૭ નવા કેસ નોંધાયા હતા. અત્યાર સુધીમાં દેશમાં ૧૭ લાખથી વધારે લોકો કોરોના સંક્રમણનો ભોગ બનેલા છે. પાછલા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૫૬૪ દર્દીઓનાં મોત થયાં હતાં, તે સાથે કોરોનાથી મોતનો આંકડો ૬૦ હજારને પાર કરી ગયો છે. બ્રાઝિલમાં સ્થિતિ કાબુ બહાર જઈ રહી છે. અહીંયા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના ૫૩,૪૫૩ નવા કેસ સામે આવ્યા છે. જાણકારોના મતે આ આંકડો વધારે મોટો હોઈ શકે છે. બ્રાઝિલમાં અત્યાર સુદીમાં ૬૭ લાખથી વધારે સંક્રમિતો સામે આવ્યા છે અને ૧.૭૮ લાખે જીવ ગુમાવ્યા છે. બીજી તરફ ઈઝરાયેલમાં ૨૭ ડિસેમ્બરથી રસીકરણ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. જાપાનમાં ૨૪ કલાકમાં સંક્રમણના ૨,૮૧૧ નવા કેસ સામે આવ્યા છે. તેમાંથી ૫૫૫ લોકોમાં ગંભીર લક્ષણો જોવા મળ્યા હતા.

## અમેરિકા માટે સંકટ, ૪૦ ટકા લોકો કોરોનાની રસી લેવા તૈયાર નથી

વોશિંગ્ટન : બ્રિટનમાં કોરોનાની રસી આપવાનુ શરુ થઈ ગયુ છે.ભારતમાં પણ કોરોનાની રસી માટે રાહ જોવાઈ રહી છે.અમેરિકાએ પણ રસીકરણ માટેની તૈયારીઓ કરી લીધી છે પણ હવે અમેરિકાની સરકાર માટે રસીકરણનો મામલો પણ પેચીદો બની શકે છે. એક સર્વેક્ષણમાં દાવો કરવામાં આવ્યો છે કે, અમેરિકાની ૪૦ ટકા વસતી ખુલ્લેઆમ કહી રહી છે કે, અમે વેક્સિનનો ઉપયોગ કરવા માંગતા નથી.બીજી તરફ એક્સપર્ટસનુ કહેવુ છે કે, ઓછામાં ઓછા ૭૦ ટકા લોકોનુ વેક્સિનેશન જરુરી છે.તો જો હર્ડ ઈમ્યુનિટીનો લક્ષ્યાંક હાંસલ કરી શકાશે. જો લોકો વેક્સિન માટે તૈયાર નહીં થાય તો છેલ્લા ૧૦ મહિનાથી થઈ રહેલી મહેનત પાણીમાં જશે. બીજી તરફ હવે કંપનીઓ પણ લોકો વેક્સિનનો ઉપયોગ કરે તે માટે કર્મચારીઓ માટે વેક્સિન ફરજિયાત બનાવવાનુ વિચારી રહી છે.મતબલ કે નોકરી કરવી હોય તો વેક્સિન લગાવવી પડશે.

# ઓક્સફર્ડની કોરોના વાયરસની વેક્સીન સૌથી સુરક્ષિત

વોશિંગ્ટન : ભારત, સહિત દેશો માટે આશાનું કિરણ બનેલી ઓક્સફર્ડ યૂનિવર્સિટી અને દવા કંપની એસ્ટ્રાજેનેકાની કોરોના વાયરસની વેક્સીનને લઈને ખાનગી ક્ષેત્રના સંશોધકોએ તેને સંપૂર્ણ રીતે સુરક્ષીત ગણાવી છે. ઓક્સફર્ડની કોરોના વેક્સીનના અંતિમ તબક્કાના ટ્રાયલના પરિણામોની સ્વતંત્ર સમીક્ષા પ્રતિષ્ઠિત મેડિકલ મેગેઝિન લાંસેટ માં છપાયા છે. આ સંશોધનોમાં એ પણ કહેવામાં આવ્યું છે કે, ટ્રાયલ દરમિયાન કોરોનાની આ વેક્સીન મહામારીને અટકાવવામાં સરેસાર ૭૦ ટકા અસરકારક સાબિત થઈ છે. આ શોધ ભારત માટે પણ ખુબ જ મહત્વની માનવામાં આવી રહી છે.

## ચકસાણી વેળા ઓક્સફોર્ડની વેક્સીનની લગભગ ૯૦ ટકા અસરકારક ક્ષમતા

લાંસેટમાં પ્રકાશીત કરવામાં આવેલી શોધમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, ટ્રાયલ દરમિયાન કોરોના વેક્સીનના બે પુરતા ડોઝ આપવામાં આવતા તેની ૬૨ ટકા ક્ષમતા અને પહેલા કરતા અડધા



ડૉઝ અને ફરી સંપૂર્ણ ડોઝ આપવામાં આવતા આ વેક્સીન લગભગ ૯૦ ટકા અસરકારક ક્ષમતા જોવા મળી છે. ઓક્સફર્ડના વેક્સીન નિષ્ણાંત અને કોરોના વેક્સીન પ્રોજેક્ટને આગળ ધપાવતા પ્રોફેસર સારા ગિલ્બર્ટે કહ્યું હતું કે, બ્રિટન માટે આ વેક્સીનનો ઉપયોગ એક ખુબ જ સારી બાબત છે. ૨૦૨૦માં અમારા માટે પણ સારી બાબત રહેશે. અમે માત્ર બ્રિટનમાં જ કોરોનાની વેક્સીનની શરૂઆત નથી જોઈ રહ્યાં.

## ઓછા ભાવે વિકસીત થઈ શકે છે વેક્સીન

ઓક્સફર્ડની વેક્સીન પ્રોજેક્ટનું નેતૃત્વ કરનારા સારા ગિબ્લર્ડે કહ્યું હતું કે, આપણે જોઈ શકીએ છીએ કે આ વેક્સીન સુરક્ષીત છે અને ખુબ જ અસરકારક છે. આ વેક્સીન ખુબ જ ઓછા ખર્ચે મોટા પ્રમાણમાં બનાવી શકાય છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે, કોરોના વેક્સીનને આવનાર સપ્તાહમાં નિયામક સંસ્થા તરફથી મળી શકે છે. ઓક્સફર્ડની વેક્સીનના ટ્રાયલના ડેટા પ્રમાણે બ્રિટન, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકામાં ૨૩,૭૪૫ લોકોએ ભાગ લીધો હતો. તેમાંથી ૮૨ ટકા લોકો ૧૮ થી ૫૫ વર્ષની વચ્ચેના હતાં. ત્યાર બાદ ૫૬થી વધારે ઉંમરના લોકોને આ ટ્રાયલમાં શામેલ કરવામાં આવ્યા હતાં. ઓક્સફડ્ર્નાં જણાવ્યા પ્રમાણે ૫૬ વર્ષથી વધારે ઉંમરના લોકોના ડેટાનું હજી સુધી અવલોકન કરવામાં આવ્યું નથી.

## ઓક્સફર્ડની વેક્સીન સંપૂર્ણ રીતે સુરક્ષિત : લાંસેટ

લાંસેટ મેગેઝીને કહ્યું હતું કે, ઓક્સફર્ડની કોરોના વાયરસની વેક્સીન સંપૂર્ણ રીતે સુરક્ષીત જણાઈ આવી છે. ટ્રાયલમાં ૨૩,૭૪૫ લોકોમાંથી માત્ર ૩ લોકો પર જ તેની વિપરીત અસર જોવા મળી હતી. આ ત્રણ લોકો પણ હવે સાજા થઈ ગયા છે. આ લોકો ભવિષ્યમાં પણ વેક્સીનની ટ્રાયલનો ભાગ રહેશે જ.



# ક્રિકેટની ત્રણેય ફોર્મેટમાંથી પાર્થિવ પટેલની નિવૃત્તિ

## પાર્થિવ પટેલ ભારત માટે ૨૫ ટેસ્ટ, ૩૮ વન-ડે તથા બે ટી૨૦ રમી ચૂક્યો છે

અમદાવાદઃ ભારતના ભૂતપૂર્વ વિકેટકીપર અને બેટ્સમેન પાર્થિવ પટેલે બુધવારે ઇન્ટરનેશનલ ક્રિકેટની ત્રણેય ફોર્મેટમાંથી નિવૃત્તિ લઇ લીધી છે. ૧૮ વર્ષની શાનદાર કારકિર્દી ઉપર બુધવારે પૂર્ણવિરામ મૂકનાર પાર્થિવે સોશિયલ મીડિયા દ્વારા જણાવ્યું હતું કે આજે હું ક્રિકેટની તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઇ રહ્યો છું અને આ સાથે મારી ૧૮ વર્ષની લાંબી કારકિર્દી પણ પૂરી થાય છે. હું ઘણા લોકોનો આભાર માનવા માગું છું. બીસીસીઆઇએ મારા ઉપર ઘણો વિશ્વાસ રાખ્યો છે અને ૧૭ વર્ષના યુવાને ભારતીય ટીમ માટે રમવાની તક મળી હતી. હું વિશેષ રીતે દાદા (ગાંગુલી)નો આભાર માનું છું, મારા પ્રથમ સુકાની જેમણે મારામાં ઘણો વિશ્વાસ રાખ્યો હતો. નોંધનીય છે કે પાર્થિવની કારકિર્દીમાં તેના કાકા જગત પટેલનું પણ વિશેષ યોગદાન રહ્યું છે.

૩૫ વર્ષીય પાર્થિવે ૧૮ વર્ષની કારકિર્દીમાં ભારત માટે ૨૫ ટેસ્ટ, ૩૮ વન-ડે તથા બે ટી૨૦ ઇન્ટરનેશનલ મેચ રમી હતી. ડોમેસ્ટિક ક્રિકેટમાં પાર્થિવ ગુજરાત માટે ૧૯૪ મેચ રમ્યો છે. તે ૨૦૧૮માં ભારતે જોહાનિસબર્ગ ખાતે સાઉથ આફ્રિકા સામે મેળવેલા ઐતિહાસિક વિજયમાં પણ ટીમનો હિસ્સો હતો. તેના એક વર્ષ બાદ ઓસ્ટ્રેલિયામાં પ્રથમ વખત ટેસ્ટ શ્રેણી જીતનાર ભારતીય ટીમમાં પણ પાર્થિવ સામેલ હતો.

### ૮ વર્ષ પહેલાં છેલ્લી વન-ડે મેચ રમી હતી

પાર્થિવે ઇન્ટરનેશનલ સ્તરે પોતાની છેલ્લી ટેસ્ટ મેચ ૨૦૧૮ના જાન્યુઆરીમાં સાઉથ આફ્રિકા સામે જોહાનિસબર્ગ ખાતે રમી હતી. તેણે બ્રિસબેન ખાતે ૨૦૧૨ની ૧૨મી ફેબ્રુઆરીએ શ્રીલંકા સામે છેલ્લી વન-ડે રમી હતી. પાર્થિવ આઇપીએલ ૨૦૧૫માં મુંબઇ ઇન્ડિયન્સ તરફથી રમીને ૩૩૯ રન બનાવ્યા હતા. તે આઇપીએલમાં મુંબઇ, ચેન્નઇ, બેંગ્લોર, સહિત વિવિધ ટીમો તરફથી રમ્યો હતો.

### ગુજરાતને પ્રથમ વખત રણજી ટ્રોફી ચેમ્પિયન બનાવ્યું હતું

- ૨૦૧૭ના જાન્યુઆરીમાં પાર્થિવની કેપ્ટનશિપ હેઠળ ગુજરાત પ્રથમ વખત રણજી ટ્રોફી ચેમ્પિયન બન્યું હતું.
- ફાઇનલમાં મુંબઇની ટીમને પાંચ વિકેટે પરાજય આપ્યો હતો. ફાઇનલમાં પાર્થિવે ૧૪૩ રન બનાવ્યા હતા
- પાર્થિવને કેપ્ટન ઇનિંગ રમવા બદલ મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો.
- ગુજરાતે ૩૧૨ રનચેઝ કરીને રણજી ટ્રોફીમાં હાઇએસ્ટ ટાર્ગેટ ચેઝ કરવાનો રેકોર્ડ નોંધાવ્યો હતો.

**ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં 10000 કરતાં વધારે રન**

## સા.આફ્રિકન ટીમ ૧૪ વર્ષ બાદ પાકિસ્તાનનો પ્રવાસ ખેડશે



કરાચીઃ સાઉથ આફ્રિકન ટીમ ૧૪ વર્ષના લાંબા ગાળા બાદ પ્રથમ વખત પાકિસ્તાનનો પ્રવાસ ખેડશે. આ પ્રવાસ આગામી જાન્યુઆરીમાં યોજાશે જેમાં પ્રવાસી ટીમ બે ટેસ્ટ અને ત્રણ ટી૨૦ ઇન્ટરનેશનલ મેચો રમશે. આફ્રિકન ટીમે છેલ્લે ૨૦૦૭માં પાકિસ્તાનનો પ્રવાસ ખેડ્યો હતો. બંને ટીમો વચ્ચેની ટેસ્ટ મેચ કરાચી અને રાવલપિંડી ખાતે રમાશે. ત્યારબાદ આફ્રિકન ટીમ લાહોર ખાતે ત્રણેય ટી૨૦ મુકાબલા રમશે. આફ્રિકન ટીમ ૧૬મી જાન્યુઆરીએ કરાચી પહોંચશે અને નેશનલ સ્ટેડિયમ કરાચી ખાતે ૨૬મીથી ૩૦મી જાન્યુઆરી વચ્ચે પ્રથમ ટેસ્ટ મેચ રમશે. ત્યારબાદ રાવલપિંડી ખાતે ચોથીથી આઠમી ફેબ્રુઆરી સુધી બીજી ટેસ્ટ રમાશે. લાહોરના ગદ્દાફી સ્ટેડિયમ ખાતે ૧૧મી, ૧૩મી અને ૧૪મી ફેબ્રુઆરીએ ત્રણ ટી૨૦ ઇન્ટરનેશનલ મેચો રમશે.

# ડેવિડ વોર્નર એડિલેડ ખાતેની ડે-નાઇટ ટેસ્ટમાંથી બહાર થયો, ઓસી.ને ફટકો

સિડનીઃ ઓસ્ટ્રેલિયન ડાબોડી ઓપનર ડેવિડ વોર્નર પ્રવાસી ભારત સામે ૧૭મી ડિસેમ્બરથી એડિલેડ ખાતે રમાનારી પ્રથમ ડે-નાઇટ ટેસ્ટમાંથી બહાર થઇ જતાં યજમાન ટીમને મોટો ફટકો પડ્યો છે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડે પણ સમર્થન આપ્યું છે કે વોર્નર ભારત સામેની પ્રથમ ટેસ્ટમાં રમી શકશે નહીં. વોર્નરની ગેરહાજરીમાં ઓસ્ટ્રેલિયન ટીમે નવી ઓપનિંગ જોડી મેદાનમાં ઉતારવી પડશે. ભારતીય પેસ બોલર્સને વોર્નરની ગેરહાજરીનો ફાયદો મળી શકે છે. નોંધનીય છે કે ભારતે છેલ્લે ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ ખેડ્યો ત્યારે યજમાન ટીમમાં સ્ટિવ સ્મિથ અને વોર્નર નહોતી અને કોહલીની ટીમે શ્રેણી જીતી લીધી હતી.

ડેવિડ વોર્નરે પોતાની ઈજા અંગે માહિતી આપીને જણાવ્યું હતું કે હું જલદીથી સ્વસ્થ થઇ રહ્યો છું અને મેલબોર્ન ખાતે રમાનારી બોક્સિંગ-ડે ટેસ્ટમાં રમી શકું છું. મને લાગે છે કે મેં સમય કરતાં ઘણી જલદીથી રિકવરી કરી છે અને હું સંપૂર્ણ ફિટ થવા માટે આકરી મહેનત કરી રહ્યો છું. હું ઈજામાંથી લગભગ મુક્ત થઈ ચૂક્યો છું પરંતુ મારું માનવું છે કે જ્યાં સુધી હું સંપૂર્ણ ૧૦૦ ટકા ફિટ થઈશ નહીં ત્યાં સુધી મેદાન ઉપર ઊતરવામાં ઉતાવળ કરીશ નહીં. સંપૂર્ણ ફિટનેસનો મતલબ પિચ ઉપર ઝડપી રનિંગ તથા મેદાનમાં ચુસ્ત રહેવાની બાબત પણ સામેલ છે. મને લાગે છે કે હું હજુ સંપૂર્ણ ફિટ થઈને રમવા માટે સક્ષમ નથી. લગભગ ૧૦ દિવસમાં મારી ફિટનેસમાં ઘણો ફરક પડી જશે.

### ઓસ્ટ્રેલિયાએ અંતિમ ટી૨૦ જીતી લાજ બચાવી

સિડનીઃ ઓપનર મેથ્યૂ વેડની આક્રમક અડધી સદી બાદ મેન ઓફ ધ મેચ બનેલા સ્વેપસનની ત્રણ વિકેટની મદદથી ઓસ્ટ્રેલિયાએ અહીં રમાયેલી ત્રીજી અને અંતિમ ટી૨૦ મેચમાં ભારતને ૧૨ રનથી પરાજય આપી પોતાની લાજ બચાવી હતી. જોકે ભારતે ત્રણ મેચની શ્રેણીને ૨-૧થી જીતી લીધી હતી. ઓસ્ટ્રેલિયાએ પાંચ વિકેટે ૧૮૬ રનનો જંગી સ્કોર નોંધાવ્યો હતો. તેના જવાબમાં ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરનાર ભારતીય ટીમે સુકાની કોહલીએ આક્રમક ૮૫ રન બનાવ્યા હોવા છતાં ૨૦ ઓવરના અંતે સાત વિકેટે ૧૭૪ રન નોંધાવી શક્યું હતું. હાર્દિક પંડ્યાને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યો હતો. બંને ટીમો હવે ૧૭મી ડિસેમ્બરથી એડિલેડ ખાતે રમાનારી ડે-નાઇટ ટેસ્ટ સાથે ચાર મેચની શ્રેણીમાં રમશે.

### સ્લો ઓવર રેટના કારણે ભારતીય ટીમને ૨૦ ટકા મેચ ફીનો દંડ

સિડની । યજમાન ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી ત્રીજી અને અંતિમ ટી૨૦ મેચમાં સ્લો ઓવર રેટના કારણે ભારતીય ટીમને દંડ ફટકારવામાં આવ્યો છે. આઇસીસી મેચ રેફરી ડેવિડ બુને ભારતીય ટીમને મેચ ફીના ૨૦ ટકાની રકમનો દંડ કર્યો હતો.

## નેમારે ચોથી હેટ્રિક નોંધાવી, મબાપેએ રેકોર્ડ બ્રેક કર્યો



મેડ્રિડઃ મેચ ઓફિશિયલ્સ અને ટીમો વચ્ચે થયેલા વિવાદના કારણે મંગળવારે સ્થગિત થયેલો મુકાબલો બુધવારે રમાતા યુઇએફએ ચેમ્પિયન્સ લીગ ફૂટબોલના ગ્રૂપ-એચમાં પેરિસ સેન્ટ જર્મેને ઇસ્તંબુલની બાસાકસેહિરને ૫-૧ના સ્કોરથી પરાજય આપ્યો હતો. પીએસજીના બ્રાઝિલિયન ખેલાડી નેમારે હેટ્રિક નોંધાવી હતી અને તેના સાથી ખેલાડી કિલિયન મબાપેએ બે ગોલ નોંધાવ્યા હતા. આ સાથે લીગમાં અંતિમ-૧૬ ટીમો પણ નક્કી થઈ ગઈ હતી. મબાપેએ આ મેચમાં વધુ એક રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. તેણે ચેમ્પિયન્સ લીગમાં ૨૦ ગોલ નોંધાવનાર યંગેસ્ટ પ્લેયર બનવાની સિદ્ધિ મેળવી હતી. તેણે ૨૧ દિવસ અને ૩૫૫ દિવસમાં આ રેકોર્ડ નોંધાવ્યો હતો. આ પહેલાનો રેકોર્ડ બાર્સેલોનાના લાયોનલ મેસ્સીના નામે હતો.

# મોટેરા પર ફેબ્રુઆરીમાં બે ટેસ્ટ, ટી-૨૦ મેચો રમાશે

## વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ યજમાન બનવા સજ્જ : પાંચમી ફેબ્રુઆરીથી ઇંગ્લેન્ડનો ભારત પ્રવાસ શરૂ થશે

વિશ્વમાં સૌથી મોટા સ્ટેડિયમ મોટેરા ખાતે ઇન્ટરનેશનલ ક્રિકેટનો ટૂંકા ગાળામાં પ્રારંભ થવાનો છે. મોટેરા ખાતે આવેલા સરદાર વલ્લભભાઇ પટેલ ક્રિકેટ સ્ટેડિયમમાં આગામી વર્ષની શરૂઆતમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે બે ટેસ્ટ અને પાંચ ટી૨૦ ઇન્ટરનેશનલ મેચો રમાશે. આ માટે ગુજરાત ક્રિકેટ એસોસિયેશનની તૈયારીઓ પણ પુરજોશમાં શરૂ થઇ ચૂકી છે. બીસીસીઆઇના સેક્રેટરી જય શાહે આ બાબતને સમર્થન આપ્યું હતું. ગુરૂવારે જય શાહે ગુજરાત કોલેજના ગ્રાઉન્ડ ખાતે ગુજરાત ક્રિકેટ એસોસિયેશનની (જીસીએ) ઇનડોર એકેડેમીનું ઉદ્ઘાટન કર્યુ હતું. આ દરમિયાન જય શાહે જણાવ્યું હતું કે મોટેરા સ્ટેડિયમ ઇંગ્લેન્ડ સામેની ડે-નાઇટ ટેસ્ટનું સાક્ષી બનશે. એકેડેમીના ઉદ્ઘાટન સમયે જય શાહે બુધવારે ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનાર વિકેટકીપર બેટ્સમેન પાર્થિવ પટેલ સાથે બેટિંગનો આનંદ માણ્યો હતો.



### ભારત અને ઇંગ્લેન્ડની શ્રેણીનો કાર્યક્રમ

૪ ટેસ્ટ મેચની શ્રેણી

- પ્રથમ ટેસ્ટ પાંચમીથી નવમી ફેબ્રુઆરી, ચેન્નઇ
- બીજી ટેસ્ટ : ૧૩મીથી ૧૭મી ફેબ્રુઆરી, ચેન્નઇ
- ત્રીજી ટેસ્ટ : ૨૪મીથી ૨૮મી ફેબ્રુઆરી, અમદાવાદ (D/N)
- ચોથી ટેસ્ટ : ચોથીથી આઠમી માર્ચ, અમદાવાદ

૫ મેચની ટી૨૦ સિરીઝ

પ્રથમ ટી૨૦ । ૧૨મી માર્ચ, અમદાવાદ
બીજી ટી૨૦ । ૧૪મી માર્ચ, અમદાવાદ
ત્રીજી ટી૨૦ । ૧૬મી માર્ચ, અમદાવાદ
ચોથી ટી૨૦ । ૧૮મી માર્ચ, અમદાવાદ
પાંચમી ટી૨૦ । ૨૦મી માર્ચ, અમદાવાદ

૩ વન-ડે મેચની શ્રેણી

પ્રથમ વન-ડે । ૨૩મી માર્ચ, પૂના
બીજી વન-ડે । ૨૬મી માર્ચ, પૂના
ત્રીજી વન-ડે । ૨૮મી માર્ચ, પૂના

**ભારતના પ્રવાસમાં ઇંગ્લિશ ટીમ બે ટેસ્ટ ચેન્નઇમાં અને બે અમદાવાદના મોટેરામાં રમશે જેમાં એક ટેસ્ટ પિંક બોલ ડે-નાઇટ ટેસ્ટ રહેશે.**

# ખંભાતના અખાતમાં બનશે વિશ્વનો સૌથી લાંબો ડેમ ! સરવે પૂરો થયો

ગુજરાત રાજ્યની સ્થાપના પછીના ગુજરાત સરકારના સૌથી મોટા ડ્રીમ પ્રોજેક્ટ કલ્પસરમાં મોટાભાગના અભ્યાસો પૂર્ણ થઈ ગયા છે અને હવે રાજ્ય સરકાર કેન્દ્રીય અર્થ સાયન્સિસ મંત્રાલય હેઠળની નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઓશન ટેક્નોલોજી એનઆઈઓટીને ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ ડીપીઆર બનાવવાનું કામ સોંપી રહી છે, જે આવ્યા બાદ રાજ્ય સરકાર આ પ્રોજેક્ટમાં નક્કર કામગીરી શરૂ કરવાનો ઈરાદે ધરાવે છે. આ સૂચિત મહાકાય પ્રોજેક્ટ અંતર્ગત ખંભાતના અખાતમાં ભાવનગર અને



દહેજ વચ્ચે ૩૦ કિલોમીટરનો વિશ્વનો સૌથી લાંબો ડેમ બનશે. આ સમગ્ર યોજના પાછળ રૂ. ૯૨ હજાર કરોડથી વધુ ખર્ચ થવાનો અંદાજ છે.

રાજ્યના જળસંપત્તિ ક્ષેત્રના મુખ્યમંત્રીના સલાહકાર બાબુભાઈ નવલાવાલાના જણાવ્યા પ્રમાણે, 'કલ્પસર યોજનામાં કુલ ૩૩ અભ્યાસ અહેવાલો પૈકી ૨૮ પૂર્ણ થઈ ગયા છે અને બાકીના પાંચ પણ હવે પૂરા થવાને આરે છે, એટલે એનઆઈઓટીને ડીપીઆર માટે એપ્રોચ કરાયો છે, એની પાસેથી દરખાસ્ત આવ્યા બાદ ડીપીઆરનું કામ તેના દ્વારા શરૂ થશે અને એ રિપોર્ટ આવ્યા પછી પ્રોજેક્ટની કામગીરી શરૂ કરાશે.' અભ્યાસ રિપોર્ટ્સ તૈયાર કરવા પાછળ અત્યાર સુધી આશરે રૂ. ૧૫૦ કરોડ ખર્ચાયા હોવાનું કલ્પસર પ્રભાગ તરફથી જણાવાઈ રહ્યું છે.

# હિંમતનગર-શામળાજી હાઇવે પર કાર પિલ્લર સાથે અથડાતા ત્રણના મોત

સાબરકાંઠા : હિંમતનગર - શામળાજી હાઈવે પર ગંભોઇ પાસે બુધવારે રાતે ૧૦ વાગ્યાની આસપાસ ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જેમા સ્કોર્પિયો જીપ રોડની બાજુના પિલ્લર સાથે અથડાઇને પલટી ખાઇ જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ લોકોના મોત નીપજ્યા છે જ્યારે અન્ય ત્રણ લોકો ઘાયલ છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક હિંમતનગર સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ અકસ્માતની જાણ થતા ગાંભોઈ પોલીસ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. આ સાથે ત્રણ ઈજાગ્રસ્તોને ૧૦૮મા હિંમતનગર સિવિલમાં ખસેડયા હતા. જ્યારે ત્રણ મૃતકોની લાશ ગાંભોઈ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડી મૃતકોના પરિવારજનોને જાણ કરી હતી. મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, આ તમામ લોકો અમદાવાદના અમરાઈવાડીના રહીશો છે. આ કારના ડેશબોર્ડ પર પોલીસ લખેલી પ્લેટ પણ લગાડેલી હતી. મૃતકોના નામ કમલેશ ભૂસર, ધર્મેન્દ્ર વર્મા અને પપ્પુ મામા હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળી રહ્યું છે. આ અકસ્માતને પગલે થોડા સમય માટે ટ્રાફિકજામ થયો હતો. પરંતુ ક્રેઈનથી ગાડી ખસેડ્યા બાદ ટ્રાફિક સામાન્ય બન્યો હતો. મૃતકોના પરિવારજનોને જાણ થતા તે લોકોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

# માંડવી સુગર ફેક્ટરીમાં ભૂતિયા ખેડૂતોના નામે ૪૨ કરોડનું લોન કૌભાંડ

સુરત : માંડવી સુગર મીલના હોદ્દેદારો સામે CBI ફરિયાદ નોંધાઈ છે. જેમા તેમના પર ભૂતિયા ખેડૂતોના નામે ૪૨ કરોડની લોનનું કૌભાંડ ઝડપાયું છે. એસબીઆઈએ સુગર મીલના ૧૮ હોદ્દેદારો સામે ફરિયાદ નોંધી છે. માંડવી સુગર મીલમાં કરોડો રૂપિયાની લોન કૌભાંડમાં સીબીઆઈ મેદાનમાં આવી ગઇ છે. સ્થાનિક પોલીસની ફરિયાદ બાદ હવે સીબીઆઈ એ માંડવી સુગર મીલના ૧૮ હોદ્દેદારો સામે ફરિયાદ કરી છે. માંડવી સહકારી ખાંડ ઉદ્યોગ લીમીટેડના ચેરમેન બાબુ બાદન, વાઈસ ચેરમેન બાબુ ગામીત, એમ.ડી રવિન્દ્ર પટેલ સહિત ૧૮ હોદ્દેદારો સામે CBIએ દરોડા પાડી ગુનો નોંધ્યો છે. સુરતની યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની રિજનલ બ્રાન્ચની ફરિયાદના આધારે CBI તપાસ ચાલી રહી છે.

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાન્યુઆરી માસના અંતમાં જાહેર થશે

અમદાવાદઃ ગુજરાતમાં જાન્યુઆરીના અંતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર કરવામાં આવશે. રાજ્ય ચૂંટણી પંચની દરખાસ્તનો સ્વીકાર રાજ્ય સરકારે કર્યો છે. ચૂંટણીઓ નવી મતદાર યાદી મુજબ થશે. ૧૫મી જાન્યુઆરીની મતદાર યાદી આધારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી થશે. રાજ્યની ૬ મહાનગર પાલિકા અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને ભાવનગર તેમજ ૩૧ જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો અને નગરપાલિકાની ચૂંટણી ડિસેમ્બર મહિનામાં યોજાવવાની હતી. પરંતુ કોરોનાના કેસોમાં વધારો થતા સ્થાનિક સ્વારાજ્યની ચૂંટણી પાછળ ઠાલવવામાં આવી હતી. ત્યારે બુધવારે પત્રકાર પરિષદ દરમિયાન નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે જણાવ્યું કે, મહાનગરપાલિકામાં કમિશનર, જિલ્લા પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા પંચાયતમાં તાલુકા વિકાસ અધિકારી, જ્યારે નગરપાલિકામાં ચીફ ઓફિસર નવી ચૂંટણી ન યોજાય ત્યાં સુધી કેરટેકર તરીકે ફરજ બજાવશે. આ કેરટેકર માત્ર રોજિંદા કામગીરી જ કરશે. કોઈ નીતિ વિષયક નિર્ણય નહીં લઈ શકે. કાયદામાં અને બંધારણીય રીતે પણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે જોગવાઈ છે કે પાંચ વર્ષની મુદત પૂર્ણ થાય પછી તેમની મુદતમાં વધારો નથી કરી શકાતો. સાથે જ ચૂંટણી કરવી ફરજીયાત છે. જો કે કોરોનાની પરિસ્થિતિને કારણે આ નિર્ણય લેવાયો છે.

# સુરતમાં તાપી કિનારે કિચડમાં રમતા ચાર નેપાળી બાળકો ડૂબ્યા, ભાઈ-બહેનના મોત

સુરત : શહેરના પાર્લેપોઈન્ટ વિસ્તારના સરગમ શોપીંગ સેન્ટરની પાછળ સુંદરમ એપાર્ટમેન્ટના વોચમેનની રૂમમાં રહેતા અને ત્યાં જ વોચમેન તરીકે નોકરી કરતા પ્રેમસીંગ બીસી (થાપા) નો પુત્ર પ્રદીપ (ઉ.વ. ૮) અને પુત્રી સુનીતા (ઉ.વ.૧૦) ઉપરાંત દુરના સબંધી એવા પુરણસીંગ વિશ્વકર્માની પુત્રી નીરૂ (ઉ.વ. ૧૦) અને પુત્ર રાહુલ (ઉ.વ. ૭) બુધવારે તાપી નદીના કિનારે રમી રહ્યા હતા. નદીના પટમાં કીચડ હતું ત્યાં ચારેય નેપાળી બાળકો લસરપટી ખાઇ મજા માણી રહ્યા હતા. તે દરમિયાનમાં ભરતી આવતા પાણીનું સ્તર વધવા લાગ્યું હતું અને ચારેય બાળકો એક પછી એક પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ત્રણેક યુવાનોએ નદીમાં ભરતીના પાણીમાં ઝંપલાવી રાહુલ પુરણસીંગ વિશ્વકર્માને બચાવી લીધો હતો. જયારે અન્ય ત્રણ પાણીમાં ગરકાવ થઈ જતા તેમનો પત્તો લાગ્યો ન હતો.



# Cedarbrae Dental Center



Use it or Lose it! Don't Let Your Benefits **Expire!**

અમે તમારા સ્વાસ્થ્ય અને સુંદર સ્મીત માટે ગુણવત્તાસભર
સંપૂર્ણ દાંતની ચિકિત્સા અને સેવાઓ આપીએ છીએ

Dr. Ghazala & Associates

Female Dentist For All Your Dental Need

Emergencies Welcome, All insurances Accepted, Book your hygiene appointment and receive free teeth whitening (New patient only)

State of the art clinic with special infection control monitoring system - installed in only 50 clinics all over Canada.



**Hours of operation**

- Monday: 9:00am - 7:00pm
- Tuesday: 9:00am - 7:00pm
- Wednesday: 9:00am - 5:00pm
- Thursday: 9:00am - 7:00pm
- Friday: 9:00am - 5:00pm
- Saturday: 9:00am - 5:00pm
- Sunday: 9:00am - 5:00pm

Pls call to schedule you appointment today at 416-945-1000.

Free consultation for braces / invisilign, implant and wisdom teeth extractions.

Monthly special get free teeth whitening with cleaning (New patients only) expires 10/31st



## Dr. Ghazala Zaid, DMD

3630 Lawrence Ave East, Scarborough, ON M1G 1P6

416-945-1000, 416-945-2800

http://www.cedarbrae.dental Email : Cedarbraedentalcenter@gmail.com







# CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from **$0.89** per square feet only

Ceramic tiles starting from **$0.50** per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24'' * 24'' | 12'' * 24'' | 24'' * 48'' | 4'' * 8'' | 4'' * 12''

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com